
બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા
ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ
અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા *(માસિક)*

**એપ્રિલ-૨૦૨૩**

રમઝાનુલ મુબારક-શવ્વાલુલ્ મુઅઝ્ઝમ
હિજરી સન : ૧૪૪૪

વર્ષ : ૨૦, અંક : ૦૪, સળંગ અંક : ૨૩૧

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | 300/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)

## ● અનુક્રમણિકા ●

01 રમઝાનના આગમન પર રબનું આયોજન અને આપણી ગફલતો 04
02 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન 07
03 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) 10
04 હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) 12
05 તઝકેરતુલ અવલિયા હઝરત હારિષ મુહાસબી رحمۃ اللہ علیہ 15
06 હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃ اللہ علیہ 17
07 કાનૂને શરીઅત (ભાગ : ૨) 20
08 અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ 23
09 મેહફિલે નઅત કે જાહિલ નઅતખ્વાંની ડાન્સ પાર્ટી ?! 28
10 ઈત્તિબાએ નઝીર એટલે હુઝૂર ﷺના જેવા પેદા થવું.. 29
11 જૂઠી રિવાયતો વિશે જાણો 33
12 બાતિલ ફિર્કાવાળાઓના ગલત તર્જુમા અને કન્ઝુલ ઈમાન 37
13 ઝકાત સંબંધી અગત્યની પ્રશ્નોત્તરી 40
14 ઈસ્લામના મુજદ્દિદો વિશે વર્ણન પ્રથમ સદીના મુજદ્દિદ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ 45
15 બરકાતે ખ્વાજાની ટપાલ 50

## અપને દરપે જો બુલાઓ તો.....

*અઝ : હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરી رحمۃ اللہ علیہ*

અપને દરપે જો બુલાઓ તો બહોત અચ્છા હો
મેરી બિગળી જો બનાઓ તો બહોત અચ્છા હો
કૈદે શયતાંસે છુળાઓ તો બહોત અચ્છા હો
મુઝકો અપના જો બનાઓ તો બહોત અચ્છા હો
ગર્દિશે દૌરને પામાલ કિયા મુઝકો હુઝૂર !
અપને કદમોંમેં સુલાઓ તો બહોત અચ્છા હો
યૂં તો કહલાતા હું બંદા મૈં તુમ્હારા લેકિન
અપના કહ કે જો બુલાઓ તો બહોત અચ્છા હો
ગમે પયહમસે યહ બસ્તી મેરી વિરાં હૂઈ
દિલમેં અબ ખૂદકો બસાઓ તો બહોત અચ્છા હો
કૈફ ઈસ બાદએ ગુલઝારસે મિલતા હી નહીં
અપની આંખોંસે પિલાઓ તો બહોત અચ્છા હો
તુમ તો મુર્દો કો જિલા દેતે હો મેરે આકા !
મેરે દિલ કો ભી જિલાઓ તો બહોત અચ્છા હો
જિસને શર્મિંદા કિયા મહરો માહો અન્જુમકો
એક ઝલક ફિર વો દિખાઓ તો બહોત અચ્છા હો
રો ચૂકા યૂં તો મૈં ઔરોં કે લિયે ખૂબ મગર
અપની ઉલ્ફતમેં રુલાઓ તો બહોત અચ્છા હો
યૂં ન 'અખ્તર' કો ફિરાઓ મેરે મૌલા દર દર
અપની ચૌખટ પે બિઠાઓ તો બહોત અચ્છા હો

# રમઝાનના આગમન પર રબનું આયોજન
## અને આપણી ગફલતો

તંત્રી લેખ

રમઝાન મુબારકનો મહીનો અતિશય રહમતો, બરકતો, મગફિરતો, બશારતોની વર્ષા કરતો આવી ચૂક્યો છે. મો'મિન બંદાનું દિલ આ મુબારક મહીનાના આગમન પર ખુશીઓથી ખીલી ઉઠે છે, જ્યારે મુનાફિક્ને અકળામણ થાય છે કે હવે ક્યારે આ મહીનો પૂર્ણ થશે ?! (અલ્લાહની પનાહ !) આવો ! પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આ મુબારક મહીનાના આગમન પર રબ તઆલા કેવી કેવી વ્યવસ્થાઓ કરે છે તેને વાંચો સમજો અને રબ તઆલાની નજીક આ મહીનાનું કેટલુ મહત્વ છે તેને સમજો. અને ખુશીની વાત એ છે કે આ બધી ગોઠવણો તથા આયોજનો રબ તઆલા કેવળ અને કેવળ તેના મોમિન બંદાઓ માટે જ કરે છે, ઈમાનવાળા બંદાઓ માટે જ કરે છે તો પછી આપણે વિચારીએ કે તે રબ થઈને આપણા માટે આટલી બધી વ્યવસ્થા કરે છે, અનેક બશારતો આપે છે, છતાં જો આપણે બંદા થઈને તેની આ બધી રહમતો બરકતોનું સ્વાગત ન કરીએ તો પછી આપણાથી વધુ કમબખ્ત કોણ હોઈ શકે છે ?!

www.barkatekhwaja.net

### ★ રમઝાનમાં રહમતો, બરકતો, મગફિરતોની જાણે ભરતી થઈ રહી છે ! ★

સહીહ બુખારી તથા સહીહ મુસ્લિમમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે, ''હુઝૂરે અક્દસ ﷺ ફર્માવે છે કે જ્યારે રમઝાન આવે છે તો આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે, એક રિવાયતમાં છે કે જન્નતના રહમતના દરવાજા ખોલી દેવામાં આવે છે અને જહન્નમના દરવાજા બંધ કરી દેવામાં આવે છે. અને શયતાનને ઝંજીરો (સાંકળો)માં જકડી દેવામાં આવે છે.'' અને ઈમામ અહમદ, તિર્મિઝી તથા ઈબ્ને માજહની રિવાયતમાં છે કે, ''જ્યારે માહે રમઝાનની પહેલી રાત થાય છે તો શયતાનો અને સરકશ (નાફર્માન) જિન કેદ કરી લેવામાં આવે છે, અને જહન્નમના દરવાજા બંધ કરી દેવામાં આવે છે તો તેમનામાંથી કોઈ દરવાજો ખોલવામાં નથી આવતો. અને જન્નતના દરવાજા ખોલી દેવામાં આવે છે તો તે પૈકી કોઈ દરવાજો બંધ કરવામાં આવતો નથી. અને મુનાદી પુકારે છે, હે ખૈર તલબ કરનારાઓ ! ધ્યાનિત થાવ અને શર (દુષ્ટતા) ચાહનારાઓ રોકાઈ જાવ અને કેટલાક લોકો જહન્નમથી આઝાદ થાય છે અને આવું દરેક રાતમાં થાય છે.''

સુબ્હાનલ્લાહ ! આ અલ્લાહના રસૂલ ﷺના ફર્માનને ધ્યાનપૂર્વક દિલના કાનો વડે સાંભળો અને ખુશીથી ઝુમી ઉઠો, કેમ કે આપણે સરાપા ગુનેહગાર છીએ અને આપણો રબ કેટલો મહેરબાન છે કે આપણા ગુનાહોથી ખફા થઈને સજા આપવાના બદલે આપણા પર કેવી રહમત વરસાવી રહ્યો છે ! અલ્લાહની રહમત બહાનુ તલાશ કરે છે અને આપણે છીએ કે ગમે તેવો મુબારક દિવસ આવે અને જાય તથા આવો મુબારક મહીનો આવે અને જાય પણ આપણી જિંદગીમાં કોઈ બદલાવ નથી આવતો ! રમઝાન મુબારકમાં નેકીઓ કમાવાને બદલે આગળ તમે વાંચશો કે **નફલનો સવાબ ફર્ઝ જેટલો** અને **એક ફર્ઝનો સવાબ સિત્તેર ફર્ઝ બરાબર** આ મહીનામાં રબ આપશે, છતાં **આપણે દુનિયવી મોજમજા, રંગીનીઓના જમેલાઓમાં ક્યાંક રાત્રી ક્રિકેટ ટુર્નામેન્ટમાં તો ક્યાંક કેરમની કુકડીઓ પાછળ તો ક્યાંક મોબાઈલની ગેમો કે**

**ક્રિકેટ મેચો કે નાજાઈઝ દશ્યો બેધડક જોવામાં ગુમ થઈ જઈએ છીએ, તો આપણે કયા મોઢે પોતાને મુસલમાન કહીએ છીએ અને કયા મોઢે પોતાને આશિકે રસૂલ, આશિકે ખ્વાજા, આશિકે ગૌષ કહીએ છીએ !** શું રમઝાનની કદર સહાબા, અવલિયા તથા ઉલમા આપણી જેમ કરતા હતા ?! કદાપિ નહીં ! રમઝાનમાં તેઓ નેકીઓ લૂટવામાં મશગૂલ થઈ જતા અને આપણે રમઝાનમાં પણ ગુનાહો છોડવા તૈયાર નથી થતા તો પછી આપણો અંજામ શું થશે ?! વિચારો !

## ★ બખ્શિશ તથા જહન્નમથી આઝાદીની અણમોલ તક ! ★

બયહકી શોઅબુલ ઈમાનમાં સલમાન ફારસી رضی اللہ عنہથી રાવી, કહે છે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ શાબાનના અંતિમ દિવસમાં વાઅઝ ફર્માવ્યું : "હે લોકો તમારી પાસે અઝમતવાળો બરકતવાળો મહીનો આવ્યો, તે મહીનો જેમાં **એક રાત હજાર મહીનાઓ કરતાં બહેતર છે.** તેના રોઝા અલ્લાહ તઆલાએ ફર્ઝ કર્યા અને તેની રાતમાં કયામ (નમાઝ પઢવું) સુન્નત છે, જે માણસ તેમાં નેકીનું કોઈ કામ કરે તો એવો છે જેવું બીજા કોઈ મહીનામાં ફર્ઝ અદા કર્યું અને તેમાં જેણે ફર્ઝ અદા કર્યું તો એવું છે જાણે બીજા દિવસોમાં (૭૦) સિત્તેર ફર્ઝ અદા કર્યા. આ મહીનો સબ્રનો મહીનો છે અને સબ્રનો સવાબ જન્નત છે. અને આ મહીનો ગમખ્વારી તથા ભલાઈનો છે અને આ મહીનામાં મો'મિનનું રિઝ્ક (રોજી) વધારવામાં આવે છે, જે તેમાં રોઝાદારોને ઈફતાર કરાવે તેના ગુનાહો માટે મગફેરત છે અને તેની ગર્દન આગથી આઝાદ કરી દેવામાં આવશે. અને ઈફતાર કરાવનારને એવો જ સવાબ મળશે જેવો રોઝો રાખનારને મળશે અને તેના અજરમાં કાંઈ કમી થશે નહીં. અમોએ અર્ઝ કરી : યા રસૂલલ્લાહ ! અમારામાંનો દરેક માણસ તે વસ્તુ પામતો નથી જેનાથી રોઝો ઈફતાર કરાવે. હુઝૂરે ફર્માવ્યું : અલ્લાહ તઆલા આ સવાબ તે માણસને આપશે જે એક ઘુંટ દૂધ અથવા એક ખજૂર અથવા એક ઘુંટ પાણીથી રોઝો ઈફતાર કરાવે, અને જેણે રોઝાદારને પેટ ભરીને ખાણું ખવડાવ્યું તેને અલ્લાહ તઆલા મારા હોજમાંથી પીવડાવશે કે ક્યારેય તરસ્યો થશે નહીં ત્યાં સુધી કે જન્નતમાં દાખલ થઈ જાય. આ તે મહીનો છે કે તેનું અવ્વલ રહમત છે, તેનું મધ્ય મગફેરત છે અને તેનું પાછલું જહન્નમથી આઝાદી છે. જે માણસ પોતાના ગુલામ પર આ મહીનામાં તખફીફ કરે અર્થાત કામમાં કમી કરે (તેનાથી ઓછું કામ લે) અલ્લાહ તઆલા તેને બખ્શી દેશે અને જહન્નમથી આઝાદ કરી દેશે."

પ્યારા દીની ભાઈઓ બહેનો ! આપણે આશિકે રસૂલ હોવાના દાવેદાર છીએ, તો આપણે ઈશ્કની કસોટીમાં સાચા ત્યારે જ ઠરીશું કે અલ્લાહના પ્યારા રસૂલ صلی اللہ علیہ وسلمના ઉપરોક્ત ફર્માનને ગળે લગાડીએ, તેની બશારતોને દિલમાં બેસાડીને ગુનાહોથી, ખેલકૂદથી, મોબાઈલ પર ગુનાહો વહોરવાથી, મનોરંજનના કામોથી દૂર થઈને રબની ઈબાદતમાં લાગી જઈએ. કેવળ ઈશ્કનો દાવો કરવાથી કોઈ જ લાભ થતો નથી, ખરો ઈશ્ક તે છે કે મહબૂબની વાતો પર અમલ કરીએ.

## ★ જ્યારે નફ્લ રોઝાની આ ફઝીલત છે તો ફર્ઝના બદલાનો કોણ અંદાઝો કરી શકે ?! ★

અબૂ યઅલા તથા બયહકી સલમહ બિન કૈસ અને અહમદ તથા બઝ્ઝાર અબૂ હુરૈરહ رضی اللہ عنہماથી રાવી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે : "જેણે અલ્લાહ عزوجلની રઝા માટે એક દિવસનો રોઝો રાખ્યો, અલ્લાહ તઆલા તેને જહન્નમથી એટલો દૂર કરી દેશે જેવો કાગડો જે જ્યારે બચ્ચું હતો તે સમયથી ઉડતો રહ્યો ત્યાં સુધી કે ઘરડો થઈને મર્યો."



www.barkatekhwaja.net

અન્ય એક હદીષમાં છે : અબૂ યઅલા તથા તિબ્રાની અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રાવી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જો કોઈએ એક દિવસ નફ્લ રોઝો રાખ્યો અને ઝમીનભર તેને સોનું આપવામા આવે તો પણ તેનો સવાબ પૂરો થશે નહીં, તેનો સવાબ તો ક્યામતના દિવસે જ મળશે.

બીજી હદીષમાં છે : બુખારી, મુસ્લિમ, તિર્મિઝી તથા નિસાઈ અબૂ સઈદ رضی اللہ عنہથી રાવી. હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે બંદો અલ્લાહની રાહમાં એક દિવસ રોઝો રાખે અલ્લાહ તઆલા તેના મુખને દોઝખથી (૭૦) વર્ષના રસ્તે દૂર કરી દેશે અને તેના જેવી જ નિસાઈ, તિર્મિઝી તથા ઈબ્ને માજા અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરે છે અને તિબ્રાની અબૂ દરદા અને તિર્મિઝી અબૂ ઓમામા رضی اللہ عنہથી રિવાયત કરે છે, ફર્માવ્યું કે તેના અને જહન્નમના દરમિયાન અલ્લાહ તઆલા એટલી ખાઈ કરી દેશે જેટલું આકાશ તથા ધરતી વચ્ચે અંતર છે અને તિબ્રાનીની રિવાયત અમ્ર બિન અબસહ رضی اللہ عنہથી છે કે દોઝખ તેનાથી ૧૦૦ વર્ષની રાહ દૂર હશે. અને અબૂ લયલાની રિવાયત મઆઝ બિન અનસ رضی اللہ عنہ થી છે કે ગેર રમઝાનમાં અલ્લાહની રાહમાં રોઝો રાખ્યો તેજ ઘોડાની રફતારથી (૧૦૦) સો વર્ષના અંતરે જહન્નમથી દૂર થશે.

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! જ્યારે નફ્લ રોઝાની આ ફઝીલત છે તો ફર્ઝની ફઝીલતનો અંદાઝો કોણ કરી શકે છે. આજે આપણે મામૂલી મામૂલી કારણો દર્શાવીને રોઝા ત્યજી દઈએ છીએ, તો સમજદાર તથા બુધ્ધિવાન તે જ કહેવાશે જે આ ફઝીલતોને લક્ષમાં લઈને કોઈ હાલતમાં પણ રોઝાને ત્યજે નહીં અને તેના દિવસ રાતોમાં નમાઝ, દુરૂદ, ઝિક્ર, તિલાવત તથા ઈસ્તિગફારમાં ગુજારી પોતાની દુનિયા તથા આખેરતને સંવારવાના કામમાં લાગેલો રહે.

### ★ મક્કામાં રમઝાન ગુજારવાનો સવાબ એક લાખ રમઝાન બરાબર ! ★

ઈબ્ને માજહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم ફર્માવે છે, જે માણસે મક્કામાં માહે રમઝાન પામ્યો અને રોઝો રાખ્યો અને રાતમાં જેટલો સમય ઉપલબ્ધ થયો કિયામ કર્યો તો અલ્લાહ તઆલા તેના માટે બીજી જગ્યાના **એક લાખ રમઝાનનો સવાબ લખશે** અને દરેક દિવસે એક ગુલામ આઝાદ કરવાનો સવાબ અને દરેક રાતે એક ગુલામ આઝાદ કરવાનો સવાબ અને દરરોજ જેહાદમાં ઘોડા ઉપર સવાર કરી દેવાનો સવાબ અને દરેક દિવસમાં નેકી અને દરેક રાતમાં નેકી લખશે.

સહીહ બુખારીમાં હદીષ છે, હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : બેશક ! રમઝાન શરીફમાં ઉમરો કરવો મારી સાથે હજ કરવા સમાન છે.

અલ્લાહ તૌફીક્ આપે તો પોતાની દોલતને ઝકાત, સદક્ાનાં નેક કામો પાછળ, ગરીબોની મદદ પાછળ પણ ખર્ચે અને શક્ય હોય તો રમઝાન શરીફ મક્કા શરીફ ઉમરા માટે જાય તથા શક્ય તેટલા દિવસો મદીના શરીફમાં પસાર કરવાની કોશિશ કરે. **કેમ કે મદીના શરીફની એક નેકી પચાસ હજાર બરાબર છે તો રમઝાનની બરકતોની સાથોસાથ નબી પાક صلی اللہ علیہ وسلمની કુર્બતમાં નેકીની રહમતોની વર્ષાથી** સરશાર થવું એ નેકબખ્તને જ મયસ્સર થઈ શકે છે. રબ તઆલા આપણને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના ફર્માનો પર ઈમાનની સાથે અમલ કરવાની તૌફીક્ બખ્શે. (આમીન)



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.

وَ اَطِیْعُوا اللّٰهَ وَ اَطِیْعُوا الرَّسُوْلَ وَ احْذَرُوْا ۚ فَاِنْ تَوَلَّیْتُمْ
فَاعْلَمُوْۤا اَنَّمَا عَلٰى رَسُوْلِنَا الْبَلٰغُ الْمُبِیْنُ ﴿٩٢﴾ لَیْسَ عَلَى الَّذِیْنَ
اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ جُنَاحٌ فِیْمَا طَعِمُوْۤا اِذَا مَا اتَّقَوْا وَّ
اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ ثُمَّ اتَّقَوْا وَّ اٰمَنُوْا ثُمَّ اتَّقَوْا وَّ
اَحْسَنُوْا ؕ وَ اللّٰهُ یُحِبُّ الْمُحْسِنِیْنَ ﴿٩٣﴾ یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْا
لَیَبْلُوَنَّكُمُ اللّٰهُ بِشَیْءٍ مِّنَ الصَّیْدِ تَنَالُهٗۤ اَیْدِیْكُمْ وَ
رِمَاحُكُمْ لِیَعْلَمَ اللّٰهُ مَنْ یَّخَافُهٗ بِالْغَیْبِ ۚ فَمَنِ اعْتَدٰى بَعْدَ
ذٰلِكَ فَلَهٗ عَذَابٌ اَلِیْمٌ ﴿٩٤﴾ یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْا لَا تَقْتُلُوا
الصَّیْدَ وَ اَنْتُمْ حُرُمٌ ؕ وَ مَنْ قَتَلَهٗ مِنْكُمْ مُّتَعَمِّدًا فَجَزَآءٌ
مِّثْلُ مَا قَتَلَ مِنَ النَّعَمِ یَحْكُمُ بِهٖ ذَوَا عَدْلٍ مِّنْكُمْ هَدْیًۢا
بٰلِغَ الْكَعْبَةِ اَوْ كَفَّارَةٌ طَعَامُ مَسٰكِیْنَ اَوْ عَدْلُ ذٰلِكَ صِیَامًا
لِّیَذُوْقَ وَبَالَ اَمْرِهٖ ؕ عَفَا اللّٰهُ عَمَّا سَلَفَ ؕ وَ مَنْ عَادَ فَیَنْتَقِمُ اللّٰهُ
مِنْهُ ؕ وَ اللّٰهُ عَزِیْزٌ ذُو انْتِقَامٍ ﴿٩٥﴾ اُحِلَّ لَكُمْ صَیْدُ الْبَحْرِ وَ
طَعَامُهٗ مَتَاعًا لَّكُمْ وَ لِلسَّیَّارَةِ ۚ وَ حُرِّمَ عَلَیْكُمْ صَیْدُ الْبَرِّ مَا
دُمْتُمْ حُرُمًا ؕ وَ اتَّقُوا اللّٰهَ الَّذِیْۤ اِلَیْهِ تُحْشَرُوْنَ ﴿٩٦﴾ جَعَلَ اللّٰهُ
الْكَعْبَةَ الْبَیْتَ الْحَرَامَ قِیٰمًا لِّلنَّاسِ وَ الشَّهْرَ الْحَرَامَ وَ
الْهَدْیَ وَ الْقَلَآىِٕدَ ؕ ذٰلِكَ لِتَعْلَمُوْۤا اَنَّ اللّٰهَ یَعْلَمُ مَا فِی السَّمٰوٰتِ
وَ مَا فِی الْاَرْضِ وَ اَنَّ اللّٰهَ بِكُلِّ شَیْءٍ عَلِیْمٌ ﴿٩٧﴾

## સૂરએ માઈદાની તફસીર

અને અલ્લાહનો હુકમ માનો, અને રસૂલનો હુકમ માનો, અને ખબરદાર રહો. પછી જો તમે ફરી જાઓ,[૧૭] તો જાણી લો કે અમારા રસૂલની જવાબદારી તો માત્ર સ્પષ્ટ રીતે પહોંચાડી દેવું છે[૧૮] (૯૨) જેઓ ઈમાન લાવ્યા અને સારા કામો કર્યા તેમના પર કંઈ ગુન્હો નથી,[૧૯] જે કંઈ તેમણે ચાખ્યું, જ્યારે કે ડરે અને ઈમાન ધરાવે, અને નેકીઓ કરે, ફરી ડરે અને ઈમાન ધરાવે, ફરી ડરે, અને નેક રહે, અને અલ્લાહ નેક લોકોને પ્રિય રાખે છે[૨૦] (૯૩) હે ઈમાનવાળાઓ ! તમને અલ્લાહ જરૂર અજમાવશે, અમુક એવા શિકાર દ્વારા જેના સુધી તમારા હાથ અને ભાલાઓ પહોંચે.[૨૧] કે (જેથી) અલ્લાહ ઓળખાવી દે તેમને જેઓ તેનાથી વગર દેખ્યે ડરે છે. ફરી એના પછી જે હદથી વધ્યા[૨૨] તેમના માટે દુઃખદાયક શિક્ષા છે (૯૪) હે ઈમાનવાળાઓ ! શિકાર ન મારો જ્યારે તમે એહરામમાં હોવ,[૨૩] અને તમારામાં જે તે (શિકાર)ને જાણી જોઈને મારે,[૨૪] તો તેનો બદલો એ છે કે તેવું જ જાનવર જાનવરોમાંથી (કુરબાન કરી) આપે,[૨૫] એનો હુકમ કરે તમારામાંના બે વિશ્વાસપાત્ર માણસો,[૨૬] આ કુરબાની કા'બાની લગતી[૨૭] (જગ્યાએ) હોય

*અથવા અમુક મિસ્કીનોને જમણ (આપી કફફારો) આપે[28] અથવા એની જેટલા રોઝા, કે જેથી પોતાના કાર્યનું માઠુ ફળ ચાખે. અલ્લાહે માફ કર્યું જે થઈ ચૂક્યુ[29] અને જે હવે કરશે. અલ્લાહ તેનાથી બદલો લેશે. અને અલ્લાહ ચઢ ીયાતો બદલો લેનાર (છે) (૯૫) હલાલ છે. તમારા માટે દરિયાનો શિકાર અને તે ખાવું તમારા અને મુસાફરોના ફાયદા માટે. અને તમારા પર હરામ છે જમીનનો શિકાર,[30] જ્યાં સુધી તમે એહરામમાં હોવ. અને અલ્લાહથી ડરો જેના તરફ તમારે ઉઠવાનું છે (૯૬) અલ્લાહે અદબવાળા ઘર કા'બાને બનાવ્યું લોકોના કિયામ (ઉતરીને રહેવા)નું કારણ બનાવ્યું,[31] અને ઈજ્જતવાળા મહીના,[32] અને હરમની કુરબાની, અને ગળામાં નિશાની લટકાવેલા જાનવરો (પણ)[33] આ એટલા માટે કે તમે શ્રદ્ધા કરો કે જે કંઈ આકાશોમાં અને જે કંઈ ધરતીમાં છે તેને અલ્લાહ જાણે છે. અને એ કે અલ્લાહ સર્વ કંઈ જાણે છે (૯૭)*

### :: સમજૂતી ::

**૧૭ :** અલ્લાહ અને રસૂલની ફર્માબરદારીથી.

**૧૮ :** આ વઈદ અને ધમકાવવું છે કે જ્યારે રસૂલ ﷺએ અલ્લાહનો હુકમ સ્પષ્ટપણે પહોંચાડી દીધો, તો પછી એમનો જે ફર્ઝ હતો તે પૂરો થયો, હવે જે મોઢું ફેરવે તે અઝાબને લાયક છે.

**૧૯. શાને નુઝૂલ :** આ આયત તે સહાબા વિશે ઉતરી જે દારૂ હરામ થતાં પહેલાં મરણ પામ્યા, દારૂના હરામ થવાનો હુકમ આવ્યા પછી સહાબાને પેલા સહાબા વિશે ચિંતા થઈ કે તેઓની એ બાબત પકડ થશે કે નહીં થાય ? તેમના માટે આ આયત ઉતરી, અને બતાવવામાં આવ્યું કે હરામ થતાં પહેલાં જે નેક ઈમાનદાર લોકોએ કંઈ ખાધું પીધું તેનો ગુન્હો નથી.

**૨૦ :** 'ઈત્તકૂ'નો શબ્દ કે જેનો અર્થ ડરવા અને બચવાનો છે તે આ આયતમાં ત્રણ વાર વપરાયો છે. પહેલામાં શિર્કથી બચવાનો, બીજામાં દારૂ અને જુગારથી બચવાનો, અને ત્રીજામાં તમામ હરામ ઠરાવાએલી વસ્તુઓથી બચવાનો અર્થ છે. અમુક તફસીરકારોનું કથન છે કે પહેલામાં શિર્ક ત્યાગવાનો, બીજામાં નાફર્માની અને હરામ વસ્તુઓ ત્યજવાનો ને ત્રીજામાં શંકા કુશંકા છોડવાનો અર્થ છે. અમુકનું કહેવું છે કે પહેલામાં અને હરામ વસ્તુઓ ત્યજવાનો, બીજામાં એના પર અટલ થઈ જવાનો, અને ત્રીજામાં વહી ઉતરાણના સમયે અથવા ત્યાર પછી જે વસ્તુઓની મનાઈ થાય તેને ત્યાગવાનો અર્થ છે. *(મદારિક, ખાઝિન, જુમલ વગેરે)*

**૨૧ :** હિજરી સન ૬ માં જેમાં હુદેબિયહનો બનાવ બન્યો, તે વરસે મુસલમાનો એહરામ પહેરેલ હતા એવી પરિસ્થિતિમાં તેઓ એવી અજમાઈશમાં નાખવામાં આવ્યા કે જાનવરો અને પક્ષીઓ એટલી મોટી સંખ્યામાં આવ્યા કે તેમની સવારીઓ પર છવાઈ ગયા, હાથથી પકડી લેવું કે હથિયારથી મારવું સાવ હાથમાં હતું. ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત ઉતરી અને એ કસોટીમાં અલ્લાહની કૃપાથી તેઓ અજ્ઞાંકિત પુરવાર થયા, અને અલ્લાહનો હુકમ માથે ચઢાવવા બાબત અટલ રહ્યા. *(ખાઝિન, વગેરે)*

**૨૨ :** અને અજમાઈશ પછી નાફર્માની કરે.

**૨૩ :** એહરામવાળા પર શિકાર એટલે કે જમીનના કોઈ પણ જંગલી જાનવરને મારવું હરામ છે.

**મસ્અલો :** શિકાર માટે જાનવર તરફ ઈશારો કરવો અથવા કોઈ પણ રીતે નિર્દેશ કરવો, પણ શિકારમાં સામેલ અને મના છે.

**મસ્અલો** : એહરામની હાલતમાં દરેક વહેશી (જંગલી) જાનવરનો શિકાર પ્રબંધિત છે. તે હલાલ હોય કે ન હોય.

**મસ્અલો** : કરડનાર, કૂતરૂ, કાગડો, વીંછી, સમડી, ઉંદર, વાઘ, વરૂ અને સાપ એ જાનવરોને આપવામાં આવી છે.

**મસ્અલો** : મચ્છર, કીડી, ચાંચડ અને માખી તેમજ જીવ જંતુઓ અને ઘાતકી પ્રાણીઓને મારવું માફ છે. *(તફસીરે અહમદી વગેરે)*

**૨૪** : એહરામની હાલતમાં જે જાનવરોને મારવું મના છે તે દરેક રૂએ મના છે, જાણીજોઈને હોય કે ભૂલથી. જાણીબૂઝીને મારવાની મનાઈ તો આ આયતથી જણાઈ, અને ભૂલથી મારવાની મનાઈ હદીષથી સાબિત છે. *(મદારિક)*

**૨૫** : તેવું જ જાનવર આપવાનો અર્થ એ છે કે કિંમતમાં મારેલા જાનવર જેટલું હોય. હઝરત ઈમામ અબૂ હનીફા અને હઝરત ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہનું એ જ કહેવું છે, અને ઈમામ શાફઈ અને ઈમામ મુહમ્મદ અનુસાર પ્રકૃતિ અને આકૃતિમાં મારેલા જાનવર જેવું હોવાનો અર્થ છે. *(મદારિક અહમદી વગેરે)*

**૨૬** : એટલે કે કિંમતનો અંદાજો કાઢે, અને કિંમત જે જગ્યાએ જાનવર મરાયું હશે ત્યાંની અથવા આજુબાજુની જગ્યાઓની ગણવામાં આવશે.

**૨૭** : અર્થાત કફફારાના જાનવરને મક્કા શરીફની હરમની બહાર ઝબહ કરવું ઠીક નથી. મક્કા શરીફમાં હોવું જોઈએ. અને ખાસ કા'બાની અંદર પણ જાઈઝ નથી. એટલા માટે જ કા'બાને લગતું કહેવામાં આવ્યું, કા'બાની અંદર ન કહ્યું. અને જો કફફારો જમણ આપીને અથવા રોઝાથી અદા કરવામાં આવે તો જાઈઝ છે. *(તફસીરે અહમદી વગેરે)*

**૨૮** : એ પણ જાઈઝ છે કે શિકારની કિંમતનું અનાજ ખરીદીને મિસ્કીનોને એ પ્રમાણે વહેંચે કે દરેક મિસ્કીનને ફિતરાના પ્રમાણ જેટલું મળી રહે. અને એ પણ જાઈઝ છે કે એટલી કિંમતમાં જેટલા મિસ્કીનોના આવા ભાગ પડતા હતા તેટલા રોઝા રાખે.

**૨૯** : એટલે કે આ હુકમ પહેલાં જે શિકાર માર્યા.

**૩૦** : આ આયતમાં એ મસઅલો બયાન કરવામાં આવ્યો કે એહરામવાળાઓ માટે દરિયાનો શિકાર હલાલ છે, અને જમીનનો હરામ. દરિયાનો શિકાર તે છે જેનો જન્મ દરિયામાં થતો હોય, અને જમીનનો તે જેની પેદાઈશ જમીન પર હોય.

**૩૧** : કે ત્યાં દીન અને દુનિયાના કામોની વ્યવસ્થા થાય છે, ડરવાળો ત્યાં આશરો લે છે, કમજોર લોકોને ત્યાં શાંતિ મળે છે, વેપારીઓ ત્યાં નફો કરે છે, હજ અને ઉમરાહ કરનારા ત્યાં જઈને અરકાન અદા કરે છે.

**૩૨** : એટલે કે ઝિલહજને જેમાં હજ કરવામાં આવે છે.

**૩૩** : કે તેમાં સવાબ વધારે છે. આ બધી બાબતોને તમારા હિતોના સ્થાપનનું કારણ બનાવ્યું.

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# દર્સે હદીષે પાક એટલે

# મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની رحمۃ اللہ علیہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺ એ નમાઝથી ફારિગ થયા જેમાં જોરથી કિ઼રાઅત કરવામાં આવે છે. તો ફર્માવ્યું, તમારામાંથી કોઈએ મારી સાથે હમણા કિ઼રાઅત કરી ? એક શખ્સે કહ્યું, હા ! યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવ્યું, ત્યારે જ તો ! હું વિચારતો હતો કે મને શું થયું કે હું કુર્આનમાં ઝઘડો કર્યે જઈ રહ્યો છું.[૨] ફર્માવે છે કે પછી લોકો હુઝૂર ﷺની સાથે એ નમાઝોમાં કિ઼રાઅત કરવાથી દૂર રહ્યા, જેમાં મોટા અવાજે કિ઼રાઅત કરવામાં આવે છે, જ્યારે હુઝૂર ﷺનું આ ફર્માન સાંભળ્યું.[૩] (માલિક, અહમદ અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ) ઈબ્ને માજહએ એના જેમ રિવાયત કરી.[૪]"*

**૧.** જાણવા મળ્યું કે આખી સહાબાની જમાઅતમાં કેવળ આ સાહબે હુઝૂરની પાછળ અલ્હમ્દ પઢી, બાકી કોઈએ ન પઢી. તેમણે પણ અજાણતામાં પઢી.

**૨.** એટલે કે તમારા પઢવાની મારા પર એ અસર પઢી કે મને કુર્આનમાં લુક્મા લાગવા લાગ્યા. એની તેહકી઼ક઼ અમે હમણા કરી ચૂક્યા કે મુક઼તદીની કિ઼રાઅતની ઈમામ પર અસર પડે છે. એનાથી એ લાઝિમ નથી થતુ કે તેમણે જોરથી કિ઼રાઅત કરી હોય, નહીં તો હુઝૂર પૂછત નહીં કે શું તમે કિ઼રાઅત કરી છે ?

**૩.** એટલે કે આ ફર્માન પછી સહાબાએ હુઝૂર ﷺની પાછળ જહરી નમાઝોમાં તિલાવત બિલકુલ છોડી આપી, ન અલ્હમ્દ પઢી ન અન્ય સૂરત. યાદ રાખશો કે નસ્ખનો (મન્સૂખ થવાનો) ક્રમ એ છે કે પ્રથમ મુસલમાનો નમાઝમાં વાતો પણ કરતા હતા અને ઈમામની પાછળ ફાતિહા પણ પઢતા હતા. જ્યારે આ આયત ઉતરી : وَقُوْمُوْا لِلّٰهِ قٰنِتِيْنَ "અને ઉભા રહો અલ્લાહની હુઝૂર અદબથી." (૨/૨૩૮, કન્ઝુલ ઈમાન) તો નમાઝમાં વાતચીત બંધ થઈ ગઈ. પછી આ હદીષથી જહરી નમાઝોમાં ઈમામની પાછળ અલ્હમ્દ પઢવું બંધ થઈ ગયું. પછી આ આયત ઉતરી : وَاِذَا قُرِئَ الْقُرْاٰنُ فَاسْتَمِعُوْا لَهٗ (૭/૨૦૪) ત્યારે ઈમામની પાછળ કિ઼રાઅત તદ્દન બંધ થઈ ગઈ. તેમજ હુઝૂર ﷺએ ફર્માવ્યું કે ઈમામની કિ઼રાઅત એ મુક઼તદીની કિ઼રાઅત છે. નસ્ખનો આ ક્રમ તફસીરે ખાઝિન વગેરેમાં જુઓ. અમુક લોકો કહે છે કે وَاِذَا قُرِئَ الْقُرْاٰنُમાં કુર્આનથી મુરાદ ખુત્બો છે, અને આયતમાં ખુત્બાના સમયે ખામોશીનો હુકમ આપવામાં આવ્યો છે. પણ એ ગલત છે, કેમ કે આ આયતના નુઝૂલના સમયે જુમ્આ ફર્ઝ જ થયો ન હતો. એની સંપૂર્ણ તેહકી઼ક઼ અમારી કિતાબ જાઅલ હક઼ ભાગ–૨માં જુઓ.

**૪.** તેમજ આ હદીષ ઈમામ માલિક તથા શાફઈએ પણ રિવાયત કરી. તિર્મિઝીએ કહ્યું, આ હદીષ હસન છે. ઈબ્ને માજહએ ફર્માવ્યું કે સહીહ છે. બયહકી઼ તથા હમીદીએ એને ઝઈફ કહી. (મિર્કા઼ત) એટલે આ હદીષ વિવિધ અસ્નાદોથી મુહદ્દિષોને મળી. અમુકને સહીહ અસ્નાદથી, અમુકને હસનથી, અમુકને ઝઈફથી. દરેકે પોતાના અસ્નાદના પ્રમાણે એને હસન કે સહીહ વગેરે કહી.

*"રિવાયત છે હઝરત ઈબ્ને ઉમર તથા બયાઝીથી. તે બંનેવ કહે છે[1] કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે નમાઝી પોતાના રબથી મુનાજાત (દુઆ) કરે છે તો જોઈએ કે વિચારણા કરે કે તેનાથી શું મુનાજાત કરે છે.[2] અને અમુક પર કુર્આન જોરથી ન પઢે.[3]" (અહમદ)*

**૧.** આપનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને જાબિર અન્સારી ખઝરમી બયાઝી છે. ક઼બીલા બયાઝિયહ ઈબ્ને આમિર ઈબ્ને ઝરીક઼ની પ્રતિ સંબંધિત છે. સહીહ એ જ છે કે આપ સહાબી છે.

**૨.** એટલે કે નમાઝ મો'મિનની મેઅરાજ છે અને નમાઝની હાલતમાં મો'મિન રબથી કલામ કરે છે. તો જે કુર્આનની તિલાવત કરે અથવા અન્ય ઝિક્રો કરે તેમાં વિચારણા કરે. દિલ લગાડીને નમાઝ પઢે કે નમાઝની ક઼બૂલિયત દિલ લાગવા પર છે.

**૩.** એટલે કે **અમુક મુસલમાનો મળીને મોટા અવાજે કુર્આન ન પઢે. ક્યાં તો એક માણસ ઊંચી તિલાવત કરે અને બાકીના સાંભળે અથવા સૌ આહિસ્તા પઢે. યાદ રાખશો કે બાળકોની સાથે મળીને ઊંચી અવાજે કુર્આને પાક યાદ કરવું આ હુકમથી બહાર છે કે ત્યાં કુર્આનની તિલાવત નથી બલ્કે કુર્આનની તાલીમ છે.** એ પણ યાદ રાખશો કે ભલે અમુક ઈમામોએ મુકતદીઓને અલ્હમ્દ પઢવાનો હુકમ આપ્યો પરંતુ તેને જોરથી પઢવાની કોઈએ ઈજાઝત નથી આપી, આ જ હદીષના કારણે. તેમજ સૌના મોટા અવાજે પઢવામાં કુર્આને કરીમની બેઅદબી છે.

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ઈમામ એટલા માટે નિયુક્ત કરવામાં આવ્યો કે તેની પયરવી કરવામાં આવે.[1] તો જ્યારે તકબીર કહે તો તમે પણ તકબીર કહો અને જ્યારે તિલાવત કરે તો તમે ખામોશ રહો.[2]" (અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ)*

**૧.** એટલે કે મુકતદી પર નમાઝના અમલોમાં ઈમામની પયરવી વાજિબ છે, ન કે અક઼વાલ (કથનો)માં. જેથી ઈમામ જે કામ કરી રહ્યો હોય તે મુક઼તદીએ પણ કરવું વાજિબ છે, ત્યાં સુધી કે હનફી મુક઼તદી શાફઈ ઈમામની પાછળ નમાઝ પઢે, અને ઈમામ રુકૂઅ બાદ કુનૂતે નાઝિલા પઢે તો હનફી મુકતદી પર એ વખતે ઉભા રહેવું વાજિબ છે, ભલે કુનૂત ન પઢે. એનો માખઝ આ જ હદીષ છે. અહીં અક઼વાલની પયરવી કોઈની નજીક મુરાદ નથી.

**૨.** એટલે કે ઈમામની પાછળ કુર્આન બિલ્કુલ ન પઢો, ન ફાતિહા ન અન્ય સૂરત. ભલે ઈમામ આહિસ્તા તિલાવત કરી રહ્યો હોય કે જોરથી, ચાહે તમારા સુધી એનો અવાજ પહોંચી રહ્યો હોય કે ન પહોંચતો હોય. આ અબૂ હુરૈરહની હદીષ મુસ્લિમમાં પણ છે. જેમ કે પહેલા વિભાગમાં વર્ણન થઈ ચૂક્યું. એનું સમર્થન કુર્આન કરીમની આ આયતથી પણ થાય છે : وَاِذَا قُرِئَ الْقُرْاٰنُ فَاسْتَمِعُوْا لَهٗ وَاَنْصِتُوْا (૭/૨૦૪) એના પર જમહૂર (બહુમતિ) સહાબાનો અમલ છે કે તેઓ ઈમામની પાછળ કુર્આન બિલકુલ પઢતા ન હતા. આ હદીષ ઈમામે આ'ઝમ અબૂ હનીફાની ક઼વી દલીલ છે. આ જ હદીષના આધારે ઈમામ માલિક તથા ઈમામ અહમદ જહરી નમાઝોમાં મુકતદીઓને ખામોશ રહેવાનો હુકમ આપતા. અમુક હનફી લોકો ફર્માવે છે કે મુક઼તદી ઈમામના સુકૂતોમાં (ધીમી અવાજવાળી નમાઝમાં) અલ્હમ્દની આયતો પઢે. અમુકની નજીક ઈમામ અલ્હમ્દ પઢીને ખામોશ રહે પછી મુક઼તદી પઢે, ત્યાં સુધી કે ઈમામ શાફઈનો પણ એક ક઼ૌલ છે કે જહરી નમાઝમાં મુક઼તદી ખામોશ રહે. એનાથી જાણવા મળ્યું કે આ હદીષ કેટલી મહત્વની છે અને ઈમામે આ'ઝમનો મઝહબ કેટલો મજબૂત છે. એની પૂરી ચર્ચા અમારી કિતાબ જાઅલ હક્ક઼ ભાગ–૨ માં જુઓ.

www.barkatekhwaja.net

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન કાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

## મન્કૂબત દર શાને ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ

**વાહ ક્યા મર્તબા અય ગૌષ હૈ બાલા તેરા**
**ઊંચે ઊંચોં કે સરોં સે કદમ આ'લા તેરા**

**અર્થાત :** (ગૌષ = રૂહાની દુનિયાનો ઊંચો મકામ જેનો અર્થ મદદ કરનાર છે અને શૈખ અબ્દુલ કાદિર જીલાનીનો લકબ) અય ગૌષે પાક ! رحمۃ اللہ علیہ આપના મર્તબાનું કહેવું જ શું ? આપનો મર્તબો ઘણો ઊંચો અને બુલંદ છે કે આપના કદમ (પગ) મુબારક ઊંચા ઊંચા લોકોના માથાથી પણ ઊંચા છે. આ શેઅરમાં ગૌષે પાક رحمۃ اللہ علیہના ફર્માનની તરફ ઈશારો છે કે આપ બગદાદની જામે મસ્જિદના મિમ્બર પર ઈર્શાદ ફર્માવ્યું, "મારો કદમ દરેક વલીની ગરદન પર છે."

**સર ભલા ક્યા કોઈ જાને કે હૈ કૈસા તેરા**
**અવલિયા મલતે હૈં આખેં વો હૈ તલવા તેરા**

**અર્થાત :** અય અવલિયાના સરદાર ! આપના સર મુબારકની ઉચ્ચતાને કોઈ સમજી શક્તુ નથી કે ખુદા પાકે શું મકામ આપ્યો છે ?! કારણ કે આપના કદમ મુબારક એટલા ઊંચા મર્તબાવાળા છે કે વલીઓ આપના તળીયાને આંખોથી લગાડી બરકતો હાંસલ કરે છે, અને આપના કદમનો મર્તબો ઊંચો કેમ ન હોય કે ખુદ મુહમ્મદ મુસ્તફા ﷺએ તેને ઊંચો મકામ આપ્યો.

રિવાયતોમાં છે કે મેઅરાજની રાત્રે જ્યારે સરકાર ﷺ બુરાક પર સવાર થઈ રહ્યા હતા ત્યારે ગૌષ પાકની રૂહ હાજર થઈ. હુઝૂર ﷺ ગૌષ પાક رضی اللہ عنہના ખભા પર કદમ મુબારક મૂકી બુરાક પર સવાર થયા. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "અય અબ્દુલકાદિર ! મારા કદમ તારી ગરદન પર છે અને તારા કદમ તમામ વલીઓની ગરદન પર હશે."

*–(તફરીહુલ ખાતિર, ફતવાએ રઝવિય્યા વગેરે)*

**ક્યા દબે જિસપે હિમાયતકા હો પંજા તેરા**
**શેર કો ખતરે મેં લાતા નહીં કુત્તા તેરા**

**અર્થાત :** અય ગૌષ પાક ! رحمۃ اللہ علیہ જેના માથા પર આપની હિમાયત, તરફદારીનો હાથ હોય, જેને આપનુ પીઠબળ નસીબ હોય તે દુશ્મનોથી શું કામ ડરે અને ગભરાય ?! જ્યારે આપની બારગાહનો કૂતરો પણ વાઘ, સિંહની પરવા નથી કરતો ! ગૌષે પાક رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

www.barkatekhwaja.net

મારા મુરીદ (ગુલામ) ડર નહીં ! અલ્લાહ મારો રબ છે તેણે મને ઊંચો મર્તબો અતા કર્યો છે અને હું મારી ઉમ્મીદોએ પહોંચ્યો છું.

કયામતના દિવસ સુધી મારા દોસ્તો, પ્રેમીઓ, અને મુરીદોમાંથી કોઈ ઠોકર ખાશે તો હું તેનો હાથ પકડી લઈશ.

*–(કલાઈદુલ જવાહિર)*

મને ખુદાની ઈજ્જત તથા જલાલની કસમ ! કે મારો હાથ મારા મુરીદો પર એવો છે જેવી રીતે જમીન પર આકાશનો સાયો છે, જો મારો મુરીદ ઊંચા મર્તબાવાળો નથી તો શું થયું, હું તો ઊંચા મર્તબાવાળો છું. (સુબ્હાનલ્લાહ !)

મારો મુરીદ પૂર્વમાં બેપર્દા થાય અને હું પશ્ચિમમાં હોઉં તો પણ હું તેની પર્દાપોશી કરું છું.

*–(બેહજતુલ અસ્રાર, પેજ–૯૯)*

**તૂ હુસૈની હસની ક્યૂં ન મુહિયુદ્દીન હો**
**અય ખિઝર ! મજમએ બહરૈન હૈ ચશ્મા તેરા**

જેનું પેઢીનામુ (વંશ) ઈમામ હુસૈન رضی اللہ عنہ સુધી પહોંચે તેને હુસૈની અને ઈમામ હસન સુધી પહોંચે તો તેને હસની કહેવામાં આવે છે. ગૌષે પાક رحمۃ اللہ علیہનું નસબ વાલિદ સાહબ (બાપ) તરફથી ઈમામ હસન સુધી અને મા તરફથી ઈમામ હુસૈન સુધી પહોંચે છે એટલે કે આપ હસની હુસૈની સૈયદ છે. આ'લા હઝરત ફર્માવે છે, "અય ગૌષ પાક ! رحمۃ اللہ علیہ આપ હુસૈની અને હસની, મુહિયુદ્દીન (દીનને જીવન આપનાર) અય ખિઝર ! (ગુમરાહને રસ્તો દેખાડનાર) આપનો ખાનદાન બે સમંદરનો સંગમ છે."

**કસ્મેં દે દે કે ખિલાતા હૈ પિલાતા હૈ તુઝે**
**પ્યારા અલ્લાહ તેરા ચાહનેવાલા તેરા**

**અર્થાત :** અય મહબૂબે સમદાની ! આપને ચાહનાર ખુદા આપથી એટલી મહોબ્બત કરે છે કે આપને કસમો આપીને ખવડાવે પીવડાવે છે. આ શેઅરમાં ગૌષે પાક رحمۃ اللہ علیہના કૌલ તરફ ઈશારો છે કે અલ્લાહ તઆલાએ ગૌષે પાક رحمۃ اللہ علیہને ફર્માવ્યું, અય અબ્દુલકાદિર ! કસમ છે મારા તે હક્કની જે તારી ઉપર છે તું ખા અને પી !

**મુસ્તફા કે તને બે સાયા કા સાયા દેખા**
**જિસને દેખા મેરી જાન જલ્વએ ઝૈબા દેખા**

**અર્થાત :** અય રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلمના લાડલા ! આપને જેણે જોયા તેણે મુસ્તફા صلی اللہ علیہ وسلمના સાયા વગરના બદન મુબારકનો સાયો જોયો અને મુસ્તફા صلی اللہ علیہ وسلمના જલ્વાને આપના મુબારક ચેહરાના દીદારમાં જોયો, કારણ કે આપ હુઝૂર صلی اللہ علیہ وسلمની સૂરત અને સીરતનો આયનો છે.

**ઈબ્ને ઝહરા કો મુબારક હો ઉરૂસે કુદરત**
**કાદરી પાએં તસદુક મેરે દુલ્હા તેરા**

**અર્થાત :** અય ફાતેમા ઝહરા رضی اللہ عنہاના બેટા ! ખુદાએ તાકાત, કુદરત અને ઈખ્તિયારનો સેહરો આપના માથા પર સજાવી દુલ્હા બનાવ્યા છે એ માટે આપને મુબારકબાદી ! કાદરી આપના ગુલામો આપની બારગાહથી ખૈરાત હાંસલ કરે છે અને આપના સદકાથી ફયૂઝયાબ થાય છે.

**ક્યૂં ન ક઼ાસિમ હો કે તૂ ઈબ્ને અબિલ્ ક઼ાસિમ**
**ક્યૂં ન ક઼ાદિર હો કે મુખ્તાર હૈ બાબા તેરા**

**અર્થાત :** ક઼ાસિમનો અર્થ વહેંચણી કરનાર છે. હુઝૂર ﷺના એક સાહબઝાદાનું નામ ક઼ાસિમ છે જેમની તરફ નિસ્બત કરીને અબુલ ક઼ાસિમ (ક઼ાસિમના બાપ) હુઝૂર ﷺની કુન્નિયત છે. મતલબ થયો કે અય વલીઓના સરદાર ! ગૌષ પાક رحمۃ اللہ علیہ આપ વિલાયત અને ફયૂઝાનના ક઼ાસિમ (વહેંચનાર) છો કારણ કે આપ તે અબુલ ક઼ાસિમ મુહમ્મદ મુસ્તફા ﷺના બેટા છો જે દુનિયાને નેઅમતો વહેંચે છે. હદીષમાં છે : હુઝૂર ﷺ ફર્માવે છે, અલ્લાહ મને આપે છે અને હું વહેંચણી કરું છું. અને આપ કુદરત તાક઼તવાળા કેમ ન હોય છે ?! કે આપના બાબા (બાપ) જેમની આપ ઔલાદ છો તે જનાબ મુહમ્મદ મુસ્તફા ﷺ મુખ્તિયાર (ઈખ્તિયાર, તાક઼તવાળા) છે.

**નબ્વી મેહ, અલ્વી ફસ્લ, બતૂલી ગુલશન**
**હસની ફૂલ, હુસૈની હૈ મહેકના તેરા**

**અર્થાત :** કોઈ પણ બાગને સુગંધિત થવા માટે પાણી, ઋતુ, જમીન, ફૂલ અને મહેક હોવી જરૂરી છે. ગૌષે પાક رحمۃ اللہ علیہ જેમનાથી વિલાયતનો બાગ સુગંધિત છે તેમના વિષે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, અય ગૌષ પાક ! رحمۃ اللہ علیہ આપ પર નબવી વરસાદ એટલે કે આક઼ાની રહમતો વરસે છે અને મૌલાએ કાએનાત હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની મહેરબાનીઓનો મોસમ આપની સાથે છે. આપ ફાતેમા ઝહ્‌રા બતૂલના બાગના હસની ફૂલ છો અને આપની જે મહેર સુગંધ છે તે હુસૈની છે. સારાંશ આપ પંજતન પાકના વારિષ છો.

**નબવી ઝિલ, અલ્વી બુર્જ, બતૂલી મંઝિલ**
**હસની ચાંદ, હુસૈની હૈ ઉજાલા તેરા**

**અર્થાત :** બુર્જ આકાશી દુનિયામાં તે જગ્યા છે જેમાં ચાંદ, સૂરજ તારા વગેરે રહે છે અને જે રસ્તા પર ચાંદ ચાલે છે તેને મંઝિલ કહેવાય છે અને જ્યારે સૂરજનો પ્રકાશિત સાયો ચાંદ પર પડે છે ત્યારે ચાંદ ચમકે છે. મતલબ એ છે કે ગૌષ પાક رحمۃ اللہ علیہ એવા વિલાયતના ચાંદ છે જેની રોશની આખી દુનિયામાં ફેલાય છે. તેમની ઉપર હુઝૂર પુરનૂર ﷺનો નૂરાની સાયો છે, અને આપનો બુર્જ તે અલી છે જે સર્વ વલીઓના સરદાર છે અને આપ જે રસ્તાથી દુનિયામાં તશરીફ લાવ્યા છે તે ફાતેમા બતૂલનો નસબ છે અને આપની વિલાયતનો ચાંદ હસની અને તેનો પ્રકાશ હુસૈની છે.

**નબવી ખૂર, અલ્વી કોહ, બતૂલી મઅદન**
**હસની લઅલ, હુસૈની હૈ તજલ્લા તેરા**

*(ખૂર એ ખુર્શિદનું ટૂંકુ સ્વરૂપ છે જેનો અર્થ છે સૂરજ. કોહ એટલે પહાડ.*
*મઅદન = મઅદિન ખાણને કહે છે. લઅલ = કિંમતી લાલ પથ્થર, હિરાના માયનામાં પણ વપરાય છે. )*

**અર્થાત :** મતલબ કે અય ગૌષે પાક ! رحمۃ اللہ علیہ આપ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم જેવા પહાડ અને ફાતેમા બતૂલની જેવી મઅદનના હસની હિરા કિંમતી જવાહિર છો અને તેનો પ્રકાશ હુસૈની છે અને જેનાથી આ ગૌષિય્યતનો હિરો ચમકે છે તે આફતાબે રિસાલત ﷺનું નૂર છો. ઉપરોક્ત ત્રણેય શેઅરોમાં હુઝૂર ગૌષ رحمۃ اللہ علیہના ઉચ્ચ ખાનદાન, ઈલ્મ અને શરાફતનું વર્ણન કરવામાં આવ્યું છે. (ક્રમશઃ)



www.barkatekhwaja.net

# તઝકેરતુલ અવલિયા

## હઝરત હારિષ મુહાસબી رحمۃ اللہ علیہ

## હાલાત તથા ખૂબીઓ

### હપ્તો ૪૮

**ઓળખ :** આપ જાહેરી તથા બાતિની ઈલ્મોથી સજજ ધજજ હતા અને અખ્લાક઼ તથા મુરવ્વતનો માદ્દો કૂટી કૂટીને આપનામાં ભરેલો હતો. અને આપની ઘણી કિતાબો મૌજૂદ છે અને હઝરત હસન બસરી رحمۃ اللہ علیہના સમકાલિન છે. બગદાદમાં વિસાલ થયો અને ત્યાં જ મઝાર મુબારક છે. શયખ અબૂ અબ્દુલ્લાહ ખફીફ رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા કે તરીક઼તના મશાઈખોમાં પાંચ હઝરાત સૌથી અધિક પયરવીના લાયક છે : **પ્રથમ** હારિષ મુહાસબી, **બીજા** હઝરત જુનેદ બગદાદી, **ત્રીજા** હઝરત રવીમ, **ચોથા** હઝરત ઈબ્ને અતા, **પાંચ**મા હઝરત અમ્ર ઈબ્ને ઉષ્માન મક્કી. પરંતુ લેખક જણાવે છે કે નઊઝુ બિલ્લાહ ! એનો એ અર્થ કદાપિ નથી કે અન્ય મશાઈખો પયરવીને લાયક નથી ! બલ્કે ખુદ હઝરત અબ્દુલ્લાહ ખફીફ પણ વર્ણવેલ પાંચ બુઝુર્ગોથી મર્તબાઓમાં કાંઈ ઉતરતા ન હતા, પરંતુ ઈન્કેસારી (આજીજી)ના કારણે પોતાનું નામ ન લીધું.

**આપના હાલાત :** આપને વારસામાં ત્રીસ હજાર દિરહમ મળ્યા હતા, પરંતુ તેમને આપે બયતુલ માલમાં દાખલ કરતાં ફર્માવ્યું કે હુઝૂરે અકરમ ﷺનો ઈર્શાદે ગિરામી છે કે ક઼દરિયા મસ્લકના લોકો મારી ઉમ્મતના મજૂસી છે અને મુસલમાનોએ તેમનો વારસો ન લેવો જોઈએ. અને કેમ કે મારા પિતા ક઼દરિયા મસ્લક ધરાવતા હતા, એટલા માટે મુસલમાનની હૈસિયતથી એમનો વારસો હું નથી લઈ શક્તો.

જ્યારે પણ આપ કોઈ શંકાસ્પદ ખાણા તરફ હાથ લંબાવતા તો આંગળીઓ સુન મારી જતી હતી જેના કારણે આપને ખાણુ શંકાસ્પદ હોવાની જાણ જતી હતી, જેમ કે આપ એકવાર ભૂખની હાલતમાં જુનેદ બગદાદી رحمۃ اللہ علیہના ત્યાં પહોંચી ગયા અને ત્યાં સંજોગો વસાત કોઈ શાદીમાંથી ખાણુ આવ્યું હતું. જેથી તે ખાણુ જયારે હારિષ મુહાબસીની સામે રજૂ કરવામાં આવ્યું તો હાથ આગળ કરતાં જ આંગળીઓ સુન મારી ગઈ, પણ તવાઝોઅ રૂપે આપે એક કોળિયો મોઢામાં રાખી જ લીધો. અને જ્યારે તે ગળા નીચે ન ઉતર્યો તો બહાર જઈને ઓકી કાઢયો અને ત્યાંથી જ વિદાય થઈ ગયા. પછી કેટલાક અરસા બાદ હઝરત જુનેદ رحمۃ اللہ علیہ સાથે મુલાકાત થઈ અને તેમણે પાછલો બનાવ પૂછયો તો આપે ફર્માવ્યું કે, મારા પર એ ખુદાનો કરમ છે કે જ્યારે મારી સામે શંકાસ્પદ ખાણુ આવે છે તો હાથ લંબાવતાં જ આંગળીઓ સુન મારી જાય છે, જેમ કે તે દિવસે પણ એવું જ થયું. પરંતુ દિલ ન તૂટે એના સબબે મેં એક કોળિયો મોમાં રાખી લીધો પણ તે ગળા નીચે ન ઉતરી શક્યો, અને મારે બહાર જઈને ઓકી કાઢવો પડયો. જેથી આપ બતાવો કે એ ખાણુ ક્યાંથી આવ્યું હતું. હઝરત જુનેદે કહ્યું, પડોશીને ત્યાંથી શાદી પ્રસંગે આવ્યું હતું. પછી હઝરત જુનેદ رحمۃ اللہ علیہએ આગ્રહ કર્યો કે આજે મારી સાથે ચાલો. પછી આપને ઘરે લઈ જઈને જવનો સૂકો રોટલો આપની સામે રાખી દીધો. અને આપે પેટ ભરીને ખાઈને કહ્યું કે ફક઼ીરોની આગતા સ્વાગતા આ રીતે કરવામાં આવે છે.

**આપના ઈર્શાદો :** આપ ફર્માવ્યા કરતા હતા કે શરૂમાં જ્યારે કોઈને નમાઝ પઢવા પર ફખ્ર કરતાં જોતો તો શંકા થતી કે ન જાણે તેની નમાઝ ક઼બૂલ પણ થઈ કે નહીં ! પરંતુ હવે યક઼ીનની સાથે કહી શકુ છું કે એવા માણસની નમાઝ કદાપિ ક઼બૂલ નથી થતી. આપને મુહાસબીનો ખિતાબ (લક઼બ) એટલા માટે

❑ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* ❑ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

www.barkatekhwaja.net

આપવામાં આવ્યો છે કે આપ હિસાબમાં ખૂબ જ વિશિષ્ટ હતા. પછી આપે ફર્માવ્યું કે આ'લા મર્તબાઓની પ્રાપ્તિના માટે અમુક ખાસિયતોની જરૂરત છે, અને તે આ મુજબ છે : કદી કસમ ન ખાય, કદાપિ જૂઠથી કામ ન લે, વાયદો કર્યા બાદ તેને પૂરો કરે, કદી જાલિમ પર પણ લઅનત ન મોકલે, કોઈનાથી બદલો ન લે, કોઈના માટે બદ્દુઆ ન કરે, કોઈના કુફ તથા નિફાક પર ગવાહ ન બને, ગુનાહથી દૂર રહે કે જાહેરી તથા બાતિની કોઈ રીતે પણ ગુનાહનો ઈરાદો ન કરે, કોઈના પર બોજરૂપ ન બને, અને અન્યોનો બોજ દૂર કરવામાં મદદ કરે. લાલચને ખત્મ કરીને લોકોથી નાઉમ્મીદ રહે, સૌને પોતાના કરતાં બેહતર સમજીને કોઈ હોદ્દા કે સ્થાનનો ખ્વાહિશમંદ ન રહે. અને જો કોઈ આ સર્વ ચીજો પર અમલ કરતો થઈ જાય તો ઈન્શા અલ્લાહ ! તેના માટે લાભદાયી સાબિત થશે. ફર્માવ્યું કે કુર્બે ઈલાહીની મંઝિલમાં દિલ ઈલ્મનું રક્ષક બની જાય છે.

પછી ફર્માવ્યું કે અહકામે ઈલાહીને પાળવાનું નામ સબ્ર છે. મુસીબતો પર શાકિર રહેવું અને તેને અલ્લાહ તરફથી હોવાનું સમજવાનું નામ તસ્લીમ (સ્વીકૃતિ) છે. ખુદાના દુશ્મનોથી સંબંધ કટ કરવાનું નામ હયા છે. દુનિયાને ત્યજવાનું નામ હુબ્બે ઈલાહી (રબથી મહોબ્બત) છે. મુહાસિબ (પૂછતાછ)ના ડરથી ગુનાહ ન કરવાનું નામ ખૌફ છે. મખ્લૂકથી દૂર થવાનું નામ ખાલિકથી લગાવ છે. અને મખ્લૂકના બુરા સમજવા પર પણ ખુશી પ્રદર્શિત કરે તેને સાદિક કહેવામાં આવે છે. ફર્માવ્યું કે ક્યાં તો ખુદાનો બન અથવા ખુદી ત્યજી દે. ફર્માવ્યું કે રિયાઝતના ઝરીયે નફ્સને પાકીઝા બનાવવાથી સીધો માર્ગ મળી જાય છે. અને જે શખ્સ દુનિયામાં જ જન્નતોની નેઅમતોનો તલબગાર હોય તેણે સાલેહ (નેક) તથા કાનેઅ (કનાઅતવાળા, જે મળે તેમાં રાજી રહેનારા) લોકોની સોહબત અપનાવવી જોઈએ. ફર્માવ્યું કે, આરિફો રઝાની ખાઈમાં ઉતરીને બહરે સફામાં (પાકીઝા દરિયામાં) ડૂબકી મારીને વફાનાં મોતી હાંસલ કરી લે છે, અને પછી હિજાબે ખફામાં વાસિલે ઈલલ્લાહ થઈ જાય છે. ફર્માવ્યું કે શફકત તથા વફાની પ્રાપ્તિ બાદ તેના ફાયદાઓ હાંસલ કરી લે છે અને હું મેહરૂમ છું.

આપ કોઈ કિતાબ લખી રહ્યા હતા એવામાં કોઈ દુરવેશે અર્ઝ કરી કે મઅરેફતે ઈલાહીનો હક્ક બંદા પર છે કે બંદાનો હક્ક અલ્લાહ પર ? જો મઅરેફતે ઈલાહી બંદો ખુદ પ્રાપ્ત કરે છે તો એ રીતે બંદાનો હક્ક ખુદા પર સાબિત થશે, અને બંદાનો હક્ક ખુદા પર સાબિત કરવો હરામ છે. અને જો બંદાની મઅરેફત પર અલ્લાહનો હક્ક છે તો એ પણ સહીહ નથી, કેમ કે એવી સ્થિતિમાં અલ્લાહના હક્કનો હક્ક અદા કરવો જોઈએ. આ મન્તકી તકરીરનો ભાવાર્થ સમજીને આપે કિતાબ લખવાનું બંધ કરી આપ્યું. તેના ઉપરાંત એ ખયાલ પણ પેદા થયો કે જ્યારે મઅરેફત અલ્લાહનો જ હક્ક છે તો પછી મઅરેફતના પ્રકરણમાં કોઈ કિતાબ લખવી બેકાર છે અને અલ્લાહ તઆલાનો પણ એ જ કૌલ છે :–

إِنَّكَ لَا تَهْدِي مَنْ أَحْبَبْتَ وَلَٰكِنَّ اللَّهَ يَهْدِي مَن يَشَاءُ

"બેશક ! એ નથી કે તમે જેને પોતાની તરફથી ચાહો હિદાયત કરી દો. હાં ! અલ્લાહ હિદાયત ફર્માવે છે જેને ચાહે." *(સૂરએ કસસ, ૨૮/૫૬)* એટલે કે હે નબી ! આપ આપના કોઈ મહેબૂબ શખ્સને હિદાયત નથી કરી શકતા, બલ્કે અલ્લાહ તઆલા જેને ચાહે છે હિદાયત આપે છે. પછી બીજો ખયાલ આપને એ પણ પેદા થયો કે અલ્લાહની મઅરેફતનો હક્ક બંદા પર જ છે, એટલા માટે કે તેણે જ બંદાને મઅરેફતની તૌફીક આપી, જેથી બંદાએ એનો હક્ક અદા કરવો જોઈએ. આ ખયાલની સાથે જ આપે ફરીથી બીજીવાર પોતાનું લેખન કાર્ય શરૂ કરી આપ્યું.

**વફાત** : ઈન્તેકાલના સમયે આપની પાસે એક દિરહમ પણ ન હતો, જ્યારે કે ઘણી બધી જમીન અને જાયદાદ આપને વારસારૂપે મળી હતી, પરંતુ જેવું કે અમે ઉપર વર્ણવ્યું કે શરીઅતની પયરવીના કારણે સર્વ વારસો બયતુલ માલમાં જમા કરીને પોતે એક જબ્બો પણ ન લીધો અને ફક્રો ફાકાના આલમમાં જ આપ દુનિયાથી વિદાય થઈ ગયા. إِنَّا لِلَّٰهِ وَإِنَّا إِلَيْهِ رَاجِعُونَ

# અસ્રારુલ અવલિયા

## હશ્ત બહિશ્ત

### મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

## સુલ્તાનુલ્ અવલિયા પીરો મુર્શિદની નજરમાં

હઝરત મૌલાના નિઝામુદ્દીન બદાયૂનીની તરફ ધ્યાનિત થઈને ફર્માવ્યું, મારી પાસે અગણિત દુરવેશો આવ્યા પરંતુ ઘણા ઓછા એ કાયદા તથા ક઼રાર પર અડગ રહ્યા છે. પણ મૌલાના નિઝામુદ્દીન તે મુરીદ છે જે બયઅતના સમયથી એ મિઝાજ તથા ઈરાદતની સાથે પોતાના ઉસૂલથી વિરુદ્ધ જવા નથી પામ્યા. અને જ્યાં સુધી જીવંત રહેશે મારી મહોબ્બતમાં એ રજમાત્ર પણ ઓછુ થવા નહીં દે. બલ્કે દરરોજ તેમાં વધારો કરશે. જ્યારે હઝરત શૈખુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ આ પ્રેમભર્યા શબ્દો કહ્યા તો મૌલાના નિઝામુદ્દીન ક઼દમોમાં પડી ગયા. હઝરતે તે જ વખતે ખાસ ખિર્કો તથા કાળો કંબલ અતા કર્યો. અને આ ઈર્શાદ ફર્માવ્યો કે મારા મુરીદોમાં મૌલાના નિઝામુદ્દીનની શખ્સિયત આલમગીર છે અને તેના મુરીદોનો ક્રમ ક઼યામત થતા સુધી કટ થશે નહીં. સર્વ જહાનને તાબે કરશે.

હઝરતે આ મુબારક શબ્દો કહ્યા અને મજલિસ બરખાસ્ત કરી. ઘરમાં તશરીફ લઈ ગયા અને અમે ખાદિમો પણ પરત આવી ગયા. મૌલાના નિઝામુદ્દીન પણ જમાઅતખાનામાં રહ્યા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰی ذٰلِكَ

(વિભાગ-૧૬)

## સલામ તથા મુસાફો સુન્નતે રસૂલ છે

જ્યારે ક઼દમ ચૂમવાની દૌલત નસીબ થઈ તો મજલિસે અક઼દસમાં મૌલાના નિઝામુદ્દીન બદાયૂની, મૌલાના યહયા ગરીબ, શયખ બુરહાનુદ્દીન હાંસવી, શયખ બદરુદ્દીન ગઝનવી અને અન્ય હઝરાત અહલે સુલૂક ખિદમતમાં હાજર હતા. હઝરત અક઼દસ (બખ્તિયાર કાકીએ) ઈર્શાદ ફર્માવ્યો, હે દુરવેશ ! એકબીજાના હાથ ચૂમવા સુન્નતે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم અને અંબિયાએ કિરામ عَلَیْہِمُ السَّلَامની સુન્નત છે. રિસાલત મઆબ صلی اللہ علیہ وسلمનો એ નિયમ હતો કે સલામ કહેવા અને મુસાફો કરવામાં અગ્રતા અપનાવતા હતા. હઝરત અલી کرم اللہ وجہہ الکریمનો ક઼ૌલ છે કે કેટલીયેવાર મેં એ કોશિશ કરી કે સલામ તથા મુસાફમાં હુઝૂર صلی اللہ علیہ وسلمથી પહેલ કરું, પરંતુ એ સઆદત (નેક નસીબી) નસીબ ન થઈ.

મારા શયખ ખ્વાજએ ખ્વાજગાન કુત્બુલ અક઼તાબ બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہનો પણ એ જ મા'મૂલ (નિયમ) હતો ગલીઓ મહોલ્લાઓમાં લોકોના ટોળા પાસેથી પસાર થતા તો સૌની સાથે હાથ મિલાવતા, ચૂમતા, સલામ કહેતા અને તેમનાથી દુઆએ ખૈર તલબ કરતા.

લોકો જે નમાઝથી ફારિગ થઈને એકબીજાના

www.barkatekhwaja.net

હાથ ચૂમે કે મિલાવીને (હસ્તધુનન) હલાવે છે તો જાણે પોતાના ગુનાહ ઝાટકે છે, જેમ કે પાનખર ઋતુમાં ઝાડોનાં પાંદડાં ખરે છે.

## બુઝુર્ગોની દસ્તબોસી મગફેરતનો સામાન છે

મશાઈખ તથા બુઝુર્ગાને દીનની દસ્તબોસી દીન તથા દુનિયાની ખૈરો બરકતનો સબબ બને છે. એકવાર લોકોએ સંજરના સુલ્તાનને ખ્વાબમાં જોયા. તેમને પૂછયું કે અલ્લાહ તઆલાએ તમારી સાથે શું વર્તાવ કર્યો ? કહ્યું, દુનિયાનો દરેક મામલો સારો તથા બુરો મારી સામે રાખી દેવામાં આવ્યો. અને વાત ત્યાં સુધી પહોંચી ગઈ કે હુકમ આપી દેવામાં આવ્યો કે સંજરને દોઝખમાં લઈ જાવ. આ હુકમ પર અમલ જ થવાનો હતો એવામાં ફર્માન થયું, થોભો ! એણે એકવાર જામેઅ દમિશ્ક હાજી શરીફ ખ્વાજાના દસ્તે મુબારકને ચૂમ્યો હતો, એ દસ્તબોસીની બરકતથી અમે તેને માફ કર્યો.

કયામતના દિવસે કેટલાય ગુનેહગાર બુઝુર્ગાને દીનની દસ્તબોસીની બરકતથી બખ્શી દેવામાં આવશે અને દોઝખના અઝાબથી નજાત હાંસલ કરશે.

લોકોએ હજ્જાજ બિન યૂસુફને તેના ઈન્તેકાલ બાદ ખ્વાબમાં જોયો, અને પૂછયું, હે ઈબ્ને યૂસુફ ! તમારો શો હાલ છે ? તેણે કહ્યું, હું તબાહીના ઠેકાણે છું પરંતુ આશા છે કે મગફેરતનો સામાન પેદા થઈ જશે. તેમણે પૂછયું કે કઈ નેકીના કારણે ? કહ્યું કે ફલાણા દિવસે મેં ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہનો હાથ માનપૂર્વક ઈજ્જત સાથે ચૂમ્યો હતો, તો મને સાંત્વન આપવામાં આવ્યું છે કે તને આ કામના બદલામાં માફ કરી દેવામાં આવશે.

હઝરત કુત્બુલ અક્તાબ رحمۃ اللہ علیہ જુમ્આની નમાઝ બાદ મસ્જિદની બહાર તશરીફ લાવતા તો ખુદાની મખ્લૂકની ભીડમાંથી આપના ખાદિમો આપની આસપાસ વર્તુળ બનાવી લેતા. લોકો ખૂબ જ અધિક પ્રમાણમાં આપની દસ્તબોસીનો શરફ હાંસલ કરતા, ત્યાર પછી આપ પોતાના ઘરે પરત ફરતા. અને ફર્માવ્યું, મેં અવલિયાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعینના આધારમાં લખેલું જોયું કે, એક બુઝુર્ગે કસમ સાથે કહ્યું કે જે શખ્સ દુનિયામાં કોઈ બુઝુર્ગ અથવા શયખનો હાથ ચૂમવાની નેક બખ્તી હાંસલ કરી લે તે હકીકતમાં દુનિયાથી બખ્શાયેલો જશે, કેમ કે મશાઈખનો હાથ રસૂલુલ્લાહ ﷺનો હાથ છે. જે મશાઈખના હાથને પકડે છે તે એવો છે કે જાણે તેણે રસૂલુલ્લાહ ﷺના હાથ મુબારક સુધી પહોંચ હાંસલ કરી લીધી.

હઝરત શયખુલ ઈસ્લામે વર્ણવ્યું કે હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો એ નિયમ હતો કે જ્યારે કોઈ એમની મજલિસમાં હાજર થતો તો ઉઠીને તેની સાથે મુસાફો કરતા અને જ્યારે તે ઉઠીને જતો તો એ જ સુલૂક એ વખતે પણ કરતા.

હઝરત સૈયદના દાઊદ علیہ السلام જ્યારે શાહી તખ્ત પર જલ્વા અફરોઝ થઈને ફરિયાદીઓની ફરિયાદ સાંભળતા અને મઝલૂમોને હક્ક તથા ન્યાય અપાવતા તો એ વખતે બની ઈસ્રાઈલના ઈજ્જતદાર લોકોમાંથી જો કોઈ મુલાકાત માટે હાજર થતો તો પોતાના મસ્નદ (સ્થાન)થી ઉઠીને ઉભા થઈ જતા અને તેનો હાથ ચૂમતા. જ્યારે તે બેસી જતો તો આસ્માનની તરફ મોં કરીને અર્ઝ કરતા, હે ખુદા ! બની ઈસ્રાઈલના આ બુઝુર્ગના દસ્તે મુબારકની બરકતથી મારી આબરૂની હિફાઝત ફર્માવ ! (આ તેમની ઈન્કેસારી હતી) હે દુરવેશ ! જો કે અંબિયાએ કિરામ علیہم السلام મઅસૂમ છે પરંતુ દુઆએ ખૈરની બરકતના તાલિબ જરૂર હોય છે.

જે દિવસે સૈયદના યાકૂબ علیہ السلامની મુલાકાત પોતાના ફરઝંદ યૂસુફ علیہ السلام સાથે થઈ તો આપ રસ્તામાં ઉભા થઈ ગયા અને આવતા જતા લોકોના હાથ ચૂમતા અને ફર્માવતા કે આ બુઝુર્ગોની દસ્તબોસીની સઆદત છે કે ખુદા તઆલાએ મને યૂસુફ સાથે ફરીવાર મિલાવી આપ્યો.

સૈયદે કાઈનાત ફખ્રે મૌજૂદાત ﷺનો એ

નિયમ હતો કે એક વૃદ્ધાની પાસે તશરીફ લઈ જતા અને ફર્માવતા, હે ખાતૂન ! મુહમ્મદ માટે દુઆએ ખૈર કર્યા કરો. હે દુરવેશ ! સૃષ્ટિની સર્વ ચીજો, લોકોમાં કોઈ હસ્તી એ મહબૂબે ખુદા ﷺ કરતાં બરગુઝીદા તથા અધિક મહેબૂબ નથી, આ બુઝુર્ગી તથા કરમ છતાં તે પોતાના માટે દુઆએ ખૈરના તાલિબ હતા, તો મારા તમારા માટે તો કેટલા અંશે યોગ્ય છે કે બુઝુર્ગોની દસ્તબોસીથી બરકત તથા ખૈરની તલબ ખુદાએ કરીમથી કરતા રહીએ.

સૈયદે કાઈનાત ﷺનો એ પણ નિયમ હતો કે રસ્તે ચાલતાં કોઈ ઉંમરવાળા માણસથી તેની સફેદ દાઢીનો લેહાઝ કરીને આગળ ન વધતા, અને જો કોઈ દસ્તબોસીનો શરફ હાંસલ કરવા માટે આગળ વધતો તો આપ તેની સાથે તરત જ મુસાફો કરતા.

એકવાર નશામાં ચૂર જવાન ગલીમાંથી પસાર થઈ રહ્યો હતો એવામાં સામેથી ઈમામુત્તારિકીન હઝરત ખ્વાજા ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہ આવતા દેખાયા. તે યુવાન તરત હઝરત ખ્વાજાના કદમોમાં પડી ગયો. પછી ખૂબ જ ઈજ્જત તથા સન્માનપૂર્વક હઝરતથી દસ્તબોસીનો શરફ હાંસલ કર્યો અને ઘરે ચાલ્યો ગયો. એ જ રાતે ખ્વાબમાં જોયું કે જન્નતની ........ પર ધીમે ધીમે સૈર કરી રહ્યો છે. અજબનું દર્દ તેના દિલમાં પેદા થઈ ગયું કે, હું તો ગુનેહગાર છું તો આ હદ વિનાની દોલત મને કેવી રીતે નસીબ થઈ ગઈ ?! અવાજ આવ્યો, તમે જે કહો છો તે બરાબર છે પરંતુ કાલે તેં અમારા એક દોસ્તના હાથને ચૂમવાની સઆદત હાંસલ કરી હતી, અમારી રઝાના માટે તમે તેને ઈજ્જત આપી તો અમે તને એ વાત પર બખ્શી દીધો. તે યુવાન ખ્વાબથી જાગ્યો અને ખ્વાજા ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہની સમક્ષ હાજર થયો, તૌબા કરી અને બયઅતથી મુશર્રફ થયો. હકીકતમાં જ્યારે ખુદાની ઈનાયત થઈ જાય છે તો લાખો ગુનાહોની રહમતના એક રજકણથી માફી કરી દેવામાં આવે છે, દોઝખની આગથી બચાવી લેવામાં આવે છે.

ફર્માવ્યું, જ્યારે સૂફીઓ એકબીજાના હાથ ચૂમે છે તો અલ્લાહ કરીમની હજારો નેઅમતો નુઝૂલ કરે (ઉતરે) છે, જ્યારે તેઓ આ ભલા કાર્યથી ફારિગ થાય છે ત્યારે આ રહમતો તેમના પર નિછાવર કરી દેવામાં આવે છે. *(ક્રમશઃ)*


**:: બેંકથી મદદ મોકલવા માટે એકાઉન્ટ નંબરો ::**

**૧. ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા** (BOB Dayadara Branch, A/c. No. 34620100000301)

**૨. અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**(BOB Dayadara Branch, A/c. No. 34620100000302)

**૩. રઝવી કિતાબ ઘર–દયાદરા** (BOB Dayadara Branch, A/c. No. 34620100000303)

**૪. મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ** (BOB Amod Branch, A/c. No. 16710100004533)

ઉપરોક્ત ૧ થી ૩ ખાતાનો IFSC કોડ BARB0DAYADR તથા નંબર ૪ નો IFSC કોડ BARB0AMODXX


**નોંધ** : ડાયરેક્ટ બેંકના ખાતામાં જમા કરી અવશ્ય જાણ મેસેજ કે ફોનથી કરવી જેથી વિગતે રસીદ મોકલી શકાય.

Phonepay, G-pay, Paytm થી મદદ મોકલવા માટે નંબર Mo. 94274 64411 (Shabbir Patel)
ભેગી રકમ મોકલનારે ફક્ત વિગત વોટ્સએપ પર જણાવી દેવી તે પ્રમાણે રસીદ મળી જશે.

**વર્ષોથી દીની સુન્ની સાહિત્ય પ્રકાશિત કરી ફ્રીમા વહેંચતી આ સંસ્થાઓને જરૂરથી સહાય કરશો**

- **સુન્ની મુસ્લિમ કમિટી** ઠે. હવેલી શેરી, મુ. ગોંડલ (સૌરાષ્ટ્ર) (Mob. 9824244544, 7383624786)
- **હુસૈની કમિટી (સુન્ની)**, ૮–લાટી પ્લોટ, મોરબી, પિન : ૩૬૩૬૪૧ (Mob. 9825133274)
- **ગરીબ નવાઝ કમિટી**, આઈકોન કોમ્પ્યુટર, સફલ પ્લાઝા નં. ૧૬, ઈન્ડિયન બેંક સામે, જેલ રોડ, મોરબી–૩૬૩૬૪૧ (Mob. 93280 88378) ★ મજકૂર મશહૂર દીની સુન્ની સાહિત્ય પીરસતી સંસ્થાઓ પ્રખ્યાત છે તેમને લિલ્લાહ, ઝકાત, સદકા વગેરે મોકલી સહાય કરશો. વધુ માટે જે તે ફોન નંબરો પર સંપર્ક કરશો.

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

(ભાગ–૨)

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## વ્યાજનું બયાન

રિબા એટલે કે વ્યાજ કતઈ હરામ છે. એની હુરમતનો ઈન્કાર કરનાર **કાફિર** છે અને હરામ સમજીને જે એ કામ કરે છે તે ફાસિક મરદૂદુશ્શહાદત છે. (તેની ગવાહી સ્વીકારને પાત્ર નથી) બદલાના સોદામાં જ્યારે બંને બાજુ માલ હોય અને એક બાજુ વધારો હોય જ્યારે મુકાબલામાં બીજી બાજુ કંઈ ન હોય તો એ સૂદ (વ્યાજ) કહેવાય છે.

**મસ્અલા** : જે ચીજ માપ, તોલથી વેચાતી હોય તેને એની જ જાતથી (એક જ પ્રકારની ચીજથી) બદલામાં આવે. જેમ કે ઘઉંના બદલામાં ઘઉં, જવના બદલામાં જવ, એમાં એક બાજુ વધારે હોય તો હરામ છે. અને જો એ ચીજ માલ તોલવાળી ન હોય અથવા એક પ્રકાર સામે બીજા પ્રકારની ચીજથી બદલામાં આવી હોય તો એ જ વ્યાજ નથી. સારી કે ખરાબનો અહીં કોઈ ફર્ક ગણાશે નહીં. એટલે કે બદલામાં એક બાજુ ઓછી ચીજ છે પણ સારી છે અને સામી બાજુએ વધારે છે પણ તે ખરાબ છે **તો પણ વ્યાજ** અને **હરામ** છે. જરૂરી (લાઝિમ) એ છે કે બંને બાજુ માપ, તોલ બરાબર હોય. જે ચીજ પર વ્યાજની હુરમતનો દારોમદાર છે તે કદ્ર તથા પ્રકાર છે. કદ્રથી મુરાદ વજન યા માપ છે.

**મસ્અલા** : બંને ચીજોનું એક નામ અને એક કામ હોય તો એક જિન્સ (પ્રકાર) સમજવી અને નામ તથા મકસદ અલગ અલગ હોય તો બે પ્રકારો જાણવા. જેમ કે ઘઉં, જવ, કાપડની જાતો, મલમલ, લઠ્ઠા, ગબરૂન, છીંટ આ બધી ચીજો અલગ અલગ છે. ખજૂરની તમામ જાતો એક જિન્સ (જાત) ગણાશે. લોખંડ, તાંબુ, પિત્તળ, સીસું વગેરે અલગ અલગ જાતો ગણાશે. ઊન, રેશન અને સૂતર અલગ અલગ જાતો ગણાશે. ગાયનું માંસ, ભેળિયા અને બકરીનો ગોશ્ત, ઘેટાના ઘુટણનું હાડકુ, પેટની ચરબી, આ બધી ચીજો અલગ અલગ પ્રકારની ગણાશે. ફૂલનું તેલ, ચમેલીનું તેલ, જૂહીનું તેલ વગેરે તમામ અલગ અલગ પ્રકારનાં ગણાશે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : વજન અને પ્રકાર બંને મૌજૂદ હોય તો વધ ઘટ પણ હરામ છે (એને રિબાઉલ્ ફઝ્લ કહે છે). એક બાજુ રોકડા હોય અને બીજી બાજુ ઉધાર હોય તે પણ હરામ છે. (એને રિબાઉન્નસિયા કહે છે.) જેમ કે ઘઉંને ઘઉં, જવના બદલામાં જવ વેચે તો એમાં વધ ઘટ હરામ છે. એમાં એક તરત આપતો હોય જ્યારે બીજો થોડા વખત પછી દેવાનો હોય તો એ પણ હરામ છે. બંનેમાંથી એક હોય અને એક ન હોય તો વધઘટ જાઈઝ છે અને ઉધાર હરામ છે, જેમ કે ઘઉંને જવના બદલામાં અથવા તો એક બાજુ સીસું હોય અને બીજા તરફ લોખંડ. કેમ કે પહેલા દાખલામાં માપ અને બીજામાં વજન સામેલ છે. પરંતુ બંનેની જાતિ અલગ અલગ છે. કપડાને કપડાના બદલામાં, ગુલામને ગુલામના બદલામાં વેચ્યો, એમાં જાતિ એક છે પરંતુ વજન મૌજૂદ નથી પરિણામે એવું તો થઈ શકે છે કે એક તાકો આપીને બદલામાં બે તાકા અથવા એક ગુલામ આપીને બદલામાં બે ગુલામ ખરીદે. પરંતુ જો વધ ઘટ ન હોય તો ઉધાર વેચવું હરામ અને વ્યાજ છે અને બંને ન હોય તો વધ ઘટ જાઈઝ અને ઉધાર પણ જાઈઝ છે. જેમ કે ઘઉં અને

www.barkatekhwaja.net

જવ રૂપિયાથી ખરીદ્યા. અહીં વધ ઘટ હોવું જાહેરી છે. કેમ કે એક રૂપિયાના બદલામાં જેટલા મણ ચાહો તેટલા ખરીદો કોઈ વાંધો નથી અને ઉધાર પણ જાઈઝ છે. આજે ખરીદો અને રૂપિયા મહીનામાં, વર્ષમાં કે બીજાની મરજીથી જ્યારે ચાહો ત્યારે આપો જાઈઝ છે, કોઈ ખરાબી નથી. *(હિદાયા વગેરે)*

**મસ્અલા** : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જે ચીજના બારામાં માપની સાથે વધ ઘટ હરામ ફર્માવી છે તે કીલી (માપની ચીજ) જેના બારામાં વજનની સ્પષ્ટતા કરી છે તે વજની છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદ પછીથી એમાં કોઈ ફેરફાર નહીં થઈ શકે. જો તેની ઓળખ (પેહચાન) અલગ હોય તો પેહચાનનો કોઈ એ'તેબાર નથી અને જેના બારામાં હુઝૂરનો કોઈ ઈર્શાદ નથી તેના બારામાં આદત અને પેહચાનનો એ'તેબાર છે. માપ યા તોલ જેનુ ચલણ હોય તેનો લેહાઝ થશે. *(હિદાયા વગેરે)*

**મસ્અલા** : જે ચીજ વજની હોય એને માપીને બરાબર કરીને એકને બીજાના બદલામાં વેચી પરંતુ એનું વજન કેટલું છે તેની જાણકારી ન હોય તો એ જાઈઝ નથી. જો વજનમાં બન્ને બરાબર હોય તો વેચાણ જાઈઝ છે ભલે માપમાં વધઘટ હોય. અને જે ચીજ માપવાની (માપીને લે વેચ થતી હોય) હોય એને વજનમાં બરાબર કરીને વેચવામાં આવી પરંતુ માપ બરાબર છે કે નહીં તે ન જાણતા હોય તો એ નાજાઈઝ છે. હિન્દુસ્તાનમાં ઘઉં, જવને ખાસ કરીને વજનથી વેચવામાં આવે છે જ્યારે કે એનું માપવાળી ચીજ હોવું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદથી સાબિત છે, પરિણામે જો ઘઉંને ઘઉંના બદલામાં વેચે તો માપને જરૂર બરાબર કરી લેવું. એમાં વજનની બરાબરીનો એ'તેબાર ન કરવો. એ રીતે જો ઘઉંને કર્જે લેવામાં આવે તો માપ કરીને લે અને માપ કરીને પાછા આપે. એના લોટનું વેચાણ યા કર્જ વજનથી પણ જાઈઝ છે. *(દર, રદ, હિદાયા, ફતહ)*

**મસ્અલા** : શરીઅતમાં માપની ગતણરી ઓછામાં ઓછી અડધો સાઅ છે. જો કોઈ માપની (પ્રકારની) ચીજ અડધા સાઅથી ઓછી હોય જેમ કે એક બે મુટ્ઠી વધ ઘટ હોય, એક મુટ્ઠીના બદલામાં બે મુટ્ઠીભર વેચવું જાઈઝ છે. એ રીતે એક સફરજન બેના બદલામાં, એક ખજૂર બેના બદલામાં, એક ઈંડુ બે ઈંડાના બદલામાં, એક અખરોટ બેના બદલામાં, એક તલવાર બે તલવારના બદલામાં, એક દવાત (ખડિયો) બે દવાતના બદલામાં, એક સોય બે સોયના બદલામાં તેમજ એક શીશી બે ના બદલામાં વેચવી જાઈઝ છે, જ્યારે કે આ બધું નક્કી કરેલ હોય. જો બંને બાજુ કે એક બાજુ નક્કી કરેલ ન હોય તો વેચાણ નાજાઈઝ. આ હાલતોમાં જો કે વધ ઘટ જાઈઝ છે પરંતુ ઉધાર વેચવું હરામ છે કેમ કે માલની જાતિ એક જ છે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : ઘઉં, જવ, ખજૂર, મીઠુ જેનો માપની ચીજોમાં સમાવેશ છે. જો એના સંબંધી લોકોમાં એવો રિવાજ પડયો હોય કે એને વજનથી ખરીદ વેચાણ કરતા હોય (જેમ કે અહીં હિન્દુસ્તાનમાં આ બધી ચીજો વજનથી જ વેચાય છે) અને વેચાણમાં (સોદામાં) એને વજનથી જ આપવા નક્કી થયું હોય (જેમ કે આટલા રૂપિયામાં આટલા મણ ઘઉં) તો એ વેચાણ જાઈઝ છે એમાં કોઈ વાંધો નથી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : એક માછલી બે માછલીથી વેચાણ કરી શકાશે. એટલે કે જ્યાં વજનથી ન વેચવામાં આવતી હોય ત્યાં એક માછલી બે માછલી (એ રીતે) વેચી શકાશે અને વજનથી વેચવામાં આવતી હોય તો વજનમાં બરાબર કરવું જરૂરી છે.

*(આલમગીરી)*

**મસ્અલા** : સુતરાઉ કાપડને સૂતર યા રૂ ના બદલામાં વેચવું જાઈઝ છે કેમ કે એની જાત અલગ છે. એ રીતે રૂને સૂતરથી વેચવું પણ જાઈઝ છે એ

રીતે ઊનના બદલામાં ઊનના કપડાં યા રેશમના બદલામાં રેશમી કાપડ ખરીદવું જાઈઝ છે. મકસદ એ છે કે જાતિના સરખાપણા કે અલગતામાં અસલિયતનું સરખાપણુ કે અલગતા મો'તેબર (ભરોસાપાત્ર) નથી બલ્કે મકસૂદનો ઈખ્તેલાફ જિન્સ (જાતિને)ને અલગ કરી દે છે ભલે અસલિયત સમાન હોય. એ વાત જાહેર છે કે રૂ અને સૂતર અને કપડાના મકસદો (હેતુઓ) અલગ અલગ છે. એ રીતે ઘઉં યા એના લોટને રોટીથી વેચી શકો છો કેમ કે એમની જાતિ પણ અલગ અલગ છે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : ખજૂરને ખજૂર અથવા ખારેકના બદલામાં વેચવું જાઈઝ છે. જો કે બંને બાજુની ખજૂરો માપમાં બરાબર હોવી જોઈએ. વજનમાં બરાબરીનો એ'તેબાર નથી. લીલી દ્રાક્ષને મોટી દ્રાક્ષ યા સૂકી દ્રાક્ષના બદલામાં વેચવી જાઈઝ છે. જ્યારે કે બંને બરાબર હોય. એ રીતે જે ફળો સૂકાઈ જાય છે તેના લીલા ફળને સૂકાના બદલામાં વેચવાં જાઈઝ છે અને લીલાના બદલામાં પણ વેચવું જાઈઝ છે. જેમ કે અંજીર, આલુબુખારા, ખૂબાની વગેરે.

*(હિદાયા, ફતહ)*

**મસ્અલા** : જો ઘઉં પાણીમાં પીગળી ગયા છે તેને સૂકાના બદલામાં જો માપમાં બરાબર હોય તો વેચવા જાઈઝ છે. એ રીતે ખજૂર યા સૂકી દ્રાક્ષ જેને પાણીમાં પીગાળવામાં આવેલ છે તેને સૂકાના બદલામાં વેચી શકાય છે.

**મસ્અલા** : ભૂંજેલા ઘઉંને ભૂંજ્યા વગરના ઘઉંના બદલામાં વેચવા જાઈઝ નથી.

*(હિદાયા, દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : જુદા જુદા પ્રકારના ગોશતને વધ ઘટ સાથે વેચી શકાય છે. જેમ કે બકરીનો ગોશત એક શેર બરાબર ગાયનો ગોશત બે શેરથી વેચી શકાય છે, પરંતુ જરૂરી છે કે હાથો હાથ હોય, રોકડેથી, ઉધાર જાઈઝ નથી. જો એક જ પ્રકારના જાનવરનો ગોશ્ત હોય તો વધ ઘટ જાઈઝ નથી. ગાય અને ભેંસ બે જાતિ નથી બલ્કે એક જાતિ છે. એ રીતે બકરી, ઘેટા, ભેળ એ ત્રણે એક જાતિ છે. ગાયનું દૂધ બકરીના દૂધથી, ખજૂર યા શેરડીનો સરકો દ્રાક્ષના સરકાથી, પેટમાંની ચરબી ઘેટાના ઘુટણનાં હાડકાં, યા ગોશતથી, બકરીના બાલને ઘેટાના ઊન સાથે વધઘટ કરીને વેચી શકાય છે. *(હિદાયા)*

**મસ્અલા** : તલના તેલને ચમેલીના તેલ અને ફૂલના તેલથી વધ ઘટ કરી વેચવું જાઈઝ છે. એ રીતે ખુશ્બુદાર તેલોને અરસપરસ આપસમાં, એક પ્રકારના તેલને બીજા પ્રકારના તેલ સાથે વેચવુ, ઝૈતૂનના ખુશ્બુદાર તેલને સુગંધ વગરના બીજા તેલના બદલામાં વેચવું પણ દરેક રીતે જાઈઝ છે. ફૂલોમાં તલ હોય તેને સાદા તલોથી વધ ઘટ કરી વેચી શકાય છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલા** : પનીરના બદલામાં દૂધ વેચવાનો પણ આ જ હુકમ છે. કેમ કે મકસદોમાં અલગ હોવાને કારણે જાતિમાં પણ અલગ છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : ઘઉંને લોટ યા સત્તુના બદલામાં વેચવા યા લોટને સત્તુના બદલામાં વેચવું બિલ્કુલ નાજાઈઝ છે. (જો લોટ કે સત્તુ ઘઉંનો હોય તો). ભલે વજન કે માપમાં બંને બરાબર હોય અને જો બીજી ચીજનો હોય જેમ કે જવનો લોટ યા સત્તુ હોય તો ઘઉંથી વેચાણ કરવામાં કોઈ વાંધો નથી. એ રીતે ઘઉંના લોટને જવના સત્તુથી વેચવા પણ જાઈઝ છે. લોટને લોટ બરાબર કરીને વેચવો જાઈઝ છે. બલ્કે ભૂનેલા (સેકેલા) લોટને ભૂનેલાના બદલામાં બરાબર કરીને વેચવો જાઈઝ છે. સત્તુને સત્તુના બદલામાં વેચવા યા ભૂંજેલા ઘઉંને ભૂંજેલા ઘઉંના બદલામાં વેચવા જાઈઝ છે. ચારેલા લોટને ચાર્યા વગરના લોટના બદલામાં વેચવા માટે બંનેનું બરાબર હોવું જરૂરી છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

## રોઝે કે બારે મેં ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

*(નોટ : ૧ સે ૫ નંબર કી ગલતફહમિયાં 'બરકાતે ખ્વાજા' મંથલી કે **ઓક્ટોબર-૨૦૨૨** મેં દેખેં)*

*******************

**અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ**

હપ્તો : ૧૪

**૦૬. ક્યા ઝબાન સે રોઝે કી નિય્યત કરના ઝરૂરી હૈ ?**

કુછ અવામ મેં યે ગલત ફેહમી પાઈ જાતી હૈ કે રોઝા સહીહ હોને કે લિયે ઝબાન સે નિય્યત કરના ઝરૂરી હૈ, જબ કે ઐસા નહીં હૈ. રોઝા સહીહ હોને કે લિયે દિલ મેં ઈરાદા હોના કાફી હૈ. હાં ! ઝબાન સે નિય્યત કર લેના મુસ્તહબો બેહતર હૈ. જૈસા કે બહારે શરીઅતમેં હૈ :–

''જિસ તરહ ઔર જગહ બતાયા ગયા કે નિય્યત દિલ કે ઈરાદે કા નામ હૈ, ઝબાન સે કેહના શર્ત નહીં. યહાં (રોઝે કે બયાન મેં) ભી વહી મુરાદ હૈ મગર ઝબાન સે કેહ લેના મુસ્તહબ હૈ.''

*(બહારે શરીઅત, ૧/૫, પેજ : ૯૬૮)*

**૦૭. કિસીને રોઝે કી હાલત મેં ભૂલકર ખાના ખા લિયા યા પાની પી લિયા તો ક્યા રોઝા ટૂટ જાએગા ?**

ભૂલકર ખાને પીને સે રોઝા ટૂટને કે બારે મેં અકષર અવામ કા યહી ખયાલ હૈ કે ઈસ મેં રોઝા ટૂટ જાતા હૈ, હાલાં કે ઐસા નહીં, ઈસ સે રોઝા નહીં ટૂટતા. હા ! યાદ આને કે બાદ જો કુછ ખાના પાની મુંહ મેં હૈ ઉસે બાહર નિકાલ દેના ઝરૂરી હૈ કે ઉસમેં સે કુછ ભી હલક કે અંદર ઉતારેગા તો રોઝા ટૂટ જાએગા.

''બહારે શરીઅત''મેં હૈ :–

સહીહ બુખારી વ મુસ્લિમ મેં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ સે રિવાયત હૈ કે અલ્લાહ કે રસૂલ ﷺ ફર્માતે હૈં : જિસ રોઝાદારને ભૂલકર ખાયા યા પિયા વોહ અપને રોઝે કો પૂરા કરે કે ઉસે અલ્લાહ عزوجل ને ખિલાયા ઔર પિલાયા.

**મસ્અલા** : ભૂલકર ખાયા યા પિયા યા જિમાઅ કિયા રોઝા ફાસિદ ન હુવા. ખાહ વોહ રોઝા ફર્ઝ હો યા નફલ, ઔર રોઝા કી નિય્યત સે પેહલે યે ચીઝેં પાઈ ગઈ યા બાદ મેં, મગર જબ યાદ દિલાને પર ભી યાદ ન આયા કે રોઝાદાર હૈ તો અબ ફાસિદ હો જાએગા, બશર્તે કે યાદ દિલાને કે બાદ યે કામ વાકેઅ હૂએ હોં મગર ઈસ સૂરત મેં કફ્ફારા લાઝિમ નહીં.''

*(બહારે શરીઅત, ૧/૫, પેજ : ૯૮૧)*

**૦૮. રોઝે કી હાલત મેં ધુવાં નાક કે અંદર જાએ તો ક્યા રોઝા ટૂટ જાએગા ?**

બહોત સે લોગ યહી સમજતે હૈં કે રોઝે કી હાલત મેં ધુવાં નાક યા હલક કે રાસ્તે સે અંદર ચલા જાએ, ખાહ જાનબૂજ કર પોંહચાએ યા અપને આપ ચલા જાએ, ઈસ સે રોઝા પર કોઈ અષર નહીં પળતા, શરીઅત કે એઅ્તેબાર સે યે તસવ્વુર ગલત હૈ, ઈસ લિયે કે અગરચે અપને આપ ધુવાં જાને કી સૂરત મેં રોઝા નહીં ટૂટતા લેકિન અગર **કોઈ જાન બૂજકર ધુંવા અંદર દાખિલ કરે તો રોઝા ટૂટ જાએગા,** લિહાઝા રોઝે કી હાલત મેં અગરબત્તી વગૈરા કે ધુવેં સે એહતિયાત કરના ઝરૂરી હૈ. ''બહારે શરીઅત''મેં હૈ :–

''ધુંવા હલક઼ મેં જાને સે રોઝા નહીં ટૂટતા, અગર ચે રોઝેદાર હોના યાદ થા ઔર અગર ખુદ જાન બુઝ

**અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી** *(સદર મજલિસે ફ઼ઝા ઈદારા શરઈય્યહ-ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ, જિ. ભરૂચ)*

www.barkatekhwaja.net

કર ધુવાં પોહંચાયા તો ફાસિદ હો ગયા, જબ કે રોઝેદાર હોના યાદ હો, ખાહ વોહ કિસી ચીઝ કા ધુવાં હો ઔર કિસી તરહ પોંહચાયા હો, યહાં તક કે અગર કી બત્તી વગૈરે ખૂશ્બૂ સુલગતી થી, ઉસને મુંહ કરીબ કર કે ધુવેં કો નાક સે ખીંચા રોઝા જાતા રહા."

*(બહારે શરીઅત, ૧/૫, ૯૮૨)*

**૦૯. રોઝે કી હાલત મેં ક્યા સર મેં તેલ નહીં લગા સકતે ?**

કુછ અવામ મેં યે ગલત ફેહમી પાઈ જાતી હૈ કે રોઝે કી હાલત મેં સર યા બદન કે કિસી હિસ્સે પર તેલ નહીં લગા સકતે, યે સરાસર ગલત હૈ. હુકમે શરઅ યે હૈ કે બદન કે બાહરવાલે હિસ્સે પર કહીં ભી તેલ લગા સકતે હૈં. હાં ! અલ્બત્ત કાન, નાક વગૈરા કે સૂરાખ મેં તેલ ડાલના જાઈઝ નહીં.

"ફતાવા રઝવિય્યહ્"મેં હૈ :–

"રોઝેદાર સર મેં તેલ ડાલ સક્તા હૈ કે યે ભી મસામ હૈ કોઈ મન્ફઝ નહીં. (યા'ની કાન, નાક કી તરફ ઈસમેં કોઈ સુરાખ નહીં). બદન પર ભી તેલ મલ સકતા હૈ. મલ કર, ખૂબ જઝબ કર સક્તા હૈ, હાં ! મષલન્ કાન મેં નહીં ડાલ સક્તા, અગર ડાલેગા તો રોઝા જાતા રહેગા.

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૧૦, સફહા : ૫૧૮)*

ઐસા હી "બહારે શરીઅત" હિસ્સા : ૫, સફહા : ૯૮૨ પર હૈ.

**૧૦. ક્યા રોઝે કી હાલત મેં સર પર યા નાક પર યા બદન કે કિસી હિસ્સે પર બામ (વેક્સ) નહીં લગા સકતે ?**

અકસર લોગ યે સમજતે હૈં કે રોઝે કી હાલત મેં સર પર યા નાક પર યા બદન કે કિસી ભી હિસ્સે પર બામ લગાના જાઈઝ નહીં. અગર કોઈ લગાએગા તો રોઝા તૂટ જાએગા, યે સોચ શરીઅત કે એઅ્તેબાર સે બિલ્કુલ ગલત હૈ ક્યૂં કે બદન કે ઝાહિરી હિસ્સે મષલન સર યા નાક કે ઉપર યા કિસી ઔર ઝાહિરી હિસ્સે પર બામ લગાના જાઈઝ હૈ ઔર ઈસ સે રોઝે પર કોઈ અષર નહીં પડતા. ઈસી તરહ બામ ઈસ તરહ સૂંઘના કે ઉસકે ઝર્રાત નાક કે અંદર ન જાઐં, જાઈઝ હૈ. હાં ! બામ કો ગરમ પાની મેં ડાલકર નાસ લેના જાઈઝ નહીં.

"ફતાવા બરેલી શરીફ"મેં હૈ :–

(રોઝે કી હાલત મેં સર ઔર નાક કે બાહરવાલે હિસ્સે પર) બામ લગાના જાઈઝ હૈ. *(ફતાવા બરેલી શરીફ, સફહા : ૩૫૮)*

"ફતાવા રઝવિય્યહ્"મેં હૈ :–

"રોઝેદાર ખૂશ્બૂ સુંઘ સકતા હૈ, સુંઘને સે જિસ કે અજઝા દિમાગ મેં ન ચળ્હે, ઉસકો નાસ લેના હરામ હૈ, ઉસ કા કોઈ ઝર્રા દિમાગ કો પોંહચા તો રોઝા જાતા રહેગા."

*(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૧૦, સફહા : ૫૧૮)*

**૧૧. ક્યા એહતિલામ હોને સે રોઝા ટૂટ જાતા હૈ ?**

એહતિલામ (જિસે ગુજરાતી મેં સ્વપ્નદોષ ઔર અંગ્રેજી મેં નાઈટફોલ કહા જાતા હૈ, જિસ મેં આમ તોર પર હોતા યે હૈ કે કોઈ ખરાબ ખાબ નઝર આતા હૈ ફિર મની (વિર્ય) નિકલ જાતી હૈ) ઈસ સે રોઝા ટૂટને કે બારે મેં બહોત સે લોગોં મેં શુબ્હા પાયા જાતા હૈ કે ઈસ સે રોઝા ટૂટ જાતા હૈ, હાલાં કે શરઅન્ ઈસ સે રોઝા નહીં ટૂટતા. જૈસા કે "બહારે શરીઅત"મેં હૈ :

"એહતિલામ હુવા તો રોઝા ન ગયા."

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૫, સફહા : ૯૮૪)*

**૧૨. કિસી રોઝેદાર પર ગુસ્લ ફર્ઝ હો જાએ તો વોહ ગુસ્લ કૈસે કરે ? ક્યા ગુસ્લ મેં કુલ્લી કરતે વક્ત ગરગરા કરના ઝરૂરી હૈ ?**

રોઝે કી હાલત મેં કિસી પર ગુસ્લ ફર્ઝ હો જાએ તો વોહ ગુસ્લ કૈસે કરે, ઈસ કે હવાલે બહોત સે અવામુન્નાસ શક્કો શુબ્હે મેં મુબ્તલા રેહતે હૈં, જિસ કી વજહ યે હૈ કે વોહ સમજતે હૈં કે ગુસ્લ મેં કુલ્લી કરતે વક્ત ગરગરા કરના ઝરૂરી હૈ ઔર ઝાહિર સી બાત હૈ કે જબ ગરગર કિયા જાએગા તો કુછ ન કુછ પાની હલક કે નીચે ઉતરેગા, જિસ સે રોઝા ટૂટ જાએગા તો અબ યે શક પેદા હો ગયા કે રોઝે કી હાલત મેં ગુસ્લ કૈસે કિયા જાએ.

વાઝેહ રહે કે શરઅત અવામ કી યહ સોચ ગલત હૈ કે ગુસ્લ મેં ગરગરા કરના ઝરૂરી હૈ, બલ્કે યે સિર્ફ સુન્નત હૈ ઔર યે ભી ઉસકે લિયે હૈ જો રોઝે કી હાલત મેં ન હો, વરના રોઝદાર કે લિયે ગરગરા કરના મના હૈ. ઉસકે લિયે સિર્ફ ઈતના હુકમ હૈ કે મુંહ કે અંદર અચ્છી તરીકે સે પાની પોંહચા કે ઈસ એહતિયાત કે સાથ હલક્ મેં બિલ્કુલ પાની ન જાએ, ઈસી તરહ નાક મેં પાની ચળહાતે વક્ત ઈસ કા ખયાલ રખે કે નરમ હિસ્સે તક ઈસ તરહ પાની પોંહચાએ કે ઉપર દિમાગ તક ન ચળ્હ જાએ. લિહાઝા મઝકૂરા એહતિયાત કે સાથ રોઝે કી હાલત મેં ગુસ્લ કરને મેં કોઈ હરજ નહીં.

''ફતાવા રઝવિય્યહ્''મેં હૈ :–

''ગુસ્લ મેં ઈન એહતિયાતોં સે (યા'ની મુંહ કે અંદર ઈસ તરહ પાની પોંહચાના કે દાળોં કે પીછે ગાલોં કી તેહ મેં દાંતો કી જળ મેં દાંતો કી ખિળકિયોં મેં હલકકે કિનારે તક હર પુર્ઝે પર પાની બેહ જાએ) રોઝેદાર કો ભી ચારા નહીં, હાં ! ગરગરા ઉસે ન ચાહિયે કે હલક્ સે નીચે ન ઉતર જાએ, ગૈર રોઝેદાર કે લિયે સુન્નત હૈ.

(નાક કે નરમ હિસ્સે યા'ની સખ્ત હડ્ડી કે કિનારે તક પાની પોહંચાના) ઈસ એહતિયાત સે ભી રોઝેદાર કો છૂટકારા નહીં, હાં ! ઈસસે ઉપર તક ઉસે ન ચાહિયે કે કહીં પાની દિમાગ કો ન ચળ્હ જાએ, ગૈર રોઝેદાર કે લિયે યે ભી સુન્નત હૈ.''

*(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૧, સફહા : ૪૪૨, ૪૪૩)*

### ૧૩. ક્યા ઉલ્ટી હોને સે રોઝા ટૂટ જાતા હૈ ?

અવામ મેં યે બહોત ઝયાદા મશ્હૂર હૈ કે ઉલ્ટી હોને સે રોઝા ટૂટ જાતા હૈ, હાલાં કે મુત્લક્ન ઐસા કેહના ગલત હૈ. શરીઅત કે એઅ્તબાર સે સિર્ફ દો સૂરતોં મેં ઉલ્ટી સે રોઝા ટૂટતા હૈ, જો કે બહોત કમ પાઈ જાતી હૈં, વોહ દો સૂરતેં યે હૈં :–

**(૧)** જાનબૂજ કર ઉલ્ટી કી ઈસ હાલ મેં કે રોઝેદાર હોના યાદ હૈ ઔર ઉલ્ટી મુંહ ભર હૂઈ, જિસે આસાની સે રોક ન પાએ, ઈસ સૂરત મેં મુત્લક્ન રોઝા જાતા રહા, ચાહે ઉલ્ટી મેં જો ખાના, પાની વગૈરા નિકલા ઉસે હલક્ મેં વાપસ લોટાયા યા ન લોટાયા.

**(૨)** બિલા ઈખ્તિયાર અપને આપ મુંહ ભર ઉલ્ટી હૂઈ ઔર જો ખાના, પાની વગૈરા નિકલા ઉસે જાનબૂજ કર હલક્ કે અંદર વાપસ લોટાયા ઈસ હાલ મેં કે રોઝેદાર હોના યાદ થા.

ઈન દો સૂરતોં કે અલાવા ઉલ્ટી સે કિસી ભી હાલ મેં રોઝા નહીં ટૂટતા, લિહાઝા ઈન્હેં અચ્છી તરહ ઝેહનનશીં કર લિયા જાએ તા કે કિસી તરહ કી કોઈ ગલતફેહમી બાક઼ી ન રહે.

''બહારે શરીઅત''મેં હૈ :–

''જાનબૂજ કર ભર મુંહ ઉલ્ટી કી ઔર રોઝાદાર હોના યાદ હૈ તો મુત્લક્ન રોઝા જાતા રહા ઔર ઉસસે કમ કી તો નહીં ઔર બિલા ઈખ્તિયાર ઉલ્ટી હો ગઈ તો ભર મુંહ હૈ યા નહીં ઔર બહર તક઼દીર વોહ લોટ કર હલક્ મેં ચલી ગઈ યા ઉસને ખૂદ લોટાઈ યા ન લોટાઈ, ન લોટાઈ તો અગર ભર મુંહ ન હો તો રોઝા ન ગયા, અગર યે લોટ ગઈ યા ઉસને ખૂદ લોટાઈ ઔર ભર મુંહ હૈ ઔર ઉસને લોટાઈ, અગર યે ઉસમેં

સે સિર્ફ ચને બરાબર હલક઼ સે ઉતરી તો રોઝા જાતા રહા વરના નહીં."

*(બહારે શરીઅત, ૧/૫, સફહા : ૯૮૮)*

**૧૪. ક્યા રોઝે કી હાલત મેં ખૂશ્બૂ સૂંઘના મના હૈ ?**

કુછ લોગોં મેં યે ગલતફેહમી પાઈ જાતી હૈ કે રોઝે કી હાલતમેં ખૂશ્બૂ સૂંઘના મના હૈ, યે સરાસર ગલત હૈ. હાં ! ઐસી ખૂશ્બૂ સૂંઘના જિસ કે ઝર્રાત નાક કે અંદર જાએં જૈસે ખૂશ્બૂદાર લોબાન યે મના હૈ ઔર ઈસ સે રોઝા ટૂટ જાતા હૈ. જૈસા કે "ફતાવા રઝવિય્યહ્"મેં હૈ.

"રોઝેદાર ખૂશ્બૂ સૂંઘ સક્તા હૈ, સૂંઘને સે જિસ કે અજઝા દિમાગ મેં ન ચળ્હેં, બખિલાફ અગર, લોબાન કે ધૂએ કે ઈસે સૂંઘ કર દિમાગ કો ચળ્હ જાએગા તો રોઝા જાતા રહેગા." *(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૧૦, સફહા : ૫૧૧)*

**૧૫. ક્યા ખટ્ટી ડકાર આને સે રોઝા ટૂટ જાએગા ?**

કભી કભાર ઐસા હોતા હૈ કે રોઝે કી હાલત મેં ખટ્ટી ડકારેં આતી હૈં, જિન મેં યે મેહસૂસ હોતા હૈ કે ડકાર કે સાથ પાની કી તરહ કોઈ ચીઝ હલક઼ સે નિકલતી હૈ ફિર અપને આપ અંદર ચલી જાતી હૈ, ક્યા ઈસ સે રોઝા ટૂટતા હૈ યા નહીં ? ઈસકે હવાલે સે કુછ લોગ સમજતે હૈં કે ઈસ સે ભી રોઝા ટૂટ જાતા હૈ, જબ કે શરીઅત કે એઅ્તેબાર સે ઐસા નહીં હૈ. ચુનાંચે "ફતાવા રઝવિય્યહ્" મેં હૈ :–

"ખટ્ટી ડકાર સે રોઝા નહીં જાતા."

*(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૧૦, સફહા : ૪૮૬)*

**૧૬. ક્યા રોઝે કી હાલત મેં નાફ કે નીચે કે ઔર બગલ વગૈરા કે બાલ કાટ સકતે હૈં ?**

યે બાત ભી અવામ મેં કાફી મશ્હૂર હૈ કે રોઝે કી હાલત મેં નાફ કે નીચે કે બાલ ઔર બગલ વગૈરા કે બાલ કાટના જાઈઝ નહીં. હાલાં કે શરઅન યે બિલકુલ ગલત હૈ. જૈસે આમ હાલત મેં બગલ, નાફ વગૈરા કે બાલ કાટને કી ઈજાઝત હૈ વૈસે હી રોઝે કી હાલત મેં ભી ઈજાઝત હૈ.

**૧૭. હૈઝો નિફાસવાલી ઔરત રમઝાન મહીને કે દિન મેં પાક હૂઈ તો ક્યા ઉસે દિન મેં ખાને પીને કી ઈજાઝત હૈ ?**

બહોત દફઆ ઐસા હોતા કે રમઝાન મેં ઔરત કો હૈઝો નિફાસ કા ખૂન આ રહા થા જિસકી વજહ સે ઉસને રોઝા નહીં રખા થા લેકિન રમઝાન મહીને કે દિન મેં વોહ ખૂન આના બંદ હો ગયા તો અબ ઉસ ઔરત કે લિયે ક્યા હુક્મ હૈ ? ક્યા ઈફતાર તક ઉસે રોઝેદાર કી તરહ રેહના યા'ની ખાને, પીને ઔર હમ્બિસ્તરી સે બચના ઝરૂરી હૈ યા નહીં ?

ઈસકે હવાલે સે હુકમે શરઅ માલૂમ ન હોને કી વજહ સે બહોત સી ઔરતોં કા યે ખયાલ હૈ કે ખૂન બંદ હોને કે બાદ ઈફતાર તક રોઝેદાર કી તરહ રેહના ઝરૂરી નહીં, બલ્કે ખાને, પીને ઔર હમ્બિસ્તરી કરને કી ઈજાઝત હૈ, યે સોચ બિલ્કુલ ગલત હૈ. ઈસ લિયે કે શરીઅત કા હુકમ યે હૈ કે ખૂન બંદ હોને કે બાદ ઉસે રોઝેદાર કી તરહ રેહના ઝરૂરી હૈ, યહાં તક કે ઈફતાર કા વક્ત હો જાએ. હાં ! યે અલગ બાત હૈ કે ઉસ દિન કે રોઝે કી ક઼ઝા બાદ મેં ઉસ પર લાઝિમ હોગી.

"બહારે શરીઅત"મેં હૈ :–

"હૈઝો નિફાસવાલી ઔરત સુબ્હે સાદિક઼ કે બાદ પાક હો ગઈ, અગર ચે ઝહવ એ કુબ્રા (જિસે ઝવાલ કા વક્ત કહા જાતા હૈ ઉસ) સે પેહલે ઔર રોઝે કી નિય્યત કરલી તો આજ કા રોઝા ન હુવા, ન ફર્ઝ, ન નફ્લ. લેકિન જો કુછ દિન બાક઼ી રેહ ગયા હૈ, ઉસે

રોઝે કી તરહ ગુઝારના વાજિબ હૈ ઔર બાદ મેં ઉસ દિન કી કૃઝા વાજિબ હૈ. મુખ્તસરન.

*(બહારે શરીઅત, ૧/૫, સફ્હા : ૭૭૦)*

**૧૮. ક્યા હર બીમાર કો રોઝા ન રખ કર ઉસકે બદલે મેં ફિદયા દેને કી ઈજાઝત હૈ?**

ઈસ મેં કોઈ શક નહીં અગર બીમાર કો રોઝા રખને કી વજહ સે બીમારી કે બળ્હ જાને યા દેર સે અચ્છા હોને યા સખ્ત તકલીફ લાહિક્ હોને કા કૃવી અંદેશા વ ખોફ હો તો શરઈ એઅ્તેબાર સે ઉસે રોઝા છોળને કી ઈજાઝત હૈ લેકિન ઉન છોળે હૂએ રોઝોં કે બદલે કૃઝા રોઝે રખને હૈં યા ફિદયા દેને કી ઈજાઝત હૈ? ઈસ કે હવાલે સે આમ તોર પર યે સમજા જાતા હૈ કે મુત્લકૃન હર બીમાર કો રોઝે કે બદલે ફિદયા દેને કી ઈજાઝત હૈ, હાલાં કે શરઅન યે ગલત હૈ. શરીઅત કે એઅ્તેબાર સે આમ બીમાર કે લિયે તો યહી હુક્મ હૈ કે જિતને રોઝે છૂટે તાકૃત આને પર બાદ મેં ઉનકી કૃઝા ઝરૂરી હૈ, ગરમિયોં મેં નહીં રખ સકતા તો ઠંડિયોં મેં રખે, એક સાથ નહીં રખ સકતા તો અલગ અલગ રખે, ઐસે બીમાર કે લિયે રોઝે કે બદલે ફિદયા દેનેકી ઈજાઝત નહીં, અલ્બત્તા અગર કિસી કી બીમારી ઈસ હદ તક પહોંચ જાએ કે આઈંદા ઉસકે અંદર કિસી ભી વકૃત કિસી ભી તરીકૃ સે રોઝા રખને કી તાકૃત બાકૃી ન રહે, ઔર ગાલિબે ગુમાન યહી હૈ કે યે બીમારી મરતે દમ તક રહેગી તો ઐસે બીમાર કે લિયે ફિદયા દેને કી ઈજાઝત હૈ.

ફિદયા યે હૈ કે હર રોઝે કે બદલે એક સદકૃએ ફિત્ર કી મિકૃદાર રૂપે, પૈસે યા સામાન કિસી શરઈ ફકૃીર કો દે. ઔર સાથ મેં યે ભી વાઝેહ રહે કે ફિદયા દેને કે બાદ અગર રોઝા રખને કી તાકૃત આ ગઈ તો સબ રોઝે હી રખને હોંગે ઔર વોહ ફિદયા નફલી સદકૃા હો જાએગા.

કુર્આને કરીમ મેં અલ્લાહ તઆલા કા ઈર્શાદ હૈ :

فَمَنْ كَانَ مِنْكُمْ مَّرِيْضًا اَوْ عَلٰى سَفَرٍ فَعِدَّةٌ مِّنْ اَيَّامٍ اُخَرَ ؕ وَ عَلَى الَّذِيْنَ يُطِيْقُوْنَهٗ فِدْيَةٌ طَعَامُ مِسْكِيْنٍ ؕ

"તો તુમ મેં જો કોઈ બીમાર યા સફર મેં હો તો વોહ ઈતને રોઝે દૂસરે દિનોં મેં રખે ઔર જિન કે અંદર રોઝા રખને કી તાકૃત ન હો તો વોહ એક મિસ્કીન કે ખાને કે ઝરિઆ ફિદયા અદા કરે."

*(સૂરએ બકૃરહ, ૨/૧૮૪)*

ઈસ આયતે કરીમા કે તહત "હકીમુલઉમ્મહ હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી" رضی اللہ عنہ ફર્માતે હૈં : "ઈસ સે મુરાદ વોહ શખ્સ હૈ જિસ મેં અબ ભી રોઝા રખને કી તાકૃત ન હો ઔર આઈંદા આને કી ઉમ્મીદ ન હો, જૈસે બહોત કમઝોર બૂળ્હા યા મર્ઝે મોત મેં મુબ્તલા (યા'ની ઐસી બીમારી મેં મુબ્તલા હૈ કે અબ ગાલિબે ગુમાન યહી હૈ કે ઈસી મેં મૌત વાકૃેઅ હો જાએગી) ઔર અગર કફ્ફારા દેને કે બાદ તાકૃત આ ગઈ તો ફિર રોઝા કૃઝા કરના હોગા."

*(નૂરુલ્ઈર્ફાન, અલ્બકૃરા, આયત : ૧૮૪, સફ્હા : ૪૩)*

"ફતાવા અમજદિયા"મેં હૈ :–

"જિત્ને રોઝે ઝિમ્મે મેં હૈં, જબ તક ઉસકો કુવ્વત હો ફર્ઝ હૈ કે ઉનકી કૃઝા કરે, કુવ્વત હોતે હૂએ ઉનકા ફિદયા અદા કરના કાફી ન હોગા."

*(ફતાવા અમજદિયા, જિલ્દ : ૧, સફ્હા : ૩૯૬)*

"બહારે શરીઅત" મેં હૈ :–

"હર રોઝે કે બદલે મેં ફિદયા યા'ની દોનોં વકૃત એક મિસ્કીન કો ભર પેટ ખાના ખિલાના ઉસ પર વાજિબ હૈ, યા હર રોઝે કે બદલે મેં સદકૃએ ફિત્ર કી મિકૃદાર મિસ્કીન કો દે દે. અગર ફિદયા દેને કે બાદ ઈત્ની તાકૃત આ ગઈ કે રોઝા રખ સકે, તો ફિદયા સદકૃએ નફ્લ હો કર રહ ગયા, ઉન રોઝોં કી કૃઝા રખે." *(બહારે શરીઅત, ૧/૫, સફ્હા : ૧૦૦૬) (ક્રમશઃ)*

www.barkatekhwaja.net

# મેહફિલે નઅત કે જાહિલ

## નઅતખ્વાંની ડાન્સ પાર્ટી ?!

કાર્યાલય

મોઅતબર કિતાબોથી સાબિત છે કે હુઝૂર ﷺ હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہ માટે મિમ્બર તૈયાર કરતા હતા અને તેના પર બાઅદબ બેસીને હઝરત હસ્સાન رضی اللہ عنہ શાને મુસ્તફા ﷺમાં નઅત શરીફ પઢતા હતા. ત્યારબાદના સર્વ નઅતે પાક પઢનારા બાઅદબ રીતે નઅતે પાક પઢતા હતા. **શું તમે એ વસ્તુ માની શકો છો કે આજકાલ કેટલાક નઅતખ્વાં નઅતના સ્ટેજો પર જે રીતે ડાન્સ કરતા હોય એ રીતે વાંકા ચૂકા થઈને જાણે ગુલાંટી મારતા હોય એવાં નખરાં સાથે આખા સ્ટેજ પર કૂદાકૂદ કરીને કોઈ સહાબીએ કે બુઝુર્ગે હુઝૂરે અકરમ ﷺસમક્ષ નઅત પઢી હોય ?! અને ગૈર કૌમના "ડાયરા"ની જેમ હુઝૂર ﷺની હાજરીમાં નોટો ઉછાળી ઉછાળીને તેનો વરસાદ કરી પોતાના ઈશ્કનો ઈઝહાર કર્યો હોય ?!** હરગિઝ નહીં ! તો પછી આ શું તમાશા થઈ રહ્યા છે ?! **નઅતે પાક પઢનાર સમજે કે હુઝૂર ﷺની સમક્ષ નઅતે પાક પઢી રહ્યો છું અને બાઅદબ થઈને શરીઅતમાં માન્ય શેઅરો પઢે અને સાથે મ્યૂઝિકની ધાંધલ ધમાલ કે માઈકની સેટિંગ, ઈકો વગેરેની અતિશયતાથી થાળીઓ કે વાજિંત્રો વાગતો હોય તેવો હુબહૂ અવાજ ન કાઢે, એ રીતે અદબપૂર્વક નઅત પઢે અને મજમો પણ શાંતિથી અદબપૂર્ણ રહીને સાંભળે અને કોઈ શેઅર સારો લાગે તો સુબ્હાનલ્લાહ ! કહે ત્યાં સુધી બરાબર છે.** પણ "ડાયરો" ચાલતો હોય તેમ મ્યૂઝિક વાગતુ હોય તેવા અવાજો ઉત્પન્ન કરી નાચી કૂદીને ગવૈયા જેમ પઢવું અને મજમો પણ કોઈની શાદીમાં નાચતા હોય તેમ નોટોની થપ્પીઓ હવામાં ઉડાડે ! આ બધુ શું છે ?! આ કયા બુઝુર્ગની સુન્નતો અદા થઈ રહી છે ? શું આ રિયાકારી નથી ? શું આમાં સવાબને બદલે ગુનાહ અને અદબને છોડીને બેઅદબી નથી ?!

અમુક નઅતખ્વાં "અલી... અલી... અલી.... અલી..." કરતાં કરતાં લાંબા સમય સુધી ગુલાંટીઓ જાણે મારે છે, તો શું આ અદબ છે કે બેઅદબી છે ?! આ તરીકો કયા દીની બુઝુર્ગે બતાવ્યો છે ?!

એટલું જ નહીં બલ્કે **કેટલાક જાહિલ નઅતખ્વાં શીઆઓનું સમર્થન કરતા શેઅરો મન્કબતોમાં પઢી કાઢે છે.** અહલે સુન્નતના અકીદા વિરુદ્ધ આ કામો કરી ગુમરાહીનો શિકાર પોતે બને છે અને મજમાની નાદાન અવામ તેમાં પણ સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ ! પઢીને ગુમરાહીમાં પડે છે ! વળી લાખો રૂપિયા આવા જાહિલ નઅતખ્વાનો પાછળ ઉડાડીને તેમને માલામાલ કરી દેવામાં આવે છે જેમાં હરગિઝ કોઈ સવાબની પણ ઉમ્મીદ નથી જણાતી !

તો પબ્લિકે જોઈએ કે અહલે સુન્નતના ઈલ્મવાળા (ગંભીર) સંજીદા ઈશ્કે મુસ્તફા ﷺ પર બયાન કરનારા, બુઝુર્ગોની શાન કુર્આન હદીષની રૂએ બતાવનારા અથવા ગંભીરતાથી સહીહ તરીકાથી પઢનારા નઅતખ્વાનોને બોલાવે, તેમને યોગ્ય નઝરાણા આપે, તેમની વાતો પર અમલ કરે તો જ સવાબના પણ હક્કદાર બનશે. લોકો ડ્રામા તથા ડાન્સ પાર્ટી જેવું નાટક કરનારા નઅતખ્વાનોને જાકારો આપે એવી અમો અપીલ કરીએ છીએ. સુન્નીઓ ! સમજો અને શરીઅત વિરુદ્ધ ધમાલ મચાવતા પ્રોગ્રામો કરનારાને જાકારો આપો.

વળી કેટલાક કવ્વાલો પણ નાજાઈઝ બલ્કે કુફ્રી શેઅરો પણ પઢી દે છે, અને હાજર પીર તથા મુરીદો તેના પર પણ ઝુમીઝુમીને નોટો ઉડાડે છે અને પોતાના ઈમાનને ખતરામાં નાખે છે. જેમ કે એક કવ્વાલ કહે છે : **"હમારા અલ્લાહ હમારે જૈસા ! ઉઠતા બેઠતા ચલતા ફિરતા..."** તો "અલ્લાહને આપણા જેવા" કહેવું શું કુફ્ર નથી ?! અલ્લાહે બુધ્ધિ આપી છે તો આવી મેહફિલોથી પણ દૂર રહેવું જોઈએ.

www.barkatekhwaja.com



# ઈમ્તિનાએ નઝીર એટલે હુઝૂર ﷺ ના જેવા પેદા થવું અશક્ય છે

હપ્તો પહેલો

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર દારુલ ઈફતા જામિઆ અશરફિયા-મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

## (ત્રીજો મસ્અલો)

## ★ 'હુઝૂર ﷺના જેવા પેદા થવું અશક્ય' એ અક઼ીદાની સ્પષ્ટતા તથા ઈસ્લામમાં એનું મહત્વ ★

સૈયદુલ અંબિયા ખાતમુલ મુરસલીન ﷺની નઝીર (ના જેવા) પેદા થવું મુહાલ (અશક્ય) છે. કેમ કે હુઝૂર ﷺ સર્વ નબીઓ અને રસૂલોમાં આખરી નબી તથા આખરી રસૂલ છે. આપના બાદ કોઈને નબુવ્વત મળવી અશક્ય છે, તો પછી આપના જેવા કોઈ અન્યનું થવું પણ અશક્ય છે. અને સર્વ સિફતો (ખૂબીઓ) તથા કમાલોમાં કોઈનું આપના સમાન હોવું મુહાલ બિઝ્ઝાત (સ્વભાવિકપણે અશક્ય) છે. કેમ કે સર્વ ખૂબીઓ તથા કમાલોમાં આખરી નબી પણ હોય અને આ ખૂબી હુઝૂર ﷺ માટે ખાસ છે, જેવું કે કુર્આને હકીમની આયતે કરીમા, મુતવાતિર હદીષો અને ઉમ્મતના ઈજમાઅથી પાછલા પેજોમાં એને સાબિત કરવામાં આવી ચૂક્યું છે.

એનાથી વિરુદ્ધ જઈને વહાબીઓના ઈમામ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી પોતાના મઝહબનો અક઼ીદો આ પ્રમાણે વર્ણવે છે. ***"એ શહેનશાહ (અલ્લાહ)ની તો એ શાન કે એક પળમાં એક "કુન" હુકમ થકી ચાહે તો કરોડો નબી અને વલી અને જિન તથા ફરિશ્તા જિબ્રઈલ અને મુહમ્મદ ﷺની સમાન (બરાબર) પેદા કરી આપે."***

*(તક઼વિયતુલ ઈમાન, પેજ-૨૯)*

નિઃશંક ! અલ્લાહ તઆલાએ પોતાની કામિલ કુદરત વડે કરોડો કરોડ માણસો પેદા કર્યા અને જ્યારે ચાહે એક ક્ષણમાં કરોડો શું અસંખ્ય માણસો એક "કુન" હુકમ થકી પેદા ફર્માવી આપે. આજે પણ અસંખ્ય માણસોનું વજૂદ એના જ "કુન" હુકમનો એક અદના સરખો મન્ઝર છે. એમાં કોઈ મુસલમાનને શો વાંધો હોય શકે ?!

પરંતુ તે ઝાતે કુદસી સિફાત જેને ખુદાએ ક઼ાદિર વ તવાનાએ (રબ તઆલાએ) ખાતમુન્નબીય્યીન અને આખિરુલ મુરસલીન બનાવીને મોકલ્યા. સાથોસાથ ઘણા બધા એવા કમાલો અતા કર્યા જે અન્ય અંબિયા તથા રસૂલોને નથી મળ્યા, એ ઝાતે કુદ્સના સમાન અલ્લાહ તઆલા કોઈ નબી પેદા કરે એને કોઈ મુસલમાન માનતો નથી, બલ્કે કોઈ મુસલમાન એ પણ નથી માનતો કે અલ્લાહ તઆલા હવે આપનાથી ઓછા દરજાવાળો પણ કોઈ નબી પેદા કરે.

## ★ અહલે સુન્નતની દલીલો ★

કુર્આને અઝીઝની આ નસ્સે ક઼તઈ (કુર્આની આયતની દલીલ) આ અક઼ીદાની રોશન (ઉઘાડી) દલીલ છે :

مَا كَانَ مُحَمَّدٌ اَبَآ اَحَدٍ مِّنْ رِّجَالِكُمْ وَ لٰكِنْ
رَّسُوْلَ اللّٰهِ وَ خَاتَمَ النَّبِيّٖنَ

"મુહમ્મદ તમારા પુરૂષોમાં કોઈના બાપ નથી, પરંતુ અલ્લાહના રસૂલ અને ખાતમન નબીય્યીન (નબીઓમાં છેલ્લા) છે." *(સૂરએ અહઝાબ, ૩૩/૪૦)*

ખત્મે નબુવ્વતવાળા લેખમાં અમે સરકારે દોઆલમ ﷺની ૩૬ હદીષો નકલ કરી છે. દા.ત. :

www.barkatekhwaja.net

- أَنَا خَاتَمُ النَّبِيِّينَ لاَ نَبِيَّ بَعْدِي.
- إِلَّا أَنَّهُ لَيْسَ نَبِيٌّ بَعْدِي.
- أَنْ تَكُونَ مِنِّي بِمَنْزِلَةِ هَارُونَ مِنْ مُوسَىٰ، إِلَّا أَنَّهُ لَيْسَ نَبِيٌّ بَعْدِي.
- وَأَنَا الْعَاقِبُ. وَالْعَاقِبُ: الَّذِى لَيْسَ بَعْدَهُ نَبِيٌّ.
- لَمْ يَبْقَ مِنَ النُّبُوَّةِ إِلَّا الْمُبَشِّرَاتُ.
- إِنَّ الرِّسَالَةَ وَالنُّبُوَّةَ قَدِ انْقَطَعَتْ فَلاَ رَسُولَ بَعْدِي وَلاَ نَبِيَّ.
- ذَهَبَتِ النبوّة ، فلا نبوّةَ بعدي.
- فَأَنَا اللَّبِنَةُ ، وَأَنَا خَاتَمُ النَّبِيِّينَ.
- فَأَنَا مَوْضِعُ اللَّبِنَةِ جِئْتُ فَخَتَمْتُ الأَنْبِيَاءَ.
- كُلَّمَا هَلَكَ نَبِيٌّ خَلَفَهُ نَبِيٌّ، وَإِنَّهُ لاَ نَبِيَّ بَعْدِي.
- وَلَوْ قُضِيَ أَنْ يَكُونَ بَعْدَ مُحَمَّدٍ – صلَّى الله عليه وسلم – نَبِيٌّ عَاشَ ابْنُهُ، وَلَكِنْ لاَ نَبِيَّ بَعْدَهُ.

જ્યારે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલે મુર્તઝા વ નબીયે મુજતબા ﷺ પર નબુવ્વત ખત્મ કરી આપી, હવે કોઈ નબીનું પેદા થવું ખત્મે નબુવ્વતની શાનની વિરુદ્ધ છે, તો પછી કરોડો નબી તે પણ ખૂબીઓ તથા કમાલોમાં ખાતમુન્નબીય્યીનના બરાબર પેદા થવા શક્ય નથી.

આ મુબારક હદીષોથી તવાતુરની સાથે એ સાબિત થાય છે કે રસૂલે મુર્તઝા ﷺના નબુવ્વતના એલાન બાદ નબુવ્વત તથા રિસાલતનો ક્રમ ખત્મ થઈ ગયો. આપના પછી હવે કોઈ નબી પેદા થશે નહીં. આપ નબુવ્વતની ઈમારતની આખરી ઈંટ છે એટલા માટે એમાં કોઈ નવા નબીનો વધારો અશક્ય છે. જેથી કરોડો નબી, તે પણ સર્વ સિફતો (ખૂબીઓ) તથા કમાલમાં "ખાતમન્નબીય્યીન"ના બરાબર પેદા થવું અશક્ય છે.

**ઈમ્તિનાઉન્નઝીર (નબી ﷺ જેવા થવું અશક્ય) પર અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી رَحْمَةُ اللهِ عَلَيْهِની બે જબરદસ્ત સનદો**

ઉસ્તાઝે મુત્લક અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી رَحْمَةُ اللهِ عَلَيْهِએ આયતે કરીમા وَخَاتَمَ النَّبِيّٖنَથી ઈમ્તેનાઉન્નઝીર (નબી ﷺના જેવા પેદા થવું અશક્ય) પર બે જબરદસ્ત સનદો (પ્રમાણો) રજૂ કરેલ છે અને હુજ્જતે કાતિઆ રજૂ કરી છે. અમે અહીં તેનો ઉર્દૂ તર્જુમો નકલ કરીએ છીએ.

**(૧) પ્રથમ સનદ વિશે :** આપ લખે છે : એ કાઈલ (ઈમામુલ વહાબિયા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)ના લખાણનો મતલબ એ છે કે," હુઝૂર સૈયદે કાઈનાત ﷺના સર્વ કમાલો (ખૂબીઓ)માં બરાબર કરોડો શખ્સો પેદા થવાનો સંબંધ સહીહ છે." જે શખ્સ ઉર્દૂ ભાષા સાથે થોડીક સરખી વાકેફિયત ધરાવે છે તે આ લખાણથી આ જ અર્થ નીકળવામાં શક કરશે નહીં. જ્યારે કે હુઝૂર ﷺની પ્રશંસાપાત્ર ખૂબીઓવાળી જાતથી તમામ ગુણો (ખૂબીઓ) તથા કમાલોમાં બરાબરી ધરાવનાર પેદા થવું સહીહ હોવું બાતિલ છે. કેમ કે એવો એક શખ્સ પણ અસ્તિત્વ પામ્યો તો કુર્આની આયતનું જૂઠુ હોવું લાઝિમ થશે ! અને અલ્લાહ તઆલાનું જૂઠુ બોલવું અશક્ય (મુહાલ) બિઝ્ઝાત છે. અને જેને મુહાલ બિઝ્ઝાત લાઝિમ થાય તેનાથી તકવીન (પેદા થવું)નો સંબંધ સહીહ થશે નહીં. *(તહકીકુલ ફતાવા ફી ઈબ્તાલિત્તગા મુતર્જિમ, પેજ–૧૫૫, અલમજમઉલ ઈસ્લામી, મુબારકપુર)*

આપ લખે છે : એવું કહેવું કે, "સર્વ કમાલોમાં હુઝૂર ﷺના બરાબરવાળાનું થવું શક્ય છે." એ વિરોધીઓના ઈજતેમા (વિરોધાભાસીઓનું સંગમ)ની શકયતાનો સ્વીકાર કરવું છે, અને તે બાતિલ છે.

એની દલીલ એ છે કે જો ધારી લેવામાં આવે કે કોઈ શખ્સ સર્વ કમાલોમાં નબી કરીમ ﷺના બરાબર છે, તો બે સ્થિતિઓથી ખાલી નથી :

તે શખ્સ ક્યાં તો ખાતમુલ અંબિયા હશે. અથવા ખાતમુલ અંબિયા નહીં હોય.

બંને સ્થિતિઓમાં તે શખ્સ હુઝૂર ﷺના બરાબર થશે, કેમ કે તે શખ્સ જો ખાતમુલ અંબિયા હશે તો તો અનાયાસે હુઝૂર ﷺ તે નબીઓના ગૃપમાં દાખલ થશે જેમનો તે ખાતિમ છે. અને મઆઝલ્લાહ ! હુઝૂર ﷺ ખાતમુલ અંબિયા ન રહેશે ! વળી એ શખ્સમાં એક એવો કમાલ (ખાતમુલ અંબિયા હોવું)

www.barkatekhwaja.net

થશે જે નબી કરીમ ﷺમાં નહીં હોય ! જેથી હુઝૂર ﷺ તે શખ્સના બરાબર ન થશે. (અને તે શખ્સ આપના બરાબર ન થશે, બલ્કે આપના કરતાં ઉચ્ચ મર્તબાવાળો થશે !)

અને જો તે શખ્સ ખાતમુલ અંબિયા થાય તો કેમ કે હુઝૂર ﷺ યક઼ીનન ! ખાતમુલ અંબિયા છે, જેથી હુઝૂર ﷺમાં ખાતમુલ અંબિયા હોવાનો કમાલ જોવા મળશે જે આ તક઼દીર પર એ શખ્સમાં નથી, છતાં પણ તે શખ્સ હુઝૂર ﷺના બરાબર ન થયો. બંને સ્થિતિઓમાં સમાનપણુ (બરાબરી) ધારી લેવા છતાં તેનું બરોબરીયો (સમાન) ન હોવું લાઝિમ થયું. (બીજા શબ્દોમાં તે સર્વ કમાલોમાં આપના બરાબર પણ થયો અને બરાબર ન પણ થયો. તો આ વિરોધીઓનું ભેગા થવું છે, જે મુહાલ (અશક્ય) બિઝ્ઝાત છે. *–નિઝામ*)

જેથી સાબિત થયું કે સર્વ કમાલોમાં હુઝૂર ﷺના બરાબર શખ્સનું મૌજૂદ હોવું એ બાબતને લાઝિમ કરે છે કે એ શખ્સ સર્વ કમાલોમાં હુઝૂર ﷺના બરાબર ન હોય. જેથી સ્પષ્ટ થઈ ગયું કે સર્વ કમાલોમાં હુઝૂર ﷺના બરાબર શખ્સનું ક઼ૌલ કરવું (હુઝૂર ﷺના બરાબર હોવાનું કહેવું) ઈજતેમાએ નક઼ીદૈન (વિરોધાભાસીઓનું સંગમ)ની શક્યતાનો ક઼ૌલ કરવું છે, અને એ તો મુહાલ બિઝ્ઝાત (મુદ્દલે અશક્ય) છે, જેથી સર્વ કમાલોમાં હુઝૂર ﷺના બરાબર મૌજૂદ હોવું મુહાલ બિઝ્ઝાત છે." *(ઉપર મુજબ, પેજ–૧૬૬)*

ખત્મે નબુવ્વતવાળા લેખના હવાલાથી જે છત્રીસ હદીષોનો ક્રમ દલીલોમાં અમે સંક્ષિપ્તપણે વર્ણવેલ છે, તેમનાથી પણ દલીલ રજૂ કરવાની આ જ બે તક઼રીરો (ચર્ચાઓ) લાગુ થશે.

## ★ વિવાદ શું છે અને પાયાની દલીલ શું છે ?! ★

ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ પોતાના એક ફત્વામાં આ દલીલને યથાવત રાખી છે અને એની તક઼રીર (ચર્ચા) એ અંદાઝમાં કરી છે કે સમયના કેટલાક લોકોએ એના પર વાંધા ઉઠાવ્યા છે તે ઉઠી જાય છે.

ઈમામે અહલે સુન્નતે પ્રથમ એ સ્પષ્ટ કર્યું કે વિવાદ શું છે, પછી દલીલની તક઼રીર (ચર્ચા)ને વુરૂદે નસ (દલીલમાં આયત કે હદીષ પેશ કરવા) પર અવલંબિત નથી કરી, વળી નસની અવગણના પણ નથી કરી. હવે ખૂબ જ ધ્યાનપૂર્વક ઈમામ અહમદ રઝાનું લખાણ વાંચો, આપ લખે છે :–

★ અલ્લાહ عزوجل تعالیٰ પર વાજિબ ન હતું કે એ ઉચ્ચ કમાલોને જે હુઝૂરે અક઼દસ ﷺને કેવળ પોતાના ફઝ્લથી અતા કર્યા તે હુઝૂર ﷺને અતા કરતો. બલ્કે શક્ય હતું કે મુહમ્મદ બિન અબ્દુલ્લાહની જગાએ અહમદ બિન અબ્દુલ મુત્તલિબને આપતો, બલ્કે કોઈને ન આપતો, બલ્કે મુદ્દલે દુનિયા જ ન બનાવતો તો કાંઈ એના માટે જરૂરી ન હતું. એમાં કોઈનો વિવાદ (વાંધો) નથી.

★ જેવું કે અરબાબે બસીરત (દષ્ટિવાળાઓ)ને અલ્લાહના ફઝ્લથી એમાં પણ મુદ્દલે કોઈ શંકા કુશંકા નથી કે આ તક઼દીર પર તે અહમદ બિન અબ્દુલ મુત્તલિબ ન હોત તો પણ હુઝૂર પુરનૂર كما لا يخفى على ذوي النور હુઝૂર એ ઝાતે કરીમથી મુરાદ છે જે મઝહરે અવ્વલ તથા મુત્લક઼ ખલીફા છે.

અને એમાં પણ વિવાદ નથી કે હુઝૂર અક઼દસ ﷺના અમુક અવસાફ (ખૂબીઓ)માં શરીક હોવું શક્ય છે બલ્કે મૌજૂદ છે. અલ્લાહ તઆલા સર્વ નબી "નબુવ્વતની સિફત" (ખૂબી)માં હુઝૂરે અક઼દસ ﷺના શરીક઼ છે.

**વિવાદ** : مِثل من حيثُ هو مِثلમાં છે એટલે હુઝૂરે અક઼દસ ﷺના તમામ અવસાફ તથા કમાલની ખૂબીઓમાં હુઝૂર ﷺનો ભાગીદાર તથા બરોબરીયો કે દરેક કમાલની એક સિફત જે હુઝૂરને છે તે બીજા માટે પણ હોય.

આ કૃત્અન મુહાલ (તદ્દન અશક્ય) બિઝ્ઝાત છે કે مِثلِيّت એ اِثْنَيْنِيَّتْ وَاِشْتِرَاك વિના મઅકૂલ (યોગ્ય) નથી. (એટલે "મિષ્લ" (સમાન) થવું ત્યાં જોવા મળશે જ્યાં કમસે કમ બે હોય, અને બંનેવ સર્વ ખૂબીઓ (સિફતો)માં એકબીજાના શરીક હોય. –નિઝામ) અને હુઝૂરે અક્દસ ﷺના હજારો ઉચ્ચ કમાલો✪થી સજ્જ છે (એટલે કે સરકાર ﷺના હજારો કમાલો એવા છે જે હુઝૂરની સાથે ખાસ છે, કોઈ એ ખૂબીઓમાં આપનો ભાગીદાર થવાને પાત્ર નથી. ન તો તે ખૂબીઓ એને લાયક છે કે હુઝૂરના સિવાય બીજામાં જોવામાં આવે. –નિઝામ)

જેમ કે : ★ ખાતમુન્નબીય્યીન ★ અફઝલુલ મુરસલીન ★ અવ્વલુલ મન ખલક્લ્લાહ ★ અવ્વલુ શાફિક ★ અવ્વલુલ મુશફ્ફઅ ★ અવ્વલુ મન તન્શક્કુ અન્હુલઅર્દ્ ★ સાહિબુલ મકામુલ મહમૂદ ★ ઈલા ગૈર ઝાલિક.

કેમ કે અવ્વલ તે છે કે ન તેના પહેલાં કોઈ હોય, ન તેની સાથે કોઈ હોય, એ જ પ્રમાણે આખિર તે છે ન તેના બાદ કોઈ હોય, ન તેની સાથે કોઈ હોય.

તો આ (વસ્ફે આખિર = અંતિમ હોવાની ખૂબી) એક પર જ લાગુ થઈ શકશે, જો બીજાને પણ દા.ત. ખાતિમ (આખરી નબી) માનો તો ત્રણ સ્થિતિથી ખાલી નથી :

❒ ક્યાં તો તે હુઝૂરથી પહેલાં થશે. તો ખાતિમ ન રહ્યો કે હુઝૂર એના બાદ છે.

❒ ક્યાં તો તે હુઝૂરથી પછી થશે. તો મઆઝલ્લાહ ! હુઝૂર ખાતિમ (અંતિમ) ન રહ્યા, કેમ કે ખત્મિયત જેવી રીતે મનાફી બઅદિયત છે, એ જ પ્રમાણે નાફીયે મઈય્યત. એ જ પ્રમાણે અવ્વલિયતને ક્યાસ કરશો. (એટલે બરાબર એ જ મામલો અવ્વલનો પણ છે કે એની પણ આ જ ત્રણ સ્થિતિઓ થશે અને આ જ દલીલ રજૂ થશે અને છેવટે એ લાઝિમ આવશે કે જેને હુઝૂરના સિવાય પણ અવ્વલ મખ્લૂકાત (લોકોમાં પ્રથમ) અને શાફેઅ વગેરે માનેલ છે તે પ્રથમ હોય. અને ન પણ હોય. અને આ મુહાલ બિઝ્ઝાત છે.

અને સંપૂર્ણપણે જાહેર છે કે આ ઈસ્તિહાલા (મુહાલ બિઝ્ઝાત, અશક્ય હોવું) કોઈ એનાથી જાહેર ન થયું કે કુર્આન મજીદમાં હુઝૂરને "ખાતિમ" કહેવામાં આવ્યા, અથવા એ ખૂબીઓ હુઝૂરને અતા થઈ. બલ્કે એ સૌથી નજર હટાવીને અઝલ (પ્રારંભિક કાળ) માં જોઈએ તો એ સમયે પણ આ અવસાફ (ખૂબીઓ) اشتراك بين الاثنين (બંનેની ખૂબી) બનવાને કાબેલ નથી. અને મિષ્લિયત (કોઈનું બીજાના જેવા હોવું) ભાગીદારી વિના અશક્ય. તો સાબિત થયું કે હુઝૂરના જેવાનું અશક્ય હોવું નફસે ઝાત એટલે "નફસે ઝાતે વહદત"ની મરજી નથી, એનું નામ મુહાલ બિઝ્ઝાત છે.

યાદ રાખશો કે અહીં અર્થ અવ્વલ તથા આખિરમાં વિરોધીઓનું વાંધો લેવું તદ્દન બેકાર છે. ધારો કે જો બે નઝદીકવાળાઓને પણ અવ્વલ તથા આખિર કહી દેવામાં આવે છે, તો અહીં એવું તદ્દન નથી, કેમ કે હુઝૂરની અવ્વલિયત તથા આખિર હોવું યકીનની સાથે એ અર્થ પર છે કે "ન કોઈ સાથે હોય, ન પહેલાં હોય ન બાદમાં હોય."

આ તક્રીર (ચર્ચા) મેહફૂઝ રહે તો વિરોધીઓની સર્વ દલીલોની હકીકત ખુલી જશે, કે તેઓ વાંધાઓના સ્થાનોથી તદ્દન અપરિચિત છે.

*–(ક્રમશઃ)*

*✪ "હજારો કમાલો" દા.ત. હુઝૂર સૈયદે આલમ ﷺનો એક કમાલ છે "અફઝલુલ મુરસલીન" હોવું. તો આપ સામૂહિક રીતે પણ તમામ નબીઓ તથા રસૂલોથી અફઝલ છે અને વ્યક્તિગત રીતે પણ દરેક નબી તથા રસૂલથી અફઝલ છે અને નબીઓ તથા રસૂલોની સંખ્યા એક લાખ કરતાં અધિક છે. તો આ રીતે જોતાં સરકાર ﷺનો એક કમાલનો વસ્ફ (ખૂબી) એક લાખ કમાલના અવસાફ (ગુણો)થી વધુ થયો. હવે આ રીતે સરકાર ﷺની દરેક કમાલની ખૂબીને સામૂહિક તથા વ્યક્તિગત હૈસિયતથી જોતા જાવ તો ઈમામે અહલે સુન્નતના આ ઈર્શાદની સદાકત (સચ્ચાઈ) ધોળા દિવસની જેમ જાહેર થતી જશે.*

www.barkatekhwaja.net

# જૂઠી રિવાયતો વિશે જાણો

અઝ : મુફ્તી મુનીબુર્રહમાન સાહબ
(મુફ્તીએ આ'ઝમ પાકિસ્તાન)
હપ્તો છેલ્લો
રજૂ.: મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી
(મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

એ જ રીતે મેઅરાજના વાકેઆ વિશે ઘણા બધા લોકોએ વિવિધ હદીષો ઘડી રાખી છે. જેમ કે ઘણા બધા મુકર્રિરો ખૂબ જ તરંગ અને જોશમાં આ રિવાયત બયાન કરે છે :–

## ★ મેઅરાજમાં હુઝૂર ﷺનું પગરખાં પહેરવા વિશે ★

નબીએ કરીમ ﷺએ જ્યારે શબે મેઅરાજમાં અર્શે ઈલાહી તરફ જવાનો ઈરાદો ફર્માવ્યો તો દિલમાં ખયાલ આવ્યો કે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા عليه السلامને વાદીએ તુવામાં પગરખાં ઉતારવાનો હુકમ આપ્યો હતો, માટે એ જ ફર્માને ઈલાહીના કારણે આપે પણ પોતાના પગરખાં ઉતારવા ચાહ્યું, અવાજ આવ્યો : હે મુહમ્મદ ! પોતાના પગરખાં ન ઉતારો, પગરખાં સાથે જ આવો જેથી આપના પગરખાંની બરકતથી અર્શે આ'ઝમને ફઝીલત પ્રાપ્ત થઈ જાય.

આ રિવાયતને પણ મુહદ્દિષોએ તદન મનઘડત અને પાયા વિહોણી ઠરાવી છે.

અલ્લામા અબ્દુલ હય્ય લખ્નવી આ રિવાયત વિશે લખે છે, "આ કિસ્સાનું વર્ણન ઘણા બધા નઅ્તગો શાયરોએ કર્યુ છે અને તેને પોતાની કિતાબોમાં સામેલ કર્યો અને અમારા જમાનાના અધિકતમ વાએઝકર્તાઓ તેને સંક્ષિપ્ત અથવા વિસ્તૃત રીતે પોતાની મજલિસોમાં બયાન કરે છે, જ્યારે કે શેખ અહમદ નઝરીએ પોતાની કિતાબ "ફત્હુલ મુતઆલ ફી મદિહત્તુગાલ"માં અને અલ્લામા રઝીઉદ્દીન કુઝવૈની તથા મુહમ્મદ બિન અબ્દુલ બાકી ઝુર્કાનીએ શર્હે મવાહિબુલ લદુન્નિયામાં ઘણી ચોખવટ સાથે સ્પષ્ટતા કરી છે કે આ કિસ્સો સંપૂર્ણ રૂપે બનાવટી છે. અલ્લાહ તેને ઘડનારને બરબાદ કરે."

મેઅરાજ શરીફની ઘણી બધી રિવાયતોમાંથી કોઈ એક રિવાયતથી પણ સાબિત નથી કે નબીએ કરીમ ﷺ તે સમયે પગરખાં પહેરેલ હતા. અલ્લામા શરીફુલ હકક્ અમજદી લખે છે. "આ રિવાયતના જૂઠ અને મનઘડત હોવા માટે એ જ પૂરતુ છે કે હદીષની કોઈ મોઅતબર કિતાબમાં આ રિવાયત વર્ણન થઈ નથી. જે સાહબ એ બયાન કરે છે કે નઅલૈન પાક પહેરી અર્શ પર ગયા તેમનાથી પૂછો કે ક્યાં લખ્યું છે. *(ફતાવા શારેહે બુખારી, ૧/૩૦૭)*

## ★ હઝરત ઉવૈસ કરનીનું પોતાના દાંત તોડવા વિશે ★

હઝરત ઉવૈસ કરની વિશે વાએઝકર્તાઓ બયાન કરે છે, "જ્યારે તેમણે ગઝવએ ઉહૂદમાં હુઝૂર ﷺના બે દાંત મુબારક તૂટવા વિશે સાંભળ્યું તો તુરંત જ ઈશ્કમાં પોતાના બધા દાંત તોડી નાખ્યા કે ન જાણે આપનો કયો દાંત મુબારક શહીદ થયા હશે. એક જગાએ તો એ પણ વાંચવા મળ્યું કે તેમના તૂટેલા દાંત સહીહ સલામત ફરી નીકળી આવ્યા તો તેમણે ફરી તોડી નાંખ્યા અને આમ સાત વાર થયું. પછી કેમ કે તેઓ કઠણ ખોરાક ચાવી શકતા ન હતા જેથી કુદરતે તેમના માટે કેળાનો છોડ પેદા ફર્માવ્યો."

અલ્લાહના ખૌફથી વંચિત નઅતખ્વાનો એવા અશઆર પઢી નઝરાણા સમેટે છે. આ રિવાયત કોઈ સહીહ હદીષથી સાબિત નથી અને ન તો આ ઈશ્કે મુસ્તફા ﷺનું એ માપદંડ છે જે શરીઅતનો હેતુ છે. જો મહબ્બતે મુસ્તફા ﷺનું માપદંડ આ જ હોત

www.barkatekhwaja.net

તો સહાબાએ કિરામ જેઓ મહબ્બતે રસૂલમાં પોતાની જાનો ન્યોછાવર કરી રહ્યા હતા તેઓ જરૂર રસૂલુલ્લાહ ﷺની જેમ કરવા માટે પોતાના દાંતો તોડી નાખતા, પરંતુ આમ ન થયું. માટે ઈશ્કે રસૂલનો એ જ તરીકો પસંદીદા અને માન્ય છે જે શરીઅતના નિયમો પ્રમાણે હોય, જ્યારે કે શરીઅતની દષ્ટિએ પોતાની જાન અથવા કોઈ અંગને નષ્ટ કરવું જાઈઝ નથી.

## ★ જિબ્રઈલે અમીનની ઉમર વિશે હુઝૂરનો સવાલ ★

એ જ રીતે એ રિવાયત કે : રસૂલુલ્લાહ ﷺએ એકવાર જિબ્રઈલે અમીનથી પૂછયું, તમારી ઉમર કેટલી છે ? તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મને પોતાની ઉમરનો ખરો અંદાજો તો નથી, પરંતુ મને એટલું યાદ છે કે આ બ્રહ્માંડના સર્જન પહેલાં અલ્લાહ તઆલાની અઝમતના હિજાબોમાંથી ચોથા હિજાબમાં એક સિતારો ચમકયા કરતો હતો તે સિતારો સિત્તેર (૭૦) હજાર વરસ બાદ એકવાર ચમકતો હતો અને મેં તેને ૭૨ હજારવાર જોયો છે. આ સાંભળી નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, હે જિબ્રઈલ ! મને મારા રબની અઝમતની કસમ ! તે સિતારો જે ૭૦ હજાર વરસ બાદ એકવાર ચમકતો હતો અને જેને તમે ૭૨ હજાર વાર જોયો છે તે સિતારો હું જ છું !

આપણે ત્યાં વાએઝ અને તકરીરોની કેટલી મશહૂર કિતાબોમાં આ હદીષ લખેલી છે અને ઘણા વાએઝ કરનારા અને ખતીબ હઝરાત જોર શોરથી આ હદીષને મહેફિલોમાં બયાન કરે છે, જ્યારે કે આ હદીષના મતન અને સનદનું હદીષની કિતાબોમાંથી કોઈ કિતાબમાં કોઈ નામો નિશાન છે અને ન ઝઈફ તથા મનઘડત રિવાયતો વિશે લખવામાં આવેલ કિતાબમાં તેનું ક્યાંય વર્ણન મળે છે ! આ રિવાયતનું વર્ણન અગ્યારમી સદી હિજરીના સીરત લખનાર અલ્લામા નુરૂદીન અલી બિન ઈબ્રાહીમ હલ્બીની કિતાબ "અન્સાનુલ ઉયૂન ફી સિરતુલ અમીનિલ મામૂન"માં મળે છે. અલ્લામા હલ્બીએ આ રિવાયતને "અત્તશરીફાત ફીલ ખસાઈસ વલ મોઅજિઝાત" નામી કિતાબના હવાલાથી વર્ણન કરી છે અને એ કિતાબના લેખક વિશે તેઓ ફર્માવે છે : "મને તેના લેખકનું નામ માલૂમ થઈ શકયું નથી." (ભાગ–૧, પેજ–૪૭) અર્થાત તે કિતાબના લેખક અજ્ઞાત છે. તેમજ અસલ હવાલામાં પણ આ હદીષ ક્યાંય મળતી નથી. ન જાણે ક્યાંથી તેમણે તેને હદીષ સમજી લીધી છે. માટે તેને બયાન કરવાથી બચવું જરૂરી છે. એ જ રીતે ઘણા મુકર્રિરો ખુલ્ફાએ રાશિદીન તરફ આ રિવાયતોને સંબંધિત કરે છે.

## ★ મીલાદ શરીફ પઢવાની ફઝીલત વિશે ચાર ખલીફા ★

હઝરત અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہએ ફર્માવ્યું, જેણે મિલાદ શરીફ પઢવામાં એક દિરહમ ખર્ચ કર્યો, તે જન્નતમાં મારો સાથી હશે. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવ્યું, જેણે મેહફિલે મીલાદની તઅઝીમ કરી, તેણે ઈસ્લામને ઝિંદા કર્યો. "હઝરત ઉષ્માન رضی اللہ عنہએ ફર્માવ્યું, "જેણે મીલાદ પઢવામાં એક દિરહમ ખર્ચ કર્યો જાણે તે ગઝવએ બદ્રો હુનૈનમાં શરીક થયો." હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, "જેણે મીલાદુન્નબી ﷺની તાઝીમ કરી અને મીલાદ શરીફ પઢવાનો સબબ બન્યો તો એવો વ્યક્તિ દુનિયાથી ઈમાન સાથે જશે અને જન્નતમાં વિના હિસાબે દાખલ થશે."

આ રિવાયતો દસમી સદી હિજરીના ખ્યાતનામ આલિમ અલ્લામા ઈબ્ને હજર હૈતમી તરફ સંબંધિત કિતાબ "અન્નેઅ્મતુલ કુબ્રા અલલ આલમ ફી મવલિદે સૈયદી વુલ્દે આદમ"માં



www.barkatekhwaja.net

જોવા મળે છે. આ કિતાબ સિવાય અહાદીષો, આષાર અને સીરત તથા મનઘડત રિવાયતોની કિતાબોમાં આ રિવાયતનું ક્યાંય નામો નિશાન સુધ્ધાં મળતું નથી.

હઝરત અબૂ હુરૈરહ બયાન કરે છે, નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, મારી ઉમ્મતમાં આખરી જમાનામાં એવા લોકો થશે જે તમને એવી હદીષો બયાન કરશે જે ન તમે સાંભળી હશે અને ન તમારા બાપદાદાએ, તમે એમનાથી દૂર રહેજો.

*(સહીહ મુસ્લિમ, ભાગ–૬)*

સવાલ એ છે કે ખુલ્ફાએ રાશીદીન رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ અને અન્ય બુઝુર્ગાને દીનના આ કથનો અલ્લામા અલી કારી, અલ્લામા સિયૂતી, અલ્લામા નબહાની, ઈમામ રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની, શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી, ઈમામ અહમદ રઝા કાદરી رحمۃ اللہ علیہم اجمعین અને અન્ય ઉલમાએ ઈસ્લામની નજરોથી કેમ અદ્રશ્ય રહ્યા, જ્યારે કે આ બુઝુર્ગોની ઈલ્મી વિશાળતાને આપણા પરાયા સૌ સ્વીકારે છે. ખુદ આ કથનોની ભાષા અને શૈલી બતાવી રહી છે કે એ દસમી સદી પછી તૈયાર કરવામાં આવ્યા છે. મીલાદ શરીફ પઢવા પર દિરહમ ખર્ચ કરવાની વાત પણ સરસ છે. સહાબાએ કિરામના જમાનામાં ન તો મીલાદ શરીફની કોઈ કિતાબ પઢવામાં આવતી હતી, ન મીલાદ પઢવા માટે તેમને દિરહમ ખર્ચ કરવાની જરૂરત હતી. હા ! તેમની દરેક મેહફિલ અને દરેક બેઠકમાં હુઝૂર ﷺના ફઝૂલો કમાલ અને આપની તાલીમાતનું વર્ણન થતું હતું. અલ્લામા ઈબ્ને હજર ફર્માવે છે : જ્યારે કે લોકોના હાથોમાં જે મીલાદનામા જોવા મળે છે, તેમનામાંથી અધિકમાં મનઘડત રિવાયતો મૌજૂદ છે.

*(જવાહિરૂલ બિહાર, ૩/૩૨૯)*

## ★ ગુલાબનું ફૂલ હુઝૂર ﷺના પરસેવાથી બનવા વિશે ★

લોકોમાં એ પણ પ્રચલિત છે કે ગુલાબનું ફૂલ નબી કરીમ ﷺના પસીનાથી બન્યું છે. હઝરત અનસ رضی اللہ عنہના હવાલાથી આ હદીષ વર્ણન કરવામાં આવે છે : નબી કરીમ ﷺએ ફર્માવ્યું, ''મને આસ્માનો પર મેઅરાજ માટે બોલાવવામાં આવ્યો તો જમીન રડવા લાગી. જ્યારે હું મેઅરાજથી જમીન પર પરત થયો તો મારા પરસેવાનાં ટીપાં જમીન પર પડયાં તેનાથી ગુલાબનુ ફૂલ પેદા થયું. હવે જે શખ્સ મારી ખુશ્બુ સૂંઘવા ચાહે છે તેણે જોઈએ કે ગુલામ સૂંઘે.''

એના જ જેવી એક આ રિવાયત છે : ''મેઅરાજની રાતે સફેદ ગુલાબ મારા પરસેવાથી પેદા કરવામાં આવ્યું, લાલ ગુલાબ હઝરત જિબ્રઈલે અમીનના પરસેવાથી પેદા કરવામાં આવ્યું અને પીળુ ગુલાબ બુર્રાકના પરસેવાથી પેદા કરવામાં આવ્યું.''

આ રિવાયતોના વિશે ઈમામ નવવી ફર્માવે છે : ''આ હદીષ સહીહ નથી.'' અને ઈમામ ઈબ્ને અસાકિર ફર્માવે છે, ''આ હદીષ મૌઝૂઅ (બનાવટી) છે.'' (અદ્ દુર્રુલ મુન્તષિરહ ફિલ અહાદીષિલ મુશ્તહરહ, ૧/૨૧૯) અલ્લામા સખાવીએ પણ ''અલ મકાસિદુલ હસના, પેજ–૨૧૬માં આ હદીષને શૈખુલ ઈસ્લામ ઈમામ ઈબ્ને હજર અસ્કલાનીના હવાલાથી મૌઝૂઅ (મનઘડત) ઠરાવી આપેલ છે. અને અલ્લામા અલી કારીએ પણ ''અલ મન્સૂઅ્ ફી મઅ્રિફતિ હદીષિલ મૌઝૂઅ્'' પેજ–૭૦માં આ હદીષને હાફિઝ ઈબ્ને હજરના હવાલાથી મૌઝૂઅ ઠરાવી છે. તેમજ અલ્લામા યૂસુફ બિન સાલેહ શામીએ પણ ''સબુબુલ હુદા વર્રશાદ'' ૨/૮૮માં આ હદીષને બાતિલ તથા મૌઝૂઅ (બનાવટી) ઠરાવી આપી છે.

### ★ ધંધાદારી મુક઼ર્રિરો કેવા હોય છે ?! ★

દસમી સદી હિજરીના મુજદ્દિદ, મુફસ્સિર તથા મુહદ્દિષ, ફક઼ીહ તથા ઈતિહાસકાર, લગભગ એક હજાર જેટલી કિતાબોના લેખક અને બે લાખ હદીષોના હાફિઝ, ખાતમુલ મુહદ્દિષીન વ મુહક્કિ઼કીન, અલ્લામા જલાલુદ્દીન સિયૂતી શાફઈ رحمۃ اللہ علیہ પોતાની એક કિતાબ "તહ્ઝીરુલ ખવાસિ મિન અકાઝિનિબિલ્ ક઼િસાસ"ને લખવાનું કારણ વર્ણવતાં લખે છે : "હાલમાં જ એક મિસરના પ્રખ્યાત ધંધાદારી ખતીબના વિશે મને એક ફત્વો પૂછવામાં આવ્યો કે તેણે પોતાની તક઼રીરમાં એક હદીષ વર્ણવી છે. હું એ હદીષને અહીં નક઼લ કરતા પહેલાં અલ્લાહ તઆલાની બારગાહમાં ઈસ્તિગફાર કરું છું, જો મજબૂરી ન હોત તો રસૂલે કરીમ صلی اللہ علیہ وسلم પર ઘડેલા જૂઠને કદાપિ વર્ણન ન કરત. એ જાહિલ મુક઼ર્રિરે વર્ણન કર્યું : "જ્યારે આ આયત નાઝિલ થઈ કે, "અમે આપને સર્વ જહાનવાળાઓ માટે કેવળ રહમત બનાવીને મોકલ્યા છે. "(સૂ. અંબિયા, ૧૦૭/૨૧) તો નબી કરીમ صلی اللہ علیہ وسلمએ હઝરત જિબ્રઈલ અમીનને કહ્યું, હે જિબ્રઈલ ! શું મારી રહમતથી તને પણ કોઈ હિસ્સો મળેલો છે ? જિબ્રઈલે અર્ઝ કરી, જી હા ! યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મારી પેદાઈશથી પહેલાં હજારો ફરિશ્તાઓને પેદા કર્યા હતા અને એ સૌનું નામ જિબ્રઈલ રાખ્યુ હતું અને તેમનામાંથી દરેકને આ સવાલ કર્યો હતો, હું કોણ છું ? પરંતુ તેમનામાંથી કોઈને જવાબ માલૂમ ન હતો. જેથી સૌ પીગળી ગયા. પછી જ્યારે મને પેદા કરવામાં આવ્યો તો મને પણ આ જ સવાલ થયો..." છેવટ સુધી.

અલ્લામા સિયૂતી ફર્માવે છે : મેં ફત્વો આપ્યો, "આ હદીષની કોઈ અસ્લ નથી, એ બાતિલ છે. એને રિવાયત કરવી અને તેને આમ લોકો સામે વર્ણન કરવી કદાપિ જાઈઝ નથી. એ ખતીબ (મુક઼ર્રિર) પર લાઝિમ છે કે જે હદીષો તે મેહફિલોમાં વર્ણન કરવા ચાહે છે તેને પ્રથમ મુહદ્દિષો સામે વર્ણન કરીને તેની ખાત્રી કરાવી લે. જો તેઓ તેને વર્ણન કરવાની ઈજાઝત આપે તો વર્ણન કરે, નહીં તો તેને વર્ણન ન કરે." જ્યારે મારો આ ફત્વો તે ખતીબ (મુક઼ર્રિર) સુધી પહોંચ્યો તો ક઼બૂલ કરવાને બદલે તેણે હઠધર્મીનું પ્રદર્શન કર્યું અને સખત ગુસ્સાની હાલતમાં મિમ્બર પર કહ્યું, "હવે મારા જેવો માણસ આ હદીષોના શયખોથી હદીષોની ખાત્રી કરાવશે અને તેઓ મને બતાવશે કે કઈ હદીષ સહીહ અને કઈ બાતિલ (ખોટી) છે ! જ્યારે કે હું પૃથ્વીના પટ પર સૌથી મોટો આલિમ છું." આ પ્રમાણે તેણે અધિક વધારે નિરર્થક બકવાસ કર્યો. પછી તેણે લોકોને મારા વિરૂધ્ધ એટલા પ્રમાણમાં ભડકાવ્યા કે એક મહાન ફિત્નો ખડો થઈ ગયો, ત્યાં સુધી કે લોકોએ મને ભલુબુરુ કહેવાનો નિશાનો બનાવ્યો, બલ્કે ક઼ત્લ અને સંગસાર કરવાની પણ ધમકીઓ મળવા લાગી ! જ્યારે મેં આ પરિસ્થિતિ જોઈ તો ફરી વાર લખાણ લખ્યું કે, "જો એ શખ્સ હદીષોના શયખોથી હદીષોની ખાત્રી નહીં કરાવે અને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની તરફ જૂઠ સંબંધિત કરવા પર હઠધર્મી દેખાડીને તે હદીષને ફરીથી વર્ણન કરશે, જ્યારે કે એના પર હદીષનું બાતિલ હોવું પણ જાહેર થઈ ચૂક્યું છે તો હું એના પર કોરડા મારવાનો ફત્વો બહાર પાડીશ." પણ તે કહેવાતા નામ માત્રના ખતીબ પર એની કોઈ અસર ન થઈ, બલ્કે અધિક ગુસ્સામાં લોકોને ભડકાવવા પર ઉતરી આવ્યો અને સાથે જાહિલ અવામ પણ આ દુશ્મનીમાં તેનો સાથ આપવા લાગી. જેથી મેં આ મસ્અલા પર "તહઝીરુલ ખવાસ મિન્ અકાઝી બિલ ક઼િસાસ" નામથી આ કિતાબ લખી રહ્યો છું. એનો અર્થ છે : વાઈઝોની મનઘડત તથા જૂઠી રિવાયતો અને ક઼િસ્સા કહાનીઓથી ખાસ લોકોને ખબરદાર કરવા."

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, નવેમ્બર–૨૦૨૨)*

www.barkatekhwaja.net

## બાતિલ ફિર્કાવાળાઓના ગલત તર્જુમા અને કન્ઝુલ ઈમાન

**રજૂકર્તા : જનાબ સિરાજભાઈ લોખંડવાલા**
*(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–ભાવનગર)*

બાતિલ ફિર્કાવાળાઓ થકી કુર્આને પાકના તર્જુમાઓમાં અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની ગુસ્તાખીઓના નમૂના અગાઉ પણ સુન્ની અવામ સમક્ષ રજૂ થયેલ છે. અત્યારે અલ્લાહની શાનમાં ગુસ્તાખીપૂર્ણ તર્જુમાની ઝલક જુઓ અને આ'લા હઝરત رحمۃ اللہ علیہના અદબપૂર્ણ તર્જુમાઓ જુઓ અને બદઅકીદાઓથી દૂર રહી તમારા ઈમાનને બચાવો ! *–તંત્રી...*

### અલ્લાહ તઆલાની શાનમાં ગુસ્તાખી

**(૧) અલ્લાહ તઆલાની તરફ ભૂલની નિસ્બત**

**અલ્ કુર્આન :–**

فَالْيَوْمَ نَنْسٰىهُمْ كَمَا نَسُوْا لِقَآءَ يَوْمِهِمْ هٰذَا

*(પારા નં. ૮, સૂરએ અઅ્રાફ, આ. ૫૧)*

**જે લોકોએ કુર્આનના ખોટા તર્જુમો કર્યો તે :**

**૦૧.** તબ્લીગી જમાઅતના મોલ્વી મેહમૂદુલ હસન દેવબંદીનો તર્જુમો :–

❑ "સો આજ હમ ઉનકો ભૂલા દેંગેં જૈસા ઉન્હોંને ભૂલા દિયા ઈસ દિન કે મિલને કો." *(હવાલા : હરમૈન શરીફૈન, શાહફહદ કુર્આન શરીફ પ્રિન્ટીંગ કોમ્પલેક્ષ, મદીના મુનવ્વરા, ઈ.સ. ૧૯૯૩, સઉદી અરબ–ઉર્દૂ)*

**૦૨.** એહલે હદીષના મોલ્વી મુહમ્મદ જુનાગઢીનો તર્જુમો (ઉર્દૂ) :–

❑ "સો હમ (ભી) આજ કે રોઝ ઉનકા નામ ભૂલ જાએંગે જૈસા કે વોહ ઈસ દિન કો ભૂલ ગયે." *(હવાલા : હરમૈન શરીફૈન, શાહ ફહદ કુર્આન શરીફ પ્રિન્ટીંગ કોમ્પલેક્ષ, મદીના મુનવ્વરા, હિજરી ૧૪૩૦, સઉદી અરબ)*

**૦૩.** તબ્લીગી જમાઅતના મોલ્વી અબ્દુર્રહીમ મો. ગુલામ મુહમ્મદ સાદિકનો તર્જુમો (ગુજરાતી) :–

❑ "તેઓ આ દિવસના આવવાને ભૂલી ગયા હતા અને જે પ્રમાણે અમારી આયતોનો ઈન્કાર કરતા હતા તે જ પ્રમાણે આજે અમે પણ તેઓને ભૂલી જઈશું." *(હવાલો : કુર્આન મજીદ : ગુજરાતી તર્જુમો અને તફસીર, પારા ૧ થી ૧૦, ભાગ : ૧, પ્રકાશન નં. ૩૭૦, આવૃત્તિ : ત્રીજી, વર્ષ : ૨૦૦૫, પ્રકાશન વિભાગ–દારુલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિયહ, ભરૂચ)*

★ ***(નોટ : આ જ આયતની તફસીર, પેજ નં. ૪૪૯માં લખે છે કે; "તેથી તે વખતે અલ્લાહ તઆલા ફર્માવશે કે આજે અમે તમને ભૂલી જઈશું.)***

**૦૪.** મોલવી અઝીઝુલ્લાહ હમીદુલ્લાહ ખતીબ *(પેશ ઈમામ જામેઅ મસ્જિદ–ગોધરા)*

*(ગુજરાતી લિપિયાંતર હુરૂફમેં)*

❑ "સો આજ ભૂલ જાએંગે હમ ઉનકો જૈસા કે ભૂલ ગએ થે વો મિલને કે ઈસ દિન કે." *(હવાલા : ખતીબ કિતાબ ઘર એન્ડ પ્રિન્ટર્સ, અહમદાબાદ)*

**૦૫.** મોલવી શાહ રફીઉદ્દીન દહેલવીનો તર્જુમો (ગુજરાતી હર્ફોમાં) :–

❑ "બસ ભૂલ જાવેંગે હમ ઉનકો જૈસા ભૂલ ગએ થે વોહ દિન મુલાકાત અપનેકી યેહ હૈ." *(હવાલા : ગુજરાતી હર્ફોમેં કુર્આન મજીદ, પબ્લિશર્સ એન.બી.એસ. બુક ડીપો. અહમદાબાદ)*

**૦૬.** મોલવી ફતેહ મુહમ્મદખાં જાલંધરીનો તર્જુમો (હિન્દી) :–

❑ "તો જિસ તરહ યે લોગ ઉસ દિન કે આને કો ભૂલે હુએ થે ઔર હમારી આયતોં સે મુન્કિર હો રહે થે,

www.barkatekhvaja.net

ઉસી તરહ આજ હમ ભી ઉન્હે ભૂલા દેંગે." *(હવાલા : હિંદ મુર્તજિમ મઅ અરબી મતન, પ્રકાશક : મહમૂદ એન્ડ કંપની, મરોલ પાઈપ લાઈન, બમ્બઈ)*

**૦૭.** મોલવી અબુલ આ'લા મૌદૂદીનો તર્જુમો (ગુજરાતીમાં) :–

- "અલ્લાહ ફર્માવે છે કે આજે અમે પણ તેમને એવી જ રીતે ભૂલાવી દઈશું જેવી રીતે તેઓ આ દિવસની મુલાકાતને ભૂલી ગયા અને અમારી આયતોનો ઈન્કાર કરતા રહ્યા." *(હવાલો : દિવ્ય કુર્આન, ગુજરાતી ભાષાંતર અને સંક્ષિપ્ત વિવરણ, ઈસ્લામી સાહિત્ય પ્રકાશન, કાલુપુર ટાવર, અહમઆબાદ, પાંચમી આવૃત્તિ, ઈ.સ. ૧૯૯૮)*

**૦૮.** સુલેહકુલ્લી મોલ્વી ડૉ. તાહિરુલ કાદરીનો તર્જુમો (ઉર્દૂ) :–

- "આજ હમ ઉન્હેં ઈસી તરહ ભૂલા દેંગે જૈસે વોહ (હમસે) અપને ઈસ દિન કી મુલાકાત કો ભૂલે હુએ થે." *(હવાલા : ઈર્ફાનુલ કુર્આન, ત્રીજી ઈશાઅત : ઈ.સ. ૨૦૦૮, જુલાઈ, મિન્હાજુલ કુર્આન, લાહોર, પાક.)*

**૦૯.** મોલવી હાફિઝ નઝીર અહમદનો તર્જુમો (ઉર્દૂ) :

- "બસ આજ હમ ઉન્હે ભૂલા દેંગે જૈસે ઉન્હોને (આજ કે) ઈસ દિન કા મિલના ફર્મોશ કર દિયા થા." *(હવાલા : મુસ્લિમ અકાદમી, મુહમ્મદ નગર, અંજુમને હિમાયતે ઈસ્લામ, પ્રેસ, લાહોર, પાક.)*

**૧૦.** મોલવી અબ્દુલ મજીદ દર્યાબાદીનો તર્જુમો (ઉર્દૂ) :–

- "સો આજ હમ (ભી) ઉન્હેં ભૂલાએ રહેંગે જૈસા કે વોહ આજ કે દિન કા પેશ આના ટાલતે રહે થે." *(હવાલા : પાક કંપની ઉર્દૂ બાઝાર, લાહોર, પાક.)*

**૧૧.** એહલે હદીષના મોલવી ષનાઉલ્લાહ અમૃતસરીનો તર્જુમો (હિંદી) :–

"ઈસી લિએ હમ ઉન કો ઉસ દિન (દોઝખ મેં જાનબુઝ કર) એસે ભૂલ જાયેંગે જૈસે યહ ઈસ દિન (કે પેશ આને) કો ભૂલે હુએ થે." *(હવાલા : ૪૧૧૬, એહલે હદીષ મંજિલ, ઉર્દૂ બાઝાર, જામા મસ્જિદ, દિલ્લી, સાતવા એડીશન, ૨૦૦૯)*

## કુર્આનનો સાચો તર્જુમો :–

★ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ (કન્ઝુલ ઈમાન)નો તર્જુમો :–

- "તો આજ હમ ઉન્હે છોળ દેંગે જૈસા ઉન્હોંને ઈસ દિન કે મિલને કા ખયાલ છોળા થા."

કેટલો સરસ, સાચો, ખૂબસૂરત અને અલ્લાહનો અદબ શીખવાડવાવાળો તર્જુમો છે કે તેને વાંચીને ઈમાનમાં તાજગી પેદા થઈ જાય છે. કુર્આનની સમજ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની મહોબ્બત અને તા'ઝીમ કરવાથી મળે છે.

## (૨) અલ્લાહ તઆલાને ભૂલવાવાળો કહ્યો

**અલ્ કુર્આન :** نَسُوا اللّٰهَ فَنَسِيَهُمْ *(પારા નં. ૧૦, સૂરએ તૌબહ, આયત નં. ૬૭)*

**જે લોકો એ કુર્આનના ખોટા તર્જુમા કર્યા તે :–**

**૦૧.** તબ્લીગી જમાતના મોલવી મેહમૂદુલ હસન દેવબંદીનો તર્જુમો (ઉર્દૂ) :–

- "ભૂલ ગએ અલ્લાહ કો વોહ ભૂલ ગયા ઉનકો." *(હવાલા : હરમૈન શરીફૈન, શાહ ફહદ કુર્આન શરીફ પ્રિન્ટીંગ કોમ્પલેક્ષ, મદીના મુનવ્વરા, ઈ.સ. ૧૯૯૩, સઉદી અરબ)*

**૦૨.** એહલે હદીષના મોલવી મુહમ્મદ જુનાગઢીનો તર્જુમો (ઉર્દૂ) :–

- "યહ અલ્લાહ કો ભૂલ ગએ અલ્લાહને ઉન્હેં

www.barkatekhwaja.net

ભૂલા દિયા." *(હવાલા : હરમૈન શરીફૈન, શાહ ફહદ કુર્આન શરીફ પ્રિન્ટીંગ, કોમ્પલેક્ષ, મદીના મુનવ્વરા, હિજરી : ૧૪૩૦, સઉદી અરબ)*

**૦૩.** તબ્લીગી જમાઅતના મોલ્વી અબ્દુર્રહીમ મૌ. ગુલામ સાદિક઼નો તર્જુમો (ગુજરાતી) :–

❑ "તેઓ અલ્લાહને ભૂલી ગયા તેથી અલ્લાહ પણ (પોતાની કૃપામાં) તેઓને ભૂલી ગયો."

*(હવાલો : કુર્આન મજીદ, ગુજરાતી તર્જુમો અને તફસીર, પારા : ૧ થી ૧૦, ભાગ–૧, પ્રકાશન નં. ૩૭૦, આવૃત્તિ, ત્રીજી, વર્ષ–૨૦૦૫, પ્રકાશન વિભાગ : દારુલ ઉલૂમ અરબિય્યહ્ ઈસ્લામિયહ્–ભરૂચ)*

**૦૪.** મોલવી અઝીઝુલ્લાહ હમીદુલ્લાહ ખતીબ *(પેશ ઈમામ જામે મસ્જિદ–ગોધરા) (ગુજરાતી હરફોમાં)*

❑ "ભૂલ ગએ વો અલ્લાહ કો તો વો (અલ્લાહ) ભી ભૂલ ગયા ઉનકો." *(હવાલા : ખતીબ કિતાબ ઘર એન્ડ પ્રિન્ટર્સ, એહમદાબાદ)*

**૦૫.** મોલ્વી શાહ રફીઉદ્દીન દહેલ્વીનો તર્જુમો (ગુજરાતી હર્ફોમાં) :–

❑ "ભૂલ ગએ ખુદા કો પસ ભૂલ ગયા ઉનકો અલ્લાહ." (હવાલા : ગુજરાતી હર્ફોમેં કુર્આન મજીદ, પબ્લિશર્સ, એન.બી.એસ. બુક ડિપો, અહમદઆબાદ)

**૦૬.** મોલવી ફતેહ મુહમ્મદખાં જાલંધરીનો તર્જુમો (હિંદી) :–

❑ "ઉન્હોંને ખુદા કો ભૂલા દિયા તો ખુદાને ભી ઉન કો ભૂલા દિયા." *(હવાલા : હિંદી મુર્તજિમ મઅ અરબી મતન, પ્રકાશક : મહમૂદ એન્ડ કંપની, મરોલ પાઈપ લાઈન, બમ્બઈ)*

**૦૭.** મોલવી અબુલ આ'લા મૌદૂદીનો તર્જુમો (ગુજરાતીમાં) :–

❑ "આ લોકો અલ્લાહને ભૂલી ગયા તો અલ્લાહે પણ તેમને ભૂલાવી દીધા."

*(હવાલા : દિવ્ય કુર્આન, ગુજરાતી ભાષાંતર અને સંક્ષિપ્ત વિવરણ, ઈસ્લામી સાહિત્ય, પ્રકાશન : કાલુપુર ટાવર, અહમદઆબાદ, પાંચમી આવૃત્તિ–૧૯૯૮)*

**૦૮.** સુલેહકુલ્લી મોલ્વી ડૉ. તાહિરુલ ક઼ાદરીનો તર્જુમો (ઉર્દૂ) :–

❑ "ઉન્હોંને અલ્લાહ કો ફરામોશ કર દિયા તો અલ્લાહને ઉન્હેં ફરામોશ કર દિયા." *(હવાલા : ઈર્ફાનુલ કુર્આન, ત્રીજી ઈશાઅત, ઈ.સ. ૨૦૦૮, જુલાઈ, મિન્હાજુલ કુર્આન, લાહોર, પાક.)*

**૦૯.** મોલવી હાફિઝ નઝીર અહમદનો તર્જુમો (ઉર્દૂ) :–

❑ "વોહ અલ્લાહ કો ભૂલ બેઠે તો અલ્લાહને ઉન્હેં ભૂલા દિયા." *(હવાલા : મુસ્લિમ અકાદમી, મુહમ્મદ નગર, અંજુમને હિમાયતે ઈસ્લામ પ્રેસ, લાહોર, પાક.)*

**૧૦.** મોલવી અબ્દુલ માજિદ દર્યાબાદીનો તર્જુમો (ઉર્દૂ) :–

❑ "ઉન્હોંને અલ્લાહ કો ભૂલા દિયા સો ઉસને ઉન્હેં ભૂલા દિયા." *(હવાલા : પાક કંપની, ઉર્દૂ બાઝાર, લાહોર, પાક.)*

**૧૧.** અહલે હદીષના મોલવી ષનાઉલ્લાહ અમૃતસરીનો તર્જુમો (હિંદી) :–

❑ "અલ્લાહ કો ભૂલ ગયે તો અલ્લાહ (ભી) ઉન કો ભૂલ ચૂકા હૈ." *(હવાલા : ૪૧૧૬, એહલે હદીષ મંઝિલ, ઉર્દૂ બાઝાર, જામા મસ્જિદ, દિલ્લી, સાતવાં એડિશન, ૨૦૦૯)*

## કુર્આનનો સાચો તર્જુમો :–

★ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ (કન્ઝુલ ઈમાન) :–

❑ "વોહ અલ્લાહ કો છોળ બૈઠે તો અલ્લાહને ઉન્હેં છોળ દિયા."

www.barkatekhwaja.net



# ઝકાત

## સંબંધી અગત્યની પ્રશ્નોત્તરી

**કાર્યાલય**

શું ફર્માવે છે દીનના ઉલમા તથા શરીઅતના મુફતીઓ નીચેના મસાઈલના બારામાં કે :–

**સવાલ નં. ૧** : ઝકાતની હક઼ીક઼ત શું છે ?

**જવાબ નં. ૧** : બેનિયાઝ ખુદાએ પોતાના મોહતાજ તથા ફક઼ીર (ગરીબ) બંદાઓના માટે માલદારોના માલમાં થોડો સરખો હિસ્સો નિશ્ચિત કર્યો છે જેથી એના વડે એમની જરૂરતો પૂરી થાય અને માલદારોનો માલ પણ સુથરો તથા બરકતવંત થઈ જાય. એ ખાસ માલનું નામ શરીઅતની રૂએ ઝકાત છે. કુર્આને હકીમમાં અલ્લાહ جل جلالہ એ આ હક઼ીક઼તને આ પ્રમાણે જાહેર કરી છે :–

اِنَّمَا الصَّدَقٰتُ لِلْفُقَرَآءِ وَالْمَسٰكِيْنِ وَالْعٰمِلِيْنَ عَلَيْهَا وَالْمُؤَلَّفَةِ قُلُوْبُهُمْ وَفِى الرِّقَابِ وَالْغٰرِمِيْنَ وَفِىْ سَبِيْلِ اللّٰهِ وَابْنِ السَّبِيْلِ ۔ فَرِيْضَةً مِّنَ اللّٰهِ ۔ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ۔

"સદક઼ાઓ ફક઼ીરો (ગરીબો) તથા મિસ્કીનો માટે છે અને તેમના માટે જેઓ આ કામ માટે નિયુક્ત છે, અને તે જેમના દિલોને આકર્ષવાનો મક઼સદ છે. અને ગુલામોમાં અને તાવાનવાળાના માટે અને અલ્લાહની રાહમાં અને મુસાફિરના માટે. એ અલ્લાહના તરફથી નિશ્ચિત કરવું છે અને અલ્લાહ ઈલ્મ તથા હિકમતવાળો છે."

*(સૂ. તૌબા, આ. ૬૦, પા. ૧૦)*

નબી પાક ﷺની હદીષોમાં પણ આ હક઼ીક઼ત પર પ્રકાશ વેરવામાં આવ્યો છે. અમુક આ પ્રમાણે છે :–

- ઈમામ અહમદે ષિક઼ાહ રાવીઓની રિવાયતોથી અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂરે અક઼દસ ﷺ ફર્માવે છે, તારા માલની ઝકાત કાઢ કે તે પાક કરનારી છે, તને પાક કરી આપશે અને સગા સંબંધીઓ સાથે સારો વર્તાવ કર અને મિસ્કીન તથા પડોશી તેમજ સાઈલ (માગનાર)નો હક્ક઼ ઓળખ."
- અબૂ દાઊદે હસન બસરીથી મુરસલન, અને તિબ્રાની તથા બયહક઼ીએ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની એક જમાઅતથી રિવાયત કરી કે હુઝૂર ﷺ ફર્માવે છે કે ઝકાત આપીને પોતાના માલોને મજબૂત કિલ્લાઓમાં કરી લો, અને તમારા બીમારોનો ઈલાજ સદક઼ાથી કરો અને બલા નાઝિલ થવા પર દુઆ અને રૂદન તથા આજીજીથી મદદ ચાહો.

તેમજ તિબ્રાની, અનસ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે, ક઼યામતના દિવસે માલદારોના માટે મોહતાજોના હાથો વડે ખરાબી છે. મોહતાજો અર્ઝ કરશે, અમારા હક્કો જે તેં એમના પર ફર્ઝ કર્યા હતા તે તેમણે જુલ્મી રીતે ન આપ્યા. અલ્લાહ جل جلالہ ફર્માવશે, મને ક઼સમ છે મારી ઈજ્જત તથા જલાલની કે તેમને મારો કુર્બ (નઝદીકી) અતા કરીશ અને તેઓને દૂર રાખીશ.

ફક઼ીહો ફર્માવે છે, ઝકાતના સાત હક્ક઼દારો છે : ફક઼ીર (ગરીબ), મિસ્કીન, આમિલ, રક઼ાબ, ગારિમ, ફી સબીલિલ્લાહ, ઈબ્નુસ્સબીલ. મુઅલ્લિફતુલ કુલૂબનો હુકમ મન્સૂખ થઈ ચૂક્યો છે અને રક઼ાબ હવે જોવા નથી મળતા એટલા માટે કુલ હક્ક઼દાર છ રહી ગયા. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૨** : ઝકાત અદા થઈ ગઈ એ ક્યારે માનવામાં આવશે ?

www.barkatekhwaja.net

**જવાબ નં. ૨** : જ્યારે ઝકાતની રકમ ફકીર કે મિસ્કીન મુસલમાનના હાથમાં પહોંચી જાય અને સાથોસાથ એને માલિક પણ બનાવી દેવામાં આવે તો માનવામાં આવશે કે ઝકાત અદા થઈ ગઈ. હા ! જે ફકીરો તથા મિસ્કીનોનો શરીઅતે ઝકાત આપવાથી મના કરેલ છે તેમને ન આપે, નહીં તો ઝકાત અદા થશે નહીં જેમ કે સૈયદ, હાશમી, મા, બાપ, પુત્રી, પુત્ર.... વગેરે અસલ તથા શાખ, કે એઓ ઝકાતના હક્કદાર નથી, જૌહરા, તન્વીર તથા આલમગીરીમાં છે :–

''ઝકાત અદા કરવામાં એ જરૂરી છે કે જેને આપે તેને માલિક બનાવી આપે, ઈબાહત (મુબાહ કરવું, હલાલ ઠરાવી દેવુ) પૂરતુ નથી. જેથી ઝકાતનો માલ મસ્જિદમાં વાપરવો અથવા એના વડે મૈયતને કફન આપવું અથવા મૈયતનું કરજ અદા કરવું અથવા ગુલામ આઝાદ કરવો, પુલ, મુસાફરખાનુ, પરબ, સડક બનાવી આપવું, નહેર કે કૂવો ખોદાવી આપવો, એ કામોમાં ખર્ચ કરવું અથવા કિતાબ વગેરે કોઈ ચીજ ખરીદીને વક્ફ કરી આપવી અ પૂરતુ છે. *(બહવાલા બહારે શરીઅત, ૫/૬૦)*

ફતાવા રઝવિય્યહ્‌માં છે :–

''ઝકાતના હક્કદાર તે દરેક હાજતમંદ મુસલમાન છે જેનો પોતાના માલિકીના માલમાં જરૂરત સિવાય નિસાબની માત્રા (મિકદાર) પર કબજો ન હોય એ શરતે કે ન હાશમી[1] હોય, ન પોતાનો પતિ[2], ન પોતાની પત્ની[3], ભલે મુગલ્લઝા તલાક આપી દીધી હોય જ્યાં સુધી ઈદ્દતથી બહાર ન આવે, ન તે જે પોતાની ઔલાદમાંથી[4] હોય જેમ કે પુત્ર, પુત્રી, પૌત્ર, પૌત્રી, નવાસો, નવાસી. ન તે જેમની ઔલાદમાંથી એ હોય[5] જેમ કે મા, બાપ, દાદા, દાદી, નાના, નાની ભલે એ અસલી કે ફુરૂઈ (શાખાકીય) સંબંધો અલઅયાઝુબિલ્લાહ ! ઝિના થકી હોય. ન પોતાના કે આ પાંચેવ પ્રકારોમાં કોઈના ગુલામ હોય, ભલે મકાતિબ હોય ન કોઈ ગનીનો ગુલામ ગૈર મકાતિબ, ગની પુરૂષનો નાબાલિગ બાળક, ન હાશમીનો આઝાદ ગુલામ અને મુસલમાન હાજતમંદ કહેવાથી કાફિર તથા ગની (માલદાર) પહેલેથી જ બહાર થઈ ગયા. **આ સોળ શખ્સો છે જેમને ઝકાત આપવી જાઈઝ નથી.** એમના સિવાય સૌને આપો. *(ફતાવા રઝવિય્યહ્‌, ૬/૪૬૪)* અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૩** : મેડિકલ, દુનિયવી શિક્ષણ, હાઉસિંગના માટે જાહેરાત કરીને શું ઝકાત ફંડ વસૂલ કરી શકાય છે ? માંગનારાએ મેડિકલ, દુનિયવી એજ્યુકેશન અથવા હાઉસિંગ (મકાનો બાંધવો) માટે ઝકાત માંગી છે. ઝકાત આપનાર આ રીતે આ કામો માટે ઝકાત આપી શકે છે ? એનામાંથી કોઈ કામના માટે ખાસ કરીને ઝકાત વસૂલી શકાય છે ? અને આપનાર શું એ જ ખાસ કામની શર્ત પર આપી શકે છે ?

**જવાબ નં. ૩** : મેડિકલ તથા દુનિયવી એજ્યુકેશન તથા હાઉસિંગના માટે **ખુદ (ડાયરેક્ટ) ઝકાતના હક્કદાર તથા મિસ્કીનો (ગરીબો)ને** ઝકાત આપી શકે છે. ત્યાર બાદ તેમને ઈખ્તિયાર છે કે તે પોતાની જે જરૂરતમાં ચાહે ખર્ચ કરે. અને **''ઝકાત ફંડ'' સ્થાપીને એ હેતુઓ માટે ઝકાત વસૂલ કરવી જાઈઝ નથી.** કેમ કે કુર્આન તથા હદીષમાં ઝકાતના જે હક્કદારો વર્ણન કરવામાં આવ્યા છે એમનામાંથી નથી. આપણા ઉલમાએ હવે ઝકાત તથા વાજિબ સદકાઓનું બયતુલમાલ સ્થાપવાથી પણ મના કરી આપેલ છે. જેમ કે મજલિસે શરઈ જામિઆ અશ્રફિયાના ફિક્હી સેમીનારમાં આ પ્રમાણે ફેંસલો થઈ ચૂક્યો છે :–

''ઝકાત કુલ ૨.૫ % નીકળે છે જ્યારે કે માલિકની પાસે કુલ ૯૭.૫ % બાકી સલામત છે. **માલદારો તથા મુસ્લિમ લીડરોએ જાઈએ કે**

www.barkatekhwaja.net

**પોતાની ૯૭.૫ %માંથી યોગ્ય હિસ્સો ઉપરોક્ત કામો માટે ખાસ કરી આપે,** જો એવું થઈ ગયું તો મુસ્લિમ કૌમને ઘણી બધી કૌમી, સામાજિક તથા અંગત સમસ્યાઓ હલ થઈ શકે છે." અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૪** : દવા લેવા માટે આવનાર જરૂરતમંદ કહે કે હું ઝકાતનો મુસ્તહિક઼ (લેવાને પાત્ર) છું, તો શું તેની વાત પર યકીન કરીને તેને હક્ક઼દાર માની લેવામાં આવશે ?

**જવાબ નં. ૪** : ઝકાત આપનાર દિલમાં સારી રીતે વિચારે, જો એનું દિલ એના પર જામે કે તે સાચો છે તો તેને ઝકાતનો હક્ક઼દાર માનીને ઝકાત આપી શકે છે.

આલમગીરી વગેરેમાં છે :–

જેણે તહ઼રીં કરી એટલે કે વિચાર્યું અને દિલમાં એ વાત જામી કે એને ઝકાત આપી શકે છે અને ઝકાત આપી દીધી, બાદમાં જાહેર થયું કે તે ઝકાતનો હક્ક઼દાર છે અથવા કાંઈ હાલ ન ખુલ્યો, તો ઝકાત અદા થઈ. અને જો બાદમાં જાણવા મળ્યું કે તે માલદાર હતો અથવા પોતાની ઔલાદ હતી અથવા પતિ હતો, તો પણ અદા થઈ ગઈ.

અને એ પણ તહ઼રીંના હુકમમાં છે કે એણે સવાલ કર્યો અને આણે તેને માલદાર ન જાણીને આપી દીધું, અથવા તે ફક઼ીરોની (ગરીબોની) ટોળીમાં તેમના જેવા દેખાવમાં હતો તેને આપી દીધું. (તો પણ ઝકાત અદા થઈ ગઈ.) આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર. *(બહારે શરીઅત, ૫/૬૪, મઆરિફ઼)* અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૫** : દવા, ગોળીઓ, દવાની બોટલ વગેરે તો દવા લેવા આવનારના હાથમાં આપવામાં આવે છે, પરંતું ડોકટરની ફી તથા હોસ્પિટલનું બિલ ડોકટરને અથવા હોસ્પિટલમાં આપી દેવામાં આવે છે. તો શું આ રીતે ઝકાત અદા થઈ જશે ? જો નથી થતી, તો અદા કરવાની શું સ્થિતિ છે ?

**જવાબ નં. ૫** : ઝકાત અદા થવા માટે એ જરૂરી છે કે **ગરીબને ઝકાતનો માલ આપીને તેને માલિક બનાવી આપે,** એટલે કે ઝકાતના માલ પર મુસ્લિમ ફક઼ીર (ગરીબ)નો કબજો થવો જરૂરી છે અને જ્યારે ડોકટરની ફી ડોકટરને આપે છે અને હોસ્પિટલનો ખર્ચ હોસ્પિટલમાં જમા કરે છે તો આ ફી તથા ખર્ચવાળા રૂપિયા પર ફક઼ીરનો કબજો ન થયો, ન તો તેને એ રૂપિયાનો માલિક બનાવવામાં આવ્યો, એટલા માટે તે ઝકાત અદા ન થઈ. એનો હલ એ છે કે એ રૂપિયા બીમારને આપી દે અને કહી આપે કે તમે એના માલિક છો, જ્યારે તે એના પર કબજો કરી લે, પછી તેની પાસેથી લઈને ફી આપી દે અને (હોસ્પિટલમાં) ખર્ચો જમા કરી આપે, એ બેહતર છે. અને એ પણ જાઈઝ છે કે કોઈ ફક઼ીર (ગરીબ) ઝકાતના હક્ક઼દાર થકી આવી રકમનો શરઈ હીલો કરાવી લે, પછી એમાંથી કાંઈક એ ફકીરને આપે અને બાકીનામાંથી જેટલું બીમાર માટે ખર્ચવું હોય કરે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૬** : ઝકાતના હક્ક઼દાર બાલિગ છોકરા તથા છોકરીઓને દુનિયવી તા'લીમના માટે ઝકાત ફંડમાંથી યુનીફોર્મ, સ્કૂલનાં પુસ્તકો, નોટબુકો વગેરે સ્કૂલમાં જરૂરી ચીજો તેમના હાથમાં આપવામાં આવે છે. તો આ રીતે શું ઝકાત અદા થઈ જશે ?

**જવાબ નં. ૬** : બાલિગ તથા આક઼િલ છોકરા છોકરીઓને જો યુનીફોર્મ તથા કિતાબો તથા નોટબુક તથા પેન પન્સિલ વગેરેના માલિક બનાવીને કબજો આપી દેવામાં આવે તો ઝકાત અદા થઈ જશે, કેમ કે ઝકાતની અદાયગીના માટે તમ્લીક

(માલિક બનાવવું) તથા કબજો જરૂરી છે જે અહીં મુતહક્કક્ (ઉપસ્થિત, જોવા મળે) છે, પરંતુ બેહતર એ છે કે એમને રૂપિયાના જ માલિક બનાવીને કબજો આપવામાં આવે, પછી તેમને કહે કે તેઓ આ રૂપિયા પોતાની શૈક્ષણિક ચીજોના માટે વાપરે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૭** : સ્કૂલની ફી, ટયૂશન ફી વિદ્યાર્થીઓના હાથમાં આપવાને બદલે સ્કૂલ અથવા ટયૂશન આપનારાઓને ઝકાત ફંડમાંથી શું ચેક કે રોકડમાં આપી શકાય છે ?

**જવાબ નં. ૭** : સ્કૂલ તથા ટયૂશન માસ્તર અથવા ટીચરને ઝકાત ફંડથી **ચેક આપવો જાઈઝ નથી.** કેમ કે ઝકાતના હક્કદાર ફકીરો (ગરીબો) તથા મિસ્કીનો છે અને સ્કૂલ માસ્તર તથા ટીચરની ફી તથા મજદૂરી ઝકાતના હક્કદારો (પાત્રો)માંથી નથી, અને ન તો એ લોકો પગારદાર હોવાની હૈસિયતથી ઝકાતના હક્કદાર છે, એટલા માટે જવાબ નં. પના હલ પ્રમાણે અમલ કરી શકે છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૮** : નાબાલિગ છોકરા છોકરીઓને દુનિયવી એજ્યુકેશનના માટે ઝકાત ફંડમાંથી ઈમદાદ કરવાની કઈ સ્થિતિ છે જેનાથી ઝકાત અદા થઈ જાય ?

**જવાબ નં. ૮ : કોઈ સ્થિતિ નથી,** દીની મદરસાઓમાં ખર્ચ કરવાના માટે ઝકાતની રકમનો શરઈ હીલો એટલા માટે કરવામાં આવે છે કે આજના જમાનામાં તેના વિના દીની ઈલ્મોની હિફાઝત નથી થઈ શકતી અને ઈલ્મે દીનની પ્રાપ્તિ પોતે જ એક ઈબાદત, કુર્બત તથા સવાબનું કાર્ય છે, પણ **કોલેજ તથા તેનું એજ્યુકેશન આ બંનેવથી ખાલી છે.** એટલા માટે નાબાલિગ છોકરા છોકરીઓની મદદ દુનિયવી શિક્ષણના માટે કેવળ તોહફાઓ વડે કરે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૯** : ઝકાતના હક્કદાર જરૂરતમંદને મકાન આપવાના માટે જમાઅતથી ઝકાત ફંડ વસૂલ કરવામાં આવે છે.

જમાઅતને લિલ્લાહ રકમ મળી તેનાથી જમીનનો પ્લોટ ખરીદવામાં આવ્યો. લિલ્લાહ રકમ વડે ખરીદેલી જમીન પર ઝકાત ફંડમાંથી ફલેટ ઝકાતના હક્કદારને આપવા માટે બનાવવામાં આવ્યા છે. શું આ રીતે ઝકાતની રકમમાંથી મકાનનું બાંધકામ કરી શકાય છે ?

ઉપરોક્ત તરીકાથી બાંધવામાં આવેલ મકાનોને નીચે મુજબની શરતોની સાથે જરૂરતમંદોને આપી શકાય છે કે નહીં ?

(અ) મકાન આપ્યા બાદ શું તેમની પાસે માસિક જમીન ભાડુ લઈ શકાય છે ?

(બ) ઝકાતના હક્કદારને આપવામાં આવેલું મકાન જ્યાં સુધી તે ખૂદ રહે ત્યાં સુધી તેની માલિકીમાં રહેશે. તે એને વેચી નથી શક્તો, ન પોતાની મરજીથી ત્યાં કોઈ અન્યને રહેવાને માટે આપી શકે છે. આ શરત પર મકાન આપવામાં આવે છે. તો શું આ જાઈઝ છે ?

**નોંધ** : આ શરતો લાગુ કરવાનાં કારણો નીચે મુજબ છે :–

(અ) કેટલાક ઝકાતના હક્કદારો મકાન આપવા પર તેને પોતાની માલિકીમાં લઈને અમુક જ દિવસોમાં મકાન વેચીને એની રકમ લઈને ચાલ્યા જાય છે.

(બ) એવા લોકો અધિક રકમની લાલચમાં ગૈર મુસ્લિમ તથા કુસંસ્કારી લોકોને મકાન વેચી નાખે છે જેનાથી અન્ય રહેવાવાળાઓને તકલીફ ઉભી થાય છે.

**જવાબ નં. ૯** : ઝકાત આપવાનો આ તરીકો નાજાઈઝ છે, કેમ કે આ રીતે કરવામાં ઝકાત

www.barkatekhwaja.net

અદા નથી થતી અને **જેટલા લોકોએ ઝકાત ફંડમાં ઝકાતના રૂપિયા જમા કર્યા છે તેમની ઝકાત તેમના માથે ફર્ઝ છે અને મોડુ થવાના લીધે ગુનોહ પણ લાઝિમ આવે છે.** અને જેવું કે અગાઉ વર્ણન થઈ ચૂક્યું કે ઝકાતની અદાયગીના માટે મુસલમાન ફકીર (ગરીબ)ને માલિક બનાવવો જરૂરી છે, અને અહીં કોઈ મુસલમાન ઝકાતની રકમ અથવા એના વડે લીધેલ ફલેટનો માલિક નથી બનાવવામાં આવતો, ન તે માલિક બને છે બલ્કે એના માટે ફલેટમાં રહેવાની ઈજાઝત છે, અને આ તમ્લીક (માલિક બનાવવું) નથી. **આ ઝકાતની રકમનો ઘણો જ અયોગ્ય ઉપયોગ છે.** ઝકાત ફંડની વ્યવસ્થા કરનારાઓ પર અનિવાર્ય બને છે કે તાત્કાલિક એનાથી રોકાય જાય, અને જે લોકોની ઝકાત અત્યાર સુધી બેકાર થઈ છે તેમના તરફથી ઝકાત અદા કરવાની સ્થિતિ અમલમાં લાવે એટલે કે પોતાની પાસેથી તેમનાથી ઈજાઝત લઈને ઝકાત અદા કરે, અથવા તેમને એટલી રકમ પાછી આપે જેથી તેઓ ઝકાત અદા કરે અથવા તેમને એટલી રકમ પરત કરી આપે જેથી તેઓ અદા કરે. આ હુકમ એક સ્થિતિનો છે. વધુ વિગત નં. ૧૦માં આવી રહી છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૧૦ :** લિલ્લાહ રકમ વડે ખરીદેલી જમીન દસ વરસ પહેલાં ઝકાત ફંડમાંથી મકાનો બનાવીને ઝકાતના હક્કદારોને આપવામાં આવ્યાં છે. અને તેમની પાસેથી જમીનના ભાડા પેટે માસિક સો રૂપિયા વસૂલ કરવામાં આવે છે. આજ સુધી એ મકાનોમાં રહેનારાઓને મકાન વેચવા અથવા કોઈ અન્યને આપવાનો હક્ક નથી આપવામાં આવ્યો.

તો પૂછવાની વાત એ છે કે દસ વરસ પહેલાં એ કામના માટે વસૂલ કરવામાં આવેલી ઝકાત અદા થઈ કે નહીં ? જો અદા ન થઈ તો તેને અદા કરવાનો શો તરીકો છે ? શું હીલો છે ? વિગતવાર બયાન કરો.

**જવાબ નં. ૧૦ :** એ **ઝકાત અદા ન થઈ** અને અદા કરવામાં દસ વરસ મોડુ કરવું નાજાઈઝ છે, તેનો ગુનોહ તથા વબાલ પણ માથે આવી. અને જો ઝકાત આપવાવાળાએ પોતાના રૂપિયા વડે બાંધકામની ઈજાઝત ન આપી હોય તો તેની અમાનતમાં ખયાનતનો ગુનોહ પણ લાઝિમ થયો. અને આ સ્થિતિમાં ઝકાતની અદાયગીનો તરીકો એ જ છે જે નંબર–૯માં વર્ણન થયો. અને જો ઝકાત આપવાવાળાએ ફકીરો તથા મિસ્કીનોની તમ્લીક (માલિક બનાવવા)ના માટે ફલેટના બાંધકામની ઈજાઝત આપી હતી, પણ વ્યવસ્થાપકોએ તમ્લીકના (માલિક બનાવવા)ના માટે નહીં બલ્કે ઈજારા પર આપવા બનાવ્યાં તો એ પણ ગુનોહ છે, અને એનો હુકમ એ જ છે જે વર્ણન થયો. અને જો ઝકાત આપનારાઓએ વ્યવસ્થાપકોને સંપૂર્ણપણે ઈજાઝત આપી દીધી હતી કે તેઓ પોતાની સાચી સમજના પ્રમાણે કામ કરે, તો અદાયગીમાં મોડુ કરવાના કારણે બંનેવ ગુનેહગાર થયા. અને આ સંજોગોમાં ઝકાતની અદાયગીનો આસાન તરીકો એ છે કે ફકીરને ફલેટનો માલિક બનાવી દે તો ફલેટની વ્યાજબી કિંમતની માત્રા (જેટલી) ઝકાત અદા થઈ જશે. પછી ભવિષ્યમાં કદીપણ આવુ પગલુ ન ભરે. તેમજ વાજિબ છે કે **જે લોકો પણ આ ગુનાહમાં સપડાયા હોય સૌ એલાનિયા તૌબા કરે** અને એ રીતનાં કોઈ પગલાં ભરતાં પહેલાં શરીઅતનો હુકમ માલૂમ કરી લે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**:: લખનાર ::**

**(મુફ્તી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**

*(ખાદિમુલ ઈફતા : દારુલ ઉલૂમ અશરફિયા–મુબારકપુર, ર૭–શવાલુલ મુકર્રમ હિ.સ. ૧૪૩૧, તા. ૭–૧૦–ર૦૧૦)*

ઈસ્લામના મુજદ્દિદો
વિશે વર્ણન

**પ્રથમ સદીના મુજદ્દિદ**

# હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ

**(હિ.સ. ૬૧ થી ૧૦૧)**

(કાર્યાલય)

## ★ જુલ્મ તથા અત્યાચારનો ખાત્મો ★

અદ્‌લો ઈન્સાફ ઈસ્લામી સલ્તનતની રૂહ છે જે દરેક નાના મોટા, અમીર ગરીબ અને બાદશાહ તથા ગુલામને ખુદા તઆલાના હુકમોની પાબંદ બનાવે છે. પરંતું સર્વ સત્તાધીશ ઉમ્વી રાજકર્તાઓને ત્યાં મુદ્દલે તેની કોઈ હેસિયત ન હતી, જેના કારણે પ્રજા હમેશાં તેમના જુલ્મો સિતમનું નિશાન બનતી રહેતી. હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہએ સર્વ જુલ્મોનો ખાત્મો કરીને પોતાના દૌરને અદ્‌લો ઈન્સાફથી ભરી આપ્યો. જેમ કે આપ અમલદારોના નામે જે પણ પયગામ લખતા તેમાં અદ્‌લો ઈન્સાફ સ્થાપિત કરવા અને જુલ્મો સિતમથી દૂર રહેવાની હિદાયત જરૂર કરતા. એ જમાનામાં જુલ્મનો એક રિવાજ એ પણ હતો કે કેવળ આરોપીને કેવળ શંકાના આધારે સજા આપવામાં આવતી હતી. આપે એને કતઈ તૌર પર મના કરી આપ્યું જેના પર મૌસુલના વાલી ગસ્સાનીએ આપને આ ગુઝારિશ કરી :

"અહીં ચોરી અને સુરંગ ખોદવાના બનાવો ખૂબ જ અધિક પ્રમાણમાં થાય છે. જો લોકોને શંકાના આધારે પકડવામાં ન આવે અને સજા ન આપવામાં આવે તો આ બનાવો બંધ નથી થઈ શકતા."

આપે એના જવાબમાં આ પ્રમાણે જવાબ આપ્યો : "કેવળ શરઈ સબૂત પર જ પૂછતાછ કરો, જો હક્ક તથા અદ્‌લએ તેમની સુધારણા ન કરી તો ખુદા તેમની સુધારણા કદી નહીં કરે."

*(તારીખુલ ખુલફા, પેજ-૧૯૦)*

અમુક અમલદારોની આદત એ હતી કે કેટલીક ચીજોનો ભાવ ઘટાડીને ઓછી કિંમતે ખરીદી લેતા હતા, પછી ભાવ ઊંચો થવા પર મોંઘા ભાવે વેચતા હતા. આપે એના પર પણ પાબંદી લાગુ કરી દીધી. એની સાથે જ આપે જુલ્મ તથા અત્યાચારની જડોને કાપવાના માટે તે સર્વ અમલદારોને બરતરફ કરી દીધા જેઓ સખત જાલિમ ખુદાથી ન ડરનારા નિર્દયી હતા. આપના આ અમલથી જુલ્મો સિતમનો ખાત્મો થઈ ગયો અને અદ્‌લો ઈન્સાફની ખુશગવાર હવાઓ પૂર્વ તથા પશ્ચિમમાં ચોતરફ ફેલાઈ ગઈ.

## ★ ઝિમ્મીઓના હક્કોની સાચવણી ★

ઈસ્લામી હુકૂમતમાં ગૈર મુસ્લિમ પ્રજા (ઝિમ્મી)ને પાયાની માનવસહજ જરૂરતોમાં મુસલમાન જેવા હક્કો આપવામાં આવ્યા છે. ઘણે અંશે સુધી તેમને ધાર્મિક તથા સામાજિક આઝાદી પ્રાપ્ત થાય છે. ખિલાફતે રાશિદાના જમાનામાં એના પર સંપૂર્ણ અમલ થતો હતો, પરંતુ અમીરો તથા સુલ્તાનો પોતાના લાભ ખાતર એ હક્કોના પાલનમાં ઉણપ વર્તવા લાગ્યા હતા. હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝ رحمۃ اللہ علیہએ એ ઝિમ્મીઓને ફરી એ જ સ્થાન અર્પણ કરી આપ્યું જે તેમને પહેલાં હાંસલ હતું. આના બારામાં આપે નીચે મુજબ ક્રાંતિકારી સુધારણાઓ કરી જેના થકી તેમના જાન તથા માલ મહેફૂઝ થઈ ગયા :

**(૧)** હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہએ પોતાની હુકૂમતના જમાનામાં ઝિમ્મીઓનું ખૂન મુસલમાનોના ખૂનના સમાન ઠરાવ્યું હતું. એટલા માટે કોઈ

www.barkatekhwaja.net

મુસલમાનને તેમના જાન માલ પર હાથ લંબાવવાની હિંમત થતી ન હતી. પરંતુ બાદના જમાનામાં આ બરાબરી કાયમ ન રહી શકી. આપે દૌરે ફારૂક઼ીનો ક઼ાનૂન લાગુ પાડીને ફરીથી ઝિમ્મીઓના હક્ક઼ો યથાવત કરી આપ્યા.

**(૨)** ઈસ્લામી હુકૂમતમાં ઝિમ્મીઓના જાનની જેમ તેમના માલની હિફાઝત પણ હુકૂમતના ઝિમ્મે હોય છે. આપ આ મામલામાં પણ સંપૂર્ણપણે તેમના હક્ક઼ોનો લેહાઝ રાખતા હતા.

**(૩)** ઈસ્લામે ગૈર મુસ્લિમોને ધાર્મિક બાબતોમાં સંપૂર્ણ આઝાદી આપી છે. તેમને પોતાના ધર્મ પ્રમાણે ઈબાદતખાના બાંધવા અને ઈબાદત કરવાનો હક્ક઼ આપ્યો છે જેને પાછલા ખલીફાઓએ છિનવી લીધો હતો, આપે તેને ફરીથી યથાવત કરી આપ્યો. તેમની તે ઈબાદતગાહો (પ્રાર્થનાલયો) જેમને મુસલમાનોએ પોતાની જાગીર બનાવી લીધી હતી તે તેઓને સુપ્રત કરી આપી. *(દીની દઅવત, પેજ–૧૦૩, સંપાદકો : મુહમ્મદ ઝફરૂદ્દીન બરકાતી, મુહમ્મદ જાવેદ મિસ્બાહી....વગેરે ફઝીલતના તલબા : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

## ★ બિદઅતો તથા મના બાબતોનો ખાત્મો ★

હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝ رحمۃ اللہ علیہનો હેતુ હક઼ીક઼ી દીનની તબ્લીગ તથા પ્રચાર અને ઈસ્લામી શરીઅતને તેની મૂળ હાલત પર પરત લાવવાનો હતો. એટલા માટે આપે સંસ્કૃતિ, સભ્યતા, સામાજિક તથા રાજકીય બાબતોમાં સુધારણા બાદ એ ગૈર ઈસ્લામી અમલો તથા કાર્યોને મિટાવ્યાં જે શરીઅતની વિરુદ્ધ અને ઈસ્લામી ફાયદાઓથી વિરુદ્ધ હતા. ધાર્મિક બાબતોથી જે સુસ્તી તથા ગફલત પેદા થઈ ચૂકી હતી તેને દૂર કરીને ફરીથી દરેક મુસલમાનની પ્રકૃતિમાં દીનની મહોબ્બત અને શરઈ અમલોથી લગાવ પેદા કરી આપ્યો, અને એવી તમામ કોશિશો પર પાબંદી લગાડી આપી જેનાથી લોકોના અક઼ીદા તથા અમલોમાં ખરાબી પેદા થવાનો ખતરો હતો.

## ★ અક઼ીદાઓની સુધારણા ★

ઈમાન અમુક અક઼ીદાઓ તથા મઅમૂલાતના સમૂહનું નામ છે જેના પર ક઼ાયમ રહીને અને અમલ કરીને એક માણસ મુસલમાન થાય છે. જો અક઼ીદામાં ખરાબી આવી જાય તો તે ઈસ્લામ ધર્મથી બહાર થઈ જાય છે. એટલા માટે હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝ رحمۃ اللہ علیہએ અક઼ીદાઓના બારામાં લોકોને સહીહ ઈસ્લામી તરીક઼ા પર ક઼ાયમ રહેવાની સૂચના આપી અને તે સર્વ ઝરીયાઓથી રોકી દીધા જેના થકી તેમના ઈમાનમાં ખરાબીનો ખતરો હતો. એ દૌરમાં મઅબદ જહમી અને ગીલાન દમિશ્ક઼ીએ લોકો સમક્ષ ક઼ઝા તથા ક઼દરનો ગુંચવણભર્યો અને ગંભીર મસ્અલો છેડી આપ્યો જેના કારણે લોકોનું સિદ્ધહસ્ત અક઼ીદાઓથી ફરી જવાનો ખૌફ પેદા થઈ ગયો હતો. આપે બંનેવને બોલાવીને તૌબા કરાવી અને ઉલમા તથા મુહદ્દિષોના નામે પૈગામ લખી મોકલ્યો : "આપ લોકો તક઼દીરના મસ્અલામાં એ ખયાલને ન સ્વીકારશો જે મઅબદ અને તેના અનુયાયીઓ અપનાવેલ છે." *(દીની દઅવત, પેજ–૧૦૫)*

## ★ નમાઝની પાબંદી સંબંધે સુધારણા ★

અક઼ીદા પછી અમલોમાં સૌથી મહત્વની ચીજ નમાઝ છે. ઉમવી ખલીફાઓ સમયસર નમાઝની અદાયગીમાં સુસ્તી વર્તતા હતા જેના કારણે લોકોમાં પણ સુસ્તી પેદા થઈ ચૂકી હતી. આપે એના પ્રતિ લોકોનું ધ્યાન દોર્યું અને અમલદારોના નામે ફર્માન જારી કરીને નમાઝના સમયોની પાબંદીનો હુકમ આપ્યો.

## ★ ઝકાતની વસૂલીના વિશે ફર્માન ★

નમાઝ બાદ ઈસ્લામી શરીઅતમાં ઝકાતનો મહાન દરજો હાંસલ છે. પાછલા ખલીફા ઝકાતની વસૂલી તથા ખર્ચ કરવામાં નિયમ વિરુદ્ધ વર્તવા કરવા લાગ્યા હતા. આપે તે સર્વ નિયમ વિરુદ્ધતાનો દરવાજો બંધ કરીને આ પ્રમાણે આમ ફર્માન જારી કરી આપ્યું : "ઝકાતના બારામાં તમો હજ્જાજની રવિશથી દૂર થઈ જાવ, તે એને અસ્થાનેથી લેતો અને અસ્થાને ખર્ચ કરતો હતો."

## ★ હઝરત અલી رضی اللہ عنہને ભલુ બુરુ કહેવા પર રોક લગાડી ★

બિદઅતો તથા મના બાબતોના ખાત્માના બારામાં હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہનું સૌથી મહાન કારનામુ હઝરત અલી رضی اللہ عنہ પર લઅન તઅન પર રોક લગાડવું છે, જેનાથી યક઼ીની તૌર પર ઈસ્લામી રૂહ પ્રભાવિત થઈ રહી હતી.

ઉમવી ખલીફાઓ અને તેમના અમલદારો ખુત્બામાં હઝરત અલી رضی اللہ عنہ પર લઅન તઅન કરતા હતા અને તેને ખુત્બાનો હિસ્સો બનાવી લીધો હતો. હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝે તેને એકદમ મૌકૂફ કરી આપ્યો અને પોતાને આધિન સર્વ દેશોમાં આ પયગામ લખી મોકલ્યો : "ખુત્બાઓમાંથી હઝરત અલી બિન અબૂ તાલિબ પર લઅન તઅન દૂર કરવામાં આવે અને એના પર તાત્કાલિક અમલ કરવામાં આવે અને તેની જગાએ કુર્આનની આ આયત પઢવામાં આવે :

اِنَّ اللّٰهَ یَاْمُرُ بِالْعَدْلِ وَ الْاِحْسَانِ وَ اِیْتَآئِ ذِی الْقُرْبٰی وَ یَنْهٰی عَنِ الْفَحْشَآءِ وَ الْمُنْكَرِ وَ الْبَغْیِۚ یَعِظُكُمْ لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ۝۹۰

(બેશક ! અલ્લાહ હુકમ આપે છે ઈન્સાફ તથા નેકી અને સગાંઓને આપવાનો, અને મના કરે છે બેહયાઈ તથા બુરી વાત અને નાફર્માનીથી તમને નસીહત કરે છે કે તમે ધ્યાન કરો. *–સૂ. નહ્‌લ, આ. ૯૦, કન્ઝુલ ઈમાન) –તારીખુલ ખુલફા, પેજ–૧૯૫*

## ★ દારૂ પીવા પર પાબંદી ★

શરાબ પીવાને મુત્લક઼ન હરામ ઠરાવવામાં આવેલ છે. ખુલફાએ રાશિદીનના જમાના સુધી લોકો એના પર સંપૂર્ણપણે પાબંદી કરતા હતા, પરંતુ પછીના જમાનામાં અમુક લોકો પોતાની એશપસંદ તબીઅતથી મજબૂર થઈને એમાં સપડાઈ ચૂક્યા હતા, જેના કારણે ઘણી બધી નિત નવી બુરાઈઓ અને બિભત્સતા સામે આવવા લાગી હતી. આપે ફરીથી એના પર પાબંદી લાગુ કરી અને લોકોને આદેશ આપ્યો : "લોકો શરાબ પીને નશાની હાલતમાં ખૂબ જ બુરાં કામો કરે છે અને મોટાભાગના લોકો એવું પણ કહે છે કે શરાબ પીવામાં કોઈ વાંધો નથી, પરંતુ જે ચીજ આ પ્રકારનાં કામ કરાવે છે તેના ઉપયોગમાં સખત નુકસાન છે. જેથી જો હવે પછી કોઈએ શરાબ પીધો તો તેને સખત સજા આપવામાં આવશે." *(તારીખે ઈબ્ને કષીર, પેજ–૨૭૮, દારાબી હયાન, હિ.સ. ૧૪૧૬, ઈ.સ. ૧૯૯૬)*

## ★ ઈસ્લામનો પ્રચાર તથા પ્રસાર ★

ઈસ્લામી સત્તાનો વિસ્તાર પૂરી દુનિયામાં ફેલાય જાય પરંતુ ખુદાની વહદાનિયત (એક ખુદાનું હોવા)નો ચર્ચો ન થાય તો ઈસ્લામનો મક઼સદ હાંસલ જ થતો નથી. એટલા માટે આપે સત્તા વિસ્તારને વધારવાને બદલે ઈસ્લામના પ્રચાર તથા પ્રસારને પોતાનો મુખ્ય ધ્યેય બનાવ્યો અને આપે પૂરી ભૌતિક તથા અખ્લાક઼ી શક્તિ ઈસ્લામના પ્રચારમાં ખર્ચી કાઢી.

www.barkatekhwaja.net

સર્વ બાદશાહોને ઈસ્લામની દા'વત મોકલી અને તેમને ઈસ્લામ સ્વીકારવા માટે તૈયાર કર્યા જેની અસરથી પૂર્વ તથા પશ્ચિમના ઘણા બધા બાદશાહો તથા રાજાઓએ ઈસ્લામ કબૂલ કરી લીધો.

તે ઉપરાંત ચીન તથા તિબેટના ઈલાકામાં સામાન્ય રીતે તબ્લીગના માટે વિવિધ પ્રતિનિધિમંડળો મોકલ્યાં અને તે ખાલી ઈલાકાઓમાં જ્યાં આજ સુધી ઈસ્લામની રોશની પહોંચી ન હતી ત્યાં પણ કલ્માએ તૌહીદની બોલબાલા થઈ ગઈ.

હજ્જાજ બિન યૂસુફના જમાનામાં નવ મુસ્લિમોથી જિઝયો લેવામાં આવતો હતો પરંતુ તેને આપે બંધ કરી દીધો, એની અસરથી પુષ્કળ સંખ્યામાં ઝિમ્મીઓએ ઈસ્લામ સ્વીકારી લીધો. જિઝયો હુકૂમતની આવક માટે મહત્વનો હતો એટલા માટે ઝિમ્મીઓના મુસલમાન થવાના કારણે એ આવક દિન પ્રતિ દિન ઘટતી જઈ રહી હતી. સલ્તનતના કર્તાહર્તાઓએ આપનું ધ્યાન એના તરફ દોર્યું, પણ આપે કોઈ માલી નફાની પરવા કર્યા વિના આ પ્રમાણે આદેશ આપ્યો :

"આ જ તો હુઝૂર ﷺના આગમનનો હેતુ છે. મને ઘણી ખુશી થશે કે તમામ ઝિમ્મી મુસલમાન થઈ જાય અને હું તથા તમે હળ ચલાવીને આપણુ પેટ પાલવીએ." *(દીની દઅવત, પેજ–૧૦૪)*

### ★ હદીષનું સંપાદન ★

દીનના હુકમોનો સમૂહ જેના પર દીનની સલામતી અવલંબિત છે તે કુર્આન કરીમના પછી હદીષોને ઝખીરો છે. હજી સુધી તેના સંપાદન પાછળ કોઈ નોંધપાત્ર કારનામુ અંજામ પામી શક્યુ ન હતું. એ કેવળ દર્સો તદરીસ તથા મૌખિક સાંભળવા પર મૌકૂફ હતું. સૌ પ્રથમ આપે તેને લેખિત સ્વરૂપે ઉતારવાની વ્યવસ્થા કરી અને તેના માટે આપે જલીલુલ કદર આલિમ કાઝી અબૂબકર બિન હઝમને આ પ્રમાણે હુકમ આપ્યો :

"રસૂલે પાક ﷺની હદીષો તલાશ કરો અને તેમને લખી લો, કેમ કે ઉલમાએ કિરામના ક્રમે ક્રમે ઉઠી જવાના કારણે હદીષોના નષ્ટ થઈ જવાનો ડર છે."

તદ્ઉપરાંત અન્ય અગ્રગણ્ય મુહદ્દિષોને પણ એના માટે પ્રોત્સાહિત કર્યા જેના પછી બાકાયદા હદીષોની વિવિધ કિતાબો લખવામાં આવી અને એ રીતે દીનનો પાયો વેડફવાથી મહેફૂઝ થઈ ગયો.

*(દીની દઅવત, પેજ–૧૦૪)*

### ★ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ વિશે ખબરો તથા કથનો ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہએ વર્ણન કર્યું કે, આલે ઉમર ફારૂકમાંથી એક શખ્સ પેદા થશે જે ઉમર ફારૂક رضی اللہ عنہ જેવી જિંદગી ગુજારશે અને તેના ચહેરા પર ઝખ્મનું નિશાન હશે અને તે દુનિયાને અદ્લથી ભરી દેશે. *(તારીખે ઈબ્ને કષીર, અબુલ ફિદા અલ્હાફિઝ અમાદુદ્દીન ઈસ્માઈલ, ૯/૨૫૧)*

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ વર્ણવે છે કે, મેં ખ્વાબમાં હુઝૂર ﷺને જોયા. આપે ફર્માવ્યું, હે ઉમર બિન અબ્દુલ અઝીઝ ! મારી નજીક આવો ! હું આપની એટલો નજીક પહોંચી ગયો કે મને અંદેશો થવા લાગ્યો કે ક્યાંક હું આપની ઉપર સુધી ન પહોંચી જઉં. ત્યારબાદ આપે મને સંબોધીને ફર્માવ્યું : "ઉમર બિન અબ્દુલઅઝીઝ ! આ બંનેની જેમ અમલ કરો !" અને અચાનક બે શયખ આપના બંને પાસાંઓ તરફ જોવા મળ્યા. મેં આપને પૂછયું કે આ બંને બુઝુર્ગ કોણ છે ? આપે ફર્માવ્યું, આ અબૂબક્ર તથા ઉમર ફારૂક رضی اللہ عنہما છે. *(તારીખે ઈબ્ને કષીર, અબુલ ફિદા અલ્હાફિઝ અમાદુદ્દીન ઈસ્માઈલ, ૯/૨૫૫)*

www.barkatekhwaja.net

ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہએ અબ્દુર્રઝ્ઝાક્ના હવાલાથી વહબ બિન ઉમૈયાનો ક઼ૌલ નક઼લ કર્યો છે : "જો કોઈ મેહદી છે તો તે ઉમર બિન અબ્દુલઅઝીઝ છે." *(તારીખે ઈબ્ને કષીર, અબુલ ફિદા અલ્હાફિઝ અમાદુદ્દીન ઈસ્માઈલ, ૯/૨૫૬)*

ઈમામ સુફયાન ષૌરી رحمۃ اللہ علیہ ફર્માવે છે, "ખલીફા પાંચ છે : અબૂબક્ર સિદ્દીક઼, ઉમર ફારૂક઼, ઉષ્માન ઝુન્નૂરૈન, અલી મુર્તઝા અને ઉમર બિન અબ્દુલઅઝીઝ." (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

બહુમતી ઉલમાએ ઈસ્લામની એના પર એકમતિ છે કે આપ رحمۃ اللہ علیہ અદ્‌લના ઈમામો ખુલફાએ રાશિદીન અને મુહદ્દિષ ઈમામોમાંથી એક હતા. *(તારીખે ઈબ્ને કષીર, અબુલ ફિદા અલ્હાફિઝ અમાદુદ્દીન ઈસ્માઈલ, ૯/૨૬૬)*

ઈમામ અબૂ દાઊદે પોતાની સુનનમાં આ હદીષ નક઼લ કરી છે કે રસૂલે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "અલ્લાહ તઆલા આ ઉમ્મત પર દરેક સો વરસ પછી એક એવા શખ્સને મોકલશે જે દીની બાબતોની તજદીદ (જીવંત) કરશે."

જેમ કે ઈલ્મવાળાઓની એક જમાઅત જેમાં ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ પણ સામેલ છે, તેમનું કહેવું છે કે, "ઉમર બિન અબ્દુલઅઝીઝ رحمۃ اللہ علیہ પહેલી સદીના ખાત્મા પર એવા શખ્સ છે જે દીનની ઈક઼ામત (ક઼ાયમ કરવા, સલામત રાખવા), શરીઅતને ક઼ાયમ કરવા અને હક્ક઼ લાગુ કરવાના એતબારથી ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہના જેમ છે, અને દરેક એતબારથી આ મન્સબ (સ્થાન)ના પાત્ર છે. *(તારીખે ઈબ્ને કષીર, અબુલ ફિદા અલ્હાફિઝ અમાદુદ્દીન ઈસ્માઈલ, ૯/૨૬૯)*

*–તઝકેરએ મુજદ્દિદીન* ....(ક્રમશઃ)

## દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે જશ્ને દસ્તારે ફઝીલતો હિફ્ઝ

**આમોદ** : તા. ૨–૩–૨૦૨૩ જુમેરાતે સવારે દસ વાગ્યાથી એક વાગ્યા સુધી "જશ્ને દસ્તારે ફઝીલતો હિફ્ઝ" મનાવાયો. જેમાં દારુલ ઉલૂમમાં "મસ્જિદે રઝા"માં હાફિઝો કારી હઝરત સૈયદ આસિફ બરકાતી સાહબની સદારતમાં હઝરત સૈયદ હશ્મત અલી બાવા (જંબુસર) તથા મક઼ામી સાદાતે કિરામ તથા ઉલમાએ કિરામની હાજરીમાં "ખત્મે બુખારી શરીફ"નો પ્રોગ્રામ ૧૦ વાગે સદરુલ ઉલમા, ખૈરુલ અઝકિયા, હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી (નાઝિમે તા'લીમાત : જામિઆ અશ્રફિયા મુબારકપુર) થકી થયો. ત્યારબાદ દારુલ ઉલૂમના તલબા થકી નઅતે પાક તથા તરાના બરકાતે ખ્વાજા પઢાયેલ. છેવટમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી સાહબે ફારિગ થનારા તલબાને નસીહત આમેઝ બયાન "ઈખ્લાસે નિય્યત" પર બોધદાયક બયાન કર્યું હતું. છેવટમાં **સાત** આલિમ ફાઝિલો અને **૧૧** હાફિઝોની દસ્તારબંદી આ સાદાતે કિરામ, ઉલમાએ એઝામના નૂરાની હાથો વડે કરવામાં આવી હતી. અત્યાર સુધી કુલ ૧૧૪ હાફિઝો, ૨૯ ક઼ારીઓ અને ૨૮ આલિમ ફાઝિલો બહાર પડીને દીનો સુન્નિયતની ખિદમત કરી રહેલા છે.

## ઈસ્તિકબાલે માહે રમઝાન શરીફ

**દયાદરા** : ખાતે તા. ૧૨–૩–૨૦૨૩, ૧૯–શાબાન, હિ. ૧૪૪૪ રવિવારે સુન્ની દા'વતે ઈસ્લામીના સુન્ની ઈજતેમામાં "ઈસ્તિક઼બાલે રમઝાન શરીફ"નો પ્રોગ્રામ થયો જેમાં **હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી** *(સદર દારુલ કઝા વ દારુલ ઈફતા દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)* થકી સવાલો જવાબની મેહફિલ થઈ હતી જેમાં "ઝકાત" સંબંધી વિવિધ મસાઈલની છણાવટ કરી ઈલ્મે દીનની ખુશ્બુ ફેલાવી હતી. ઝકાત કોણ આપે, કોને આપે, કયા કયા માલની આપે તેમજ ગીરો તથા કરજ માલ વિશે વિગેરે અનેક પ્રશ્નોના સરળ ભાષામાં સંતોષકારક જવાબો આપી હાજરજનોને ફયઝયાબ કર્યા હતા. એ જ પ્રમાણે **જંબુસર** ખાતે તા. ૧૩–૩–૨૦૨૩ સોમવારે ઈશા બાદ "નૂરી તર્બિયતી સેન્ટર" પર એ જ પ્રમાણે મેહફિલ રચાઈ હતી.

## ★ ધનિયાવી (તા.વડોદરા) ગામે સુન્ની મસ્જિદ બાંધકામ માટે મદદ કરશો ★

**ધનિયાવી** : (તા.જિ. વડોદરા) ખાતે "મદીના મસ્જિદ મદ્રસાએ ફૈઝાને આ'લા હઝરત"નું બાંધકામ કરવાનું છે. જેના માટે દિલ ખોલીને લિલ્લાહ, ઝકાત, સદકા વગેરે આપીને ભરપુર મદદ કરશો એવી દર્દભરી અપીલ છે. સંપર્ક નંબર : Mo. 81287 90793, 94274 64411 *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ઈન્તેકાલ પુરમલાલ (ખિરાજે અકીદત)

*આગાહ અપની મૌત સે કોઈ બશર નહીં – સામાન સો બરસ કા હૈ પલ કી ખબર નહીં*

**અમદાવાદ** : પીરે તરીકત, સૂફીએ ગુજરાત, પીરઝાદા સૈયદ સફીયુલ્લાહ બાવા દરિયાઈ અશરફી સાહબના અહલિયા સૈયદા પીરાની અમ્મા હજીયાણી હાજરા બીબી સાહેબા તારીખ ૦૮/૦૩/૨૦૨૩ બુધવારના રોજ ૪૮ વર્ષની વયે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. اِنَّا لِلّٰہِ وَاِنَّآ اِلَیْہِ رٰجِعُوْنَ મર્હૂમા નમાઝ, રોઝા, તિલાવત તેમજ મુબારક દિવસોમાં વિવિધ ઈબાદતમાં મશગૂલ રહી સૌ માટે દિલી દુઆ કરતા હતા. પરહેઝગાર, નમ્ર, નેક દિલ, મિલનસાર સ્વભાવનાં હતા. અલ્લાહ તઆલા મર્હૂમાનો ફૈઝ કુટુંબીજનો, રિશ્તેદારો પર હર હમેશાં રાખે તેવી દુઆ.

મર્હૂમાના દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ દરગાહ પરિસરમાં બિરપુર ખાતેના કબ્રસ્તાનમાં મદફૂન કરવામાં આવેલ. મર્હૂમાના જનાઝાની નમાઝમાં તથા ઝિયારતગાહ પ્રસંગે સૈયદ સફીયુલ્લાહ બાવા સાહબના રિશ્તેદારો, મુરીદો, અકીદતમંદો, ચાહકો વિશાળ સંખ્યામાં સૈલાબની માફક ઉમટી પડયા હતા તથા હાજરી આપી હતી.

મર્હૂમા માટે સર્વએ મગફેરતની દુઆ માગેલ તેમજ અલ્લાહ પાક મર્હૂમાની મગફેરત ફર્માવી જન્નતુલ ફિરદૌસમાં બુલંદ મુકામ અતા ફર્માવી સર્વ કુટુંબીજનો, રિશ્તેદારો તથા બાપુને સબ્રે જમીલ અતા ફર્માવે તેવી દુઆ કરેલ હતી.

*(રજૂ : હબીબ એ. તરકવાડિયા–જસદણ)*

- **વોરાસમની** : ખાતે મુહમ્મદ અલી બળીયા (હાફિઝ ઉષ્માન સરનારવીના સસરા)નો તા. ૨૮/૦૨/૨૦૨૩ મંગળવારે ૮૩ વર્ષની વયે તેમજ મુબારકભાઈ અહમદ ધીરીવાલા (મૌલાના ઈકબાલ મિસ્બાહીના સાળા) તા. ૭–૨–૨૦૨૩, ૧૫–રજબ હિ. ૧૪૪૪ મંગળવારના રોજ લગભગ ૬૫ વરસની વયે ઈન્તેકાલ કરી ગયા.
- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે સુલેમાનભાઈ ઈસ્માઈલ મશીનવાલા તા. ૧૬/૦૨/૨૦૨૩ જુમેરાતના રોજ તેમજ જુબેદાબેન અહમદ કોળા તા. ૬/૦૩/૨૦૨૩ સોમવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **રિયુનિયન** : ખાતે હજીયાણી જુબેદાબેન ગુલામ મજે તા. ૧૯/૨/૨૦૨૩ રવિવારના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે.
- **ભરૂચ** : ખાતે જનાબ મુશતાકહુસૈન વી. સૈયદ એડવોકેટના વાલિદ સાહબ જનાબ સૈયદ વજીરહુસૈન તા. ૨૫/૦૨/૨૦૨૩ શનિવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **જેતપુર** : ખાતે ડૉ. મુન્શી મુહમ્મદમિયાં સત્તારમિયાં નૂરી તા. ૧૫/૧૦/૨૦૨૨ શનિવારના રોજ ખુદાની રહમતમાં પહોંચી ગયેલ છે. તેઓ મુફતીએ આ'ઝમ હિંદ ના મુરીદ હતા. ખિદમતે ખલ્કનો જઝબો બહુ જ ધરાવતા હતા. દીની શાયરી પણ લખતા હતા. "મો'મિન" તેમનો તખલ્લુસ હતો.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺ ના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*



www.barkatekhwaja.net